ચંદ્રમણિ પ્રકાશન

કિંમત ₹ ૨૦

# મમતા

વર્ષ: ૧, અંક: ૮, ૨૦૧૨

વાર્તામાસિક

**લેખિકા વિશેષાંક**

આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક


વિનોદિની નીલકંઠ
સેજલ શાહ
પૂજા તત્સત્
જયશ્રી કૃષ્ણદેવ પાઠક
નીલમ દોશી
પન્ના ત્રિવેદી
આશા વીરેન્દ્ર
કલ્પના જિતેન્દ્ર
અદિતિ સોની
દેવાંગી ભટ્ટ
છાયા ત્રિવેદી
ગીતા ભોજક
દક્ષા બી સંઘવી
ઇસાબેલ આયેન્દે




# ઇસાબેલ આયેન્દે/રાગ વિશ્વરંજની

# કેફિયત




દક્ષિણ અમેરિકન સાહિત્યમાં જેનું આજે મહત્ત્વનું સ્થાન છે તે લેખિકા ઈસાબેલ આયેન્દે મૂળ ચિલીની છે પણ એનો સંબંધ ઘણાં દેશો સાથે છે. પિતા ચિલીના રાજદૂત હોવાથી જન્મ પેરૂમાં થયો. ચિલીના પ્રમુખ સાલ્વાડોર આયેન્દે (૧૯૭૦-૭૩)ની આ ભત્રીજીએ પત્રકારના વ્યવસાયથી કારકિર્દીની શરૂઆત કરી. ચિલીમાં વિદ્રોહ થયો અને ઓગસ્ટો પિનોશે સરમુખત્યાર બન્યો ત્યારે મોતની ધમકીઓ મળી અને વેનેઝુએલામાં શરણ લેવી પડી. અહીં તેર વર્ષ સુધી પત્રકાર તરીકે કામ કર્યું. ત્યાર બાદ કેલિફોર્નિયામાં સ્થાયી થયેલી આ લેખિકા ૨૦૦૩માં અમેરિકન નાગરિક બની. આજે એ ચિલીયન-અમેરિકન લેખિકા તરીકે ઓળખાય છે.

કવિ પાબ્લો નેરૂદાનો ઈન્ટરવ્યૂ લેતી હતી ત્યારે કવિએ કહેલું - તારામાં કલ્પના શક્તિ છે તો નવલકથાઓ કેમ નથી લખતી. આ અભિપ્રાયને એણે ગંભીરતાથી જરૂર લીધો પણ નવલકથા લખવાનું સાહસ કરી ન શકી. ઈસાબેલના દાદા ચિલીમાં મરણપથારીએ હતા પણ પોતે ત્યાં જઈ શકે તે અશક્ય હતું. એણે દાદાને પત્રો લખ્યા જેમાં વારસાગત ઘર, બાળપણના અનુભવો અને પારિવારિક સંબંધો વિશે લખ્યું. આ પત્રોમાં વર્ણવેલી વાતો નવલકથારૂપે ૧૯૮૨માં "હાઉસ ઓફ સ્પિરિટ્સ" નામથી પ્રકાશિત થઈ. આ પ્રથમ નવલકથાથી એટલી લોકપ્રિયતા મળી કે દક્ષિણ અમેરિકન સાહિત્યમાં ઈસાબેલ આયેન્દેનું આગમન થયું. ત્યાર બાદ ઘણાં પુસ્તકો લખાયાં પણ એ બધામાં 'પોલા' સૌથી જુદું પડે છે. લેખિકાની ૨૮ વર્ષની યુવાન દીકરી પોલા દવાની આડઅસરના લીધે છ મહિના સુધી કોમામાં રહી. બચાવવાના અનેક પ્રયત્નો છતાં, ૧૯૯૨માં એનું અવસાન થયું. ઈસાબેલે એક માતા તરફથી કોમામાં રહેલી પુત્રીને અનેક પત્રો લખ્યા જેમાં પોલાનાં ગર્ભધારણથી બાળપણ, ઉછેર અને યુવાની સુધીની એની જીવનકથાને વણી લીધી હતી. પોલાનાં અવસાન બાદ આ બધું એક નવલકથા રૂપે પ્રકાશિત થયું અને આજે "પોલા" સ્પેનિશ સાહિત્યની એક અદ્ભુત કૃતિ ગણાય છે.



લક્ષ્મી પ્રતુરી સાથે ઇસાબેલ આયેન્દે

ઈસાબેલ કમ્પ્યૂટર પર સીધું લખે છે અને સોમથી શુક્ર લેખન પ્રવૃત્તિ માટે આખો દિવસ ફાળવે છે. કોઈ પણ નવું પુસ્તક લખવાની શરૂઆત એ અચૂક ૮મી જાન્યુઆરી એ જ કરે છે. પ્રસિદ્ધિ અપાવનાર પ્રથમ નવલકથાનો આરંભ આ દિવસે થયો હોવાથી હવે આ એક વહેમ બની ગયો છે. એનાં લખાણમાં વ્યક્તિગત અનુભવો અને સ્ત્રી પાત્રોને પ્રાધાન્ય આપવામાં આવે છે. રહસ્ય, જાદુ, યોગાનુયોગ પર આધારિત ઘટનાઓ એક જુદું વાતાવરણ ઊભું કરે છે. અમુક વિવેચકો આને 'મેજિક રિયાલિઝમ' કહી માર્કવેઝના લખાણ સાથે સરખાવે છે. ઈસાબેલ કહે છે - માર્કવેઝ એટલો મહાન લેખક છે કે એની નકલ થઈ જ ન શકે. છતાં જો વિવેચકો મારી શૈલીની સરખામણી એની સાથે કરતા હોય તો મારા માટે એ ગર્વની વાત છે. એ માને છે કોઈ પુસ્તક લોકપ્રિય થાય એટલે એની સાહિત્યિક ગુણવત્તા ઘટતી નથી. જેઓ લોકપ્રિયતાને સસ્તુ સાહિત્ય ગણે છે તેઓ વાચકોનું અપમાન કરે છે.




ઈસાબેલે આપેલી અમુક મુલાકાતોમાં વ્યક્ત કરેલા વિચારો જોઈએ, મારી યાદો ભૂલાઈ ન જાય તે માટે હું લખું છું. લખવાની કોઈ પૂર્વ તૈયારી નથી હોતી પણ એક એવી સ્થિતિ ઉત્પન્ન થાય છે જ્યારે તમારું મન શબ્દોના ભાર નીચે ગૂંગળાવા લાગે છે. એનાથી છૂટવા લખવું પડે છે. મારી દૃષ્ટિએ કોઈ પણ નવલકથાનું પ્રથમ વાક્ય એક દ્વાર જેવું છે. એ ખૂલે છે ત્યારે વાર્તાની દિશા નક્કી થાય છે દક્ષિણ અમેરિકામાં સરકાર કે જાહેર વ્યવસ્થા કરતાં પરિવારનું વધારે મહત્ત્વ છે. તકલીફના સમયમાં એની મદદ મળે છે. મારાં લખાણોમાં પરિવારની અહમ્ ભૂમિકા છે. દક્ષિણ અમેરિકન સાહિત્યનાં લગભગ બધા જ લેખકોએ પત્રકાર તરીકે કરિયરની શરૂઆત કરી હતી, દરેક લેખક આત્મકથા નથી લખી શકતો કારણ કે એ લખવા માટે હિંમત જોઈએ. મારી કોઈ નવલકથાને હું મારી પ્રિય નથી ગણતી કારણ કે આ કોઈ ઉત્પાદન નથી જેની સરખામણી થઇ શકે. "પોલા"ને જરૂર સૌથી મહત્ત્વની માનું છું. 'પોલા'ની કમાણીમાંથી મેં એક ટ્રસ્ટ ખોલ્યું છે જે પીડિત સ્ત્રીઓ અને બાળકોની મદદ કરે છે.

આ લેખિકાની બીજી જાણીતી નવલકથાઓ અને વાર્તાસંગ્રહોના નામ છે - ઈવા લૂના, ઓફ લવ એન્ડ શેડોઝ, ડોટર ઓફ ફોરચ્યૂન, એફ્રોડિટી. એનાં લખાણોમાં વ્યક્ત કરાયેલા અમુક વિચારો જોઈએ તો એના લેખનના સ્તરનો એક અંદાજ આવે છે. થોડાં અવતરણો -

- લેખન પ્રવૃત્તિ સ્લો મેડિટેશન છે.
- સ્વપ્નો મારી રાહ જુએ છે. મારી બે જિંદગીઓ છે - એક જાગૃત અને બીજી નિદ્રાધીન.
- પરિવારના પુરુષોની આવન-જાવનમાં સ્ત્રી જૂના વૃક્ષની જેમ અડગ ઊભી રહે છે.
- બેવફાઈ પણ લગ્ન જેટલી જ જૂની વ્યવસ્થા છે.
- સમય નહીં આપણે પસાર થઈ જઈએ છીએ.
- જન્મ પહેલાંની શરૂઆત અને મૃત્યુ પછીની શૂન્યતા. જીવન આ બે શૂન્યતાઓ વચ્ચેના ઘોંઘાટથી વિશેષ કંઈ જ નથી.
- મકાનને ઘર બનાવવા માટે એમાં જન્મ અથવા મૃત્યુ જરૂરી છે.
- મારી નવલકથાઓ મગજમાં નહીં મારા ગર્ભમાંથી જન્મી છે.
- વાસ્તવિકતા અવિશ્વસનીય હોઈ શકે છે પણ વાર્તામાં વિશ્વસનીયતા જરૂરી છે.

આજના સ્પેનિશ સાહિત્યમાં ઈસાબેલ આયેન્દેનું જે સ્થાન છે તે જોતાં લાગે છે કે ભવિષ્યમાં સાહિત્યનાં નોબેલ પારિતોષિકની એ એક પ્રબળ દાવેદાર છે. **મ**


***વિવિધ સ્રોતમાંથી સંકલન અને ગુજરાતી રજૂઆત***

***બકુલ બક્ષી***

***મો ૯૮૨૫૫ ૦૩૮૭૮***

***bakulbakshi@hotmail.com***

ચંદ્રમણિ પ્રકાશન

# મમતા

વાર્તામાસિક

## આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક

સંપાદક મધુ રાય

તંત્રી, મુદ્રક, પ્રકાશક એ. વી. ઠાકર

દાયકાઓ પહેલાં ગુજરાતી સાહિત્યના મહાનાયક સુરેશ જોષી 'ક્ષિતિજ' સામયિક ચલાવતા હતા. તેમાં એમણે તે સમયના મહાઉત્પાતક 'રે મઠ'નો એક વિશેષાંક બનાવવા વિચારેલું. પરંતુ પછીથી તે માટે આવેલાં લખાણો 'અણસરખી કક્ષાનાં' લાગતાં સુરેશભાઈએ તે બધું 'રે મઠ'ને પાછું મોકલી આપેલું. એથી મઠના યુવાન સર્જકોની તપ્ત શિરાઓ ભડકી ઊઠેલી અને તેમણે સુરેશ જોષીનો 'બહિષ્કાર' કરેલો. અવશ્ય, તે અસ્વીકાર અને તેની સામેનો બહિષ્કાર સર્વ, સાહિત્યની પ્રિયંકર પરંપરાનાં દ્યોતક હતાં અને અંગત રૂએ તે સૌને પરસ્પર પ્રત્યે નિતાંત આદર હતો.

શબ્દકોશ બે પ્રકારના હોય છેઃ 'પ્રિસ્ક્રિપ્ટિવ' યાને વપરાશમાં શું હોવું ઘટે તેની દવાચિઠ્ઠી જેવા કોશ; અને 'ડિસ્ક્રિપ્ટિવ' યાને વપરાશમાં હાલ શું છે તેની છબી જેવા કોશ. 'ક્ષિતિજ'ના શલાકાપુરુષ સંપાદક અહા! મહાનાયક હતા જે દવાચિઠ્ઠી લખવા સમર્થ અને અધિકૃત હતા. 'મમતા'ના સંપાદકને એવો કોઈ વહેમ નથી. નવી કલમો દ્વારા હાલ લખાતી વાર્તાઓને મંચ આપવાના નિમિત્તથી વિશેષ કોઈ યશની 'મમતા'ને અપેક્ષા નથી.'મમતા' સ્પર્ધામાં ત્રણ લેખિકાઓ પણ જીતેલી, અને ઉપરાંત સ્પર્ધામાં નારીલેખનના નમૂનારૂપ કેટલીક કૃતિઓ પણ હતી. એમાંથી વસ્તુ, માવજત, ભાષાલક્ષણ વગેરેના વૈવિધ્યને ધ્યાનમાં લઈને ગુજરાતની લેખિકાઓનું સહર્ષ હસ્તધૂનન, અભિવાદન કરવા આ વિશેષાંકનો વિચાર આવ્યો અને આજે તે આપના હાથમાં છે. આની દરેક વાર્તા દરેકેદરેક વાચક અને પ્રત્યેક વિવેચકની હરેક અપેક્ષા સંતોષે એવી પણ નથી, અહીં છે કેટલીક નારીઓએ લખેલી વાર્તાઓ, બસ. કહેવાય છે કે 'સાહિત્ય સમાજકા દર્પણ હૈ'. કેટલીક રચનાઓ સહેજ સાજ સમારવી પડી છે, તે તે લેખિકાઓ દરગુજર કરે. આ લેખિકા વિશેષાંકની વાર્તાઓ વિશે સંક્ષિપ્ત અભિમત એવાં એક લેખિકાએ લખી આપ્યો છે, જેણે ઘાટઘાટનાં પાણી પીધાં છે અને જાતે જાતજાતની કક્ષાની વાર્તાઓ લખી છે. એ ઠસ્સાદાર જગત પ્રવાસિની પ્રીતિ સેનગુપ્તાને સાદર જય જગત!

'મમતા' સ્પર્ધાનાં ૧૧ વિજેતાઓને સ્વાભાવિક રીતે જ પરિણામની જાણ કરાઈ. પારિતોષિક વિતરણનો જાહેર સમારંભ યોજાયો. તેના હેવાલો દૈનિકોમાં ઠેર ઠેર જાહેર થયા. 'મમતા'માં બબ્બે વાર વિજેતાઓનાં નામ, ફોટાઓ, પારિતોષિક રાશિની જાહેરાત થઈ. જેમણે ઈમેઈલથી પુછાવ્યું તેમને જણાવાયું. છતાં કેટલાક સ્પર્ધકોને અપેક્ષા છે કે 'મમતા'એ તમામ ૩૦૦ સ્પર્ધકોને ફોન, પત્ર, ફેક્સ, એસએમએસ કે ઈમેઈલથી પરિણામની જાણ કરવી જોઈતી હતી. ખેદ છે કે એ બન્યું નથી કે બને તેમ નથી. સ્પર્ધાના નિયમોમાં સ્પષ્ટ જણાવેલું અને અહીં ફરી નિવેદન કે તેમાં આવેલી તમામ વાર્તાઓને પ્રથમ પ્રકટ કરવાનો, અને જરૂર મુજબ સુધારવાનો પણ હક 'મમતા'ને છે.

ઉમેદ તો છે, ઈનામી ઉપરાંત ૮૦ જેટલી નોંધપાત્ર વાર્તાઓને ક્રમે ક્રમે 'મમતા'માં પ્રગટ કરવાની. બાકીની કેમ પ્રકટ ન થાય તે બાબત તે તે લેખકને બબ્બે લીટી લખવાની પણ ઉમેદ છે; કિંતુ તે ક્યારે છપાશે અથવા તે બબ્બે લીટીઓ ક્યારે લખાશે તેની સમયરેખા શક્ય નથી. હવે પછી 'પ્રવાસી (એનઆરજી, ડાયાસ્પોરા) લેખન', 'યુવાલેખન', 'પ્રેમકથાલેખન' એમ વિશેષ અંકોમાં ક્રમે ક્રમે તે તે વાર્તાઓ લેવાશે. જેમને અન્યત્ર છપાવવાની ઉતાવળ હોય તે 'મમતા'ને જાણ કરીને તેમ કરે એવી વિનંતી જેથી પાછળથી કોઈને નામોશીનો સમય ન આવે. અને અલબત્ત નવા અને સ્થાપિત લેખકોને વાર્તાઓનો ઢગલો વરસાવવા સદાયનું સહર્ષ આમંત્રણ છે.

તમને, મને, આપણને સૌને અપેક્ષાઓ હોય છેઃ સંતાનો આપણને રોજ ઊઠીને પગે લાગે; નોકરીમાં રોજ આપણને પ્રમોશન મળે; ટ્રેનમાં રોજ જગ્યા મળે; મોબાઈલમાં ફ્રી મિનિટો મળે, લુચ્ચા પોલિટીશિયનો જેલમાં જાય અને ભારતને કોહિનૂર પાછો મળે. સુરેશભાઈનું 'ક્ષિતિજ', ઉમાશંકરભાઈનું 'સંસ્કૃતિ', રે મઠનું 'કૃતિ', ચાંપશીભાઈનું 'નવચેતન', કિશોરભાઈનું 'ગુર્જરી', કે બાબુ સુથારનું 'સન્ધિ' વગેરે એકલી વ્યક્તિની ઊર્જાથી ચાલતાં આ 'બુટીક' સામયિકો સાચેસાચ નભે છે તેના વાચકો અને લેખકોની ડાંગોના સહારે. એ દરેકને, દ-રે-ક-ને લવાજમ, રવાનગી, વિજ્ઞાપનના વહીવટની ડાકણો નડી છે, નડે છે, નડશે. જેમ 'મમતા'ને નડે છે. વધુમાં, 'મમતા' દરેક લેખકને પુરસ્કાર આપવામાં, તેમના ફોટા પરિચય છાપી લાડ કરવામાં ગૌરવ અનુભવે છે. બદલામાં 'મમતા'ને અપેક્ષા છે તેના લેખકો પાસેથી કેવળ ધૈર્યની, સમજદારીની, દિલાવરીની.

-મધુ રાય

# નિયમાવલિ

- 'મમતા' દર માસની ૧૧મી તારીખે પ્રસિદ્ધ થાય છે.
- 'મમતા' કોઈ સવેતન કર્મચારી નથી તેથી ગ્રાહકો અને વાર્તાકારોના સહયોગની અપેક્ષા છે.
- 'મમતા' આવતીકાલના વાર્તાલેખકોનું આજનું માસિક છે તેથી તેમાં નવા લેખકોને હાર્દિક આવકાર છે.
- **'મમતા'માં કમ્પ્યૂટર ઉપર લેટર સાઈઝ કે એફોર સાઈઝના કાગળ ઉપર ટાઈપ કરેલી, ઈ-મેઈલથી** mamatamonthly@hotmail.com (sub: story for mamata) **મોકલેલી કૃતિઓ વહેલી ધ્યાનમાં લેવાશે. ઈ-મેઈલ કરેલી કૃતિની પહોંચ અને નિર્ણય ઈ-મેઈલથી જણાવાશે.**
- ટપાલ કે કુરિયરથી ઉપર મુજબ ટાઈપ કરેલી વાર્તાઓ તે પછી ધ્યાનમાં લેવાશે. હાથે લખેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, પણ તેના નિર્ણયમાં વિલંબ થશે. ટપાલ કરેલી વાર્તા સાથે જવાબી પોસ્ટકાર્ડ હશે તો પહોંચ જણાવી શકાશે.
- 'મમતા' માત્ર વાર્તામાસિક છે. તેમાં ફક્ત વાર્તા સ્વીકારવામાં આવશે.
- વાર્તાની સાથે એ કૃતિ પૂર્વે કોઈ પ્રકાશનમાં, ઇન્ટરનેટ કે રેડિયો-ટીવી ઉપર કે બીજે ક્યાંય પણ કોઈ સ્વરૂપે અપ્રકાશિત અને મૌલિક છે તેવો પત્ર, લેખકનો ફોટો, ૫૦ શબ્દોમાં પરિચય તેમ જ ફોન નંબર અને હોય તો ઈ-મેઈલ આઈડી મોકલવા.
- અનુવાદ કે રૂપાંતર સાથે મૂળ લેખકનું નામ, ૫૦ શબ્દોમાં પરિચય તથા હયાત હોય તો તેમનો અનુમતિપત્ર અને સરનામું, ફોન નંબર તથા ઈ-મેઈલ આઈડી મોકલવા અનિવાર્ય છે.
- લખાણોની જોડણી સાર્થ જોડણીકોશ મુજબ ઇચ્છનીય છે.
- વાર્તા મળ્યા બાદ એકાદ - બે માસમાં લેખકને નિર્ણય જણાવવામાં આવશે. દરેક વાર્તાની એક નકલ સાચવવી. અસ્વીકૃત વાર્તા પાછી મોકલી શકાશે નહીં.
- પ્રસિદ્ધ થયેલી દરેક કૃતિના પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. તે પછી પ્રકાશનના તમામ હક લેખકના રહેશે.
- 'મમતા' (૧૨ અંક)નું વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ છે. લવાજમનો ચેક કે ડ્રાફ્ટ 'મમતા વાર્તામાસિક'ના નામે રીડર્સ પેરેડાઈઝના સરનામે મોકલવો. અન્ય સંસ્થાઓમાં રોકડેથી પણ લવાજમ આપી શકાશે, જેની પહોંચ સાચવી રાખવી.
- **કોઈ પણ પત્રવહેવારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. લવાજમ મોકલવાનું, અંક ન મળ્યાની કે રવાનગી બાબત કોઈ પણ ફરિયાદ કરવાનું સરનામું, 'મમતા' કાર્યાલય, રીડર્સ પેરેડાઈઝ, ૬ ઉત્સવ રો હાઉસ, સાલ હોસ્પિટલની સામે થલતેજ, અમદાવાદ ૩૮૦ ૦૫૨. અથવા** mamatacirculation@gmail.com
- 'મમતા'ની વાર્તાઓ સમયાધીન નથી તેથી લવાજમ જાન્યુઆરીથી ડિસેમ્બર એમ ૧૨ અંકનું સ્વીકારાય છે.

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૦૩ | પ્રીતિ સેનગુપ્તા | *પંખિણીનો મેળો* |
| ૦૪ | વિનોદિની નીલકંઠ | *બે માળાનું પંખી* |
| ૦૯ | સેજલ શાહ | *વચન* |
| ૧૩ | પૂજા તત્સત્ | *બોન વોયેજ* |
| ૧૬ | જયશ્રી કૃષ્ણદેવ | *ઓહ, અક્ષય!* |
| ૧૯ | નીલમ દોશી | *તથાસ્તુ* |
| ૨૩ | પન્ના ત્રિવેદી | *ધુમ્મસ* |
| ૨૭ | આશા વીરેન્દ્ર | *રિમોટ* |
| ૩૦ | કલ્પના જિતેન્દ્ર | *ધરતી અને આકાશ* |
| ૩૪ | અદિતિ સોની | *સંબંધની સીમા* |
| ૩૭ | દેવાંગી ભટ્ટ | *પર્સેપ્શન* |
| ૪૦ | છાયા ત્રિવેદી | *ગુડ ન્યૂઝ!* |
| ૪૩ | ગીતા ભોજક | *રેવી* |
| ૪૬ | દક્ષા બી. સંઘવી | *સુખની વારતા* |



**પ્રચાર** મણિલાલ રાજપૂત

**વિજ્ઞાપન અને રવાનગી** કે. એ. વૈદ્ય, ૮૪૮૮૮ ૭૩૯૦૯

**કમ્પોઝ, ડિઝાઇન અને લે-આઉટ** 'આર્ટ મણિ' રીટા ડાંગોદરા એફ એફ/૧૩ મૂર્ધન્ય કોમ્પલેક્સ, સુપર સોસાયટીની સામે, રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૧૫ ફોન ૯૪૨૬૪ ૧૮૫૧૦

**રેખાંકન** કિશોર રાવળ, સુલેમાન રોશનઅલી

**મુદ્રણ સ્થાન** એલાઇડ ઓફ્સેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨ કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર અમદાવાદ ૩૮૦૦૨૧ ફોન ૨૨૯૪ ૧૧૫૦

**પ્રબંધ** બિપિન શાહ, રીડર્સ પેરેડાઇઝ, અમદાવાદ મો. ૯૮૨૫૦ ૩૧૩૩૮

# પંખિણીનો મેળો

‘મમતા’ના આ નારી-વિશેષાંકમાંની વાર્તાઓનું વિષય-વસ્તુ મુખ્યત્વે આધુનિક જમાનાના જીવન સાથે મેળ ધરાવે છે. એમાં ઉપસતા પ્રશ્નો જ નહીં, ઉકેલો પણ આધુનિક લાગે છે. આજે મોટે ભાગે એમ દેખાય છે કે જે પરદેશમાં ના રહેતાં હોય તે વાર્તાકારો પરદેશના જીવન વિશે લખે છે, ગુજરાતમાં વસનારાં ઘણાં હવે અંગ્રેજીનો વપરાશ કરે છે, અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો જાણે વાર્તામાં આવશ્યક બની બેઠાં છે.

સામાન્યતયા બનતું હોય છે તેમ અહીં સમાવાયેલી વાર્તાઓમાં આવતી અંગ્રેજી ઉક્તિઓમાં પણ કયાંક વ્યાકરણની કચાશ છે, તો કયાંક ગુજરાતીમાં લખાયેલા અંગ્રેજી શબ્દોના ઉચ્ચારોમાં ભૂલો છે. કોઈ કોઈ વાર્તા ખૂબ ઉતાવળે લખાયેલી લાગે છે. લેખિકાએ ફરી વાંચવી પડે, હજી મઠારવી પડે તેમ લાગે છે. છતાં, વિષય-વૈવિધ્ય સારું છે.



**પ્રીતિ સેનગુપ્તાઃ સમકાલીન નારીલેખન**

● ‘મમતા’ માસિકની હરીફાઈમાં પ્રથમ ઈનામ પામેલી, (ત્રણમાંની એક) સેજલ શાહની વાર્તા “વચન”નું વસ્તુ એકદમ મૌલિક છે, અને એમાં તળપદી ભાષાનો ઉપયોગ ખૂબ સરસ રીતે થયેલો છે, તો સ્ટ્રીટ-શો, પ્લાન, લાવણ્ય, કમનીયતા જેવા શબ્દો અજુગતા લાગે છે. ઉપરાંત જોડણીની જાતજાતની કચાશ, તથા પહેલેથી છેલ્લે સુધી ‘ઠ’ ની જગ્યાએ ‘ઢ’ અને ‘એણે’ ની જગ્યાએ ‘એને’ જેવી ભૂલો જોઈને લાગે છે કે લેખિકાએ કૃતિ પ્રત્યે જોઈએ એવી કાળજી રાખી નથી.

● હરીફાઈમાં બીજા સ્થાને આવેલી (ત્રણમાંની એક) “બૉન વૉયેજ” વાર્તામાં પૂજા તત્સતે વીતેલાં વર્ષો દરમિયાન પિતાના પાત્રના મનની અંદરના સંવેદન અને સંઘર્ષને દર્શાવવા માટે ડાયરીનો ઉપયોગ કરવાની જે યુક્તિ વાપરી છે તેને વખાણવી પડે. આ બધું જો સંવાદરૂપે હોત તો ખોટા લંબાણ અને લાગણીવેડા જેવું લાગત. પિતાના મનોભાવ સાથે પુત્રીના પ્રતિભાવને ગૂંથતું જતું કથાનક આ સર્જન-યુક્તિને કારણે સહજ આગળ વધે છે. વિષય-વસ્તુ જે રીતે આધુનિક વિચારસરણી તરફ વળે છે, તે પણ કૃત્રિમ નથી લાગતું.

● જયશ્રી કૃષ્ણદેવ પાઠકની, હરીફાઈમાં ત્રીજા ક્રમાંક પર (ચારમાંની એક) વાર્તા “ઓહ, અક્ષય”માંનું મુખ્ય કલ્પન આધુનિક વિજ્ઞાનની શકયતા પર આધારિત છે, પણ જે માનવીયતા યંત્રમાનવ પર આરોપવામાં આવી છે તે કદાચ અસંભવિત છે, અને કલ્પનાના સંદર્ભે પણ કૈંક અરુચિકર લાગે છે. વળી, બે પાત્રો માટે એક જ નામ રાખવાથી ક્લિષ્ટતા આવી છે, અને કહી શકાય કે કોઈ સ્ત્રીની એકલતા નિવારવા માટેના ઉપાયનું કલ્પન છે ભવિષ્યવાદી.

● કોઈ પણ ટ્રેન સ્ટેશનના પ્લૅટફૉર્મ પર નાનાં બાળકોને દોડી દોડીને પાણી કે ચા વેચતાં બધાં જોતાં હોય છે, પણ એમનાં અભાવનાં આવાં જીવન વિષે વિચાર કરવાનું ભાગ્યે જ કોઈને સૂઝતું હોય છે. “તથાસ્તુ” વાર્તામાં નીલમ દોશીને એ સૂઝ્યું છે. પાત્રોની કથા અને વ્યથાને એમણે સુકોમળ ભાવથી અહીં આલેખ્યાં છે. જોકે, ભાષા બાળકોથી બોલાય છે છતાં શબ્દો પ્રગલ્ભ છે. સ્ટેશનનું તેમ જ બધાં પાત્રોનું વર્ણન રસપ્રદ રહે છે, અને ગરીબ બાળકના મનમાંના સંતોષની વાત અસરકારક છે.

● પન્ના ત્રિવેદીની “ધુમ્મસ” નામની વાર્તા લખાયેલી છે પૂર્વ-પરિચિત શૈલીમાં. મુખ્ય પાત્ર વિશેની વિગતોમાં રસપ્રદતા છે અને કટાક્ષ પણ લાગે છે. “એકાંતથી ભરચક જગ્યા” અને “ઠંડી હવા ગામ બનીને પોતાની અંદર જતી હતી” જેવા કેટલાક સંવેદનપ્રદ શબ્દ-પ્રયોગ છે, તો “કાંકરિયાની પાળે એવા તો કાંકરા વાગ્યા” જેવા સાધારણ શબ્દો પણ વપરાયા છે. ગામનું અને શહેરનું વર્ણન સરસ છે જે છેલ્લે અચાનક વાસ્તવિકતા બને છે, ને ત્યારે ધુમ્મસનું પ્રતીકાત્મક કલ્પન વાર્તાને કંઈક એબ્સ્ટ્રેક્ટ સ્તર પર લાવી મૂકે છે.

● કોઈ વાત સાવ સાધારણ જ હોય, પણ કદાચ રોજે રોજ બનતી હોવાથી ઝગડાનું સ્વરૂપ લઈ લેતી હોય, તેવી એક વાત, “રિમોટ” વાર્તામાં આશા વીરેન્દ્ર દ્વારા આલેખિત થઈ છે. આમાં કયાંક હાસ્ય છે, તો કયાંક અજંપો. પતિ-પત્ની ઝગડ્યાં તો ખરાં, પણ એકમેક વગર ગમતું નથી. પ્રસન્ન દાંપત્ય જયારે પાછું સ્થાપિત થાય છે ત્યારે જાણે વાચકને પણ હાશ થાય છે.

● શીર્ષક પરથી જેની વચ્ચેના અંતર અને ભિન્નતાનાં સૂચન મળતાં લાગે છે તેવાં બે ઘણાં દૂરનાં અને સાવ જુદાં સ્થાનો વચ્ચે ‘રોની’ નામના પાત્રનું મન વર્ષોથી ખેંચાયા કર્યું છે. “ધરતી અને આકાશ” વાર્તામાં, આ પાત્ર કઈ ઉંમરે એક સ્થાનેથી બીજે જઈ વસ્યું તે કલ્પના જિતેન્દ્ર જણાવતાં નથી, તેથી કેટલીક ઉક્તિઓ અને યાદો વિષે પ્રશ્ન થાય. છતાં, રોનીના મનાસિક સંઘર્ષનો ઉકેલ લેખિકા જે રીતે લાવી શક્યાં છે તે પ્રશંસાને પાત્ર છે.

**અનુસંધાન પાનાં નં. ૩૯**



*કોઈ મહિલા જ્યારે વાર્તા લખે છે ત્યારે અનાયાસે એમાં બાહ્ય પરિવેશની તો ખરી જ, પણ સ્ત્રીઓનાં સૂક્ષ્મ મનોવ્યાપારની પણ એવી રંગલીલા એમાં ઘોળાઈ જાય છે કે જે કોઈ પુરુષ વાર્તાકાર માટે સૂઝ-સમજના પરિઘની બહાર હોય. આ અંકમાં પ્રસ્તુત એવી વાર્તા “બે માળાનું પંખી” એનો ઉત્કૃષ્ટ નમૂનો છે. મિલકતના મામલે બે ભાઈઓ વચ્ચે અંટસ, કે જે સગ્ગી માતા પણ ઓગાળી શકી નથી તે એક બાળકી જરા પણ સભાન પ્રયત્ન વિના પોતાની બાલસહજ મીઠપના જાદુથી કેવી રીતે દૂર કરી શકે છે તેની આખી પ્રક્રિયા વાર્તાના શબ્દે શબ્દમાં સુગંધની જેમ રસાયેલી છે. તે વિવેચન કે વિવરણનો વિષય નથી, એ તો આસ્વાદની વાનગી છે.*

*લેખિકાની તસવીર અને વાર્તા તેમના સુપુત્ર સુકુમાર પરીખ અને પુત્રવધૂ. શૈલજાબહેન પરીખના સૌજન્યથી.*

**વાર્તા સંકલન અને રસાસ્વાદ:**
**રજનીકુમાર પંડ્યા**
**મો. ૯૮૯૮૦ ૧૫૫૪૫**

## વિનોદિની નીલકંઠ

# બે માળાનું પંખી

બા જીવ્યાં ત્યાં સુધી, પોતાના બે પુત્રો વચ્ચે સાધારણ વાતચીતનો પણ સંબંધ ઊભો રહે એટલું કરવા તે બહુ મથ્યાં હતાં. ત્રણ માળનું સરસ મકાન હતું, તેમાં ત્રીજે માળે મોટો દીકરો દિનેશ રહેતો હતો. વચલે માળે નાનો નરેશ રહેતો હતો. ભોંયતળિયે બા પંડે રહેતાં હતાં. ત્રણે રસોડાં જુદાં. બાને તો કોઈ સાથે લડાઈ નહોતી, પણ બા નરેશને ઘેર જમે, તો દિનેશ ચડભડી ઊઠતો અને જો દિનેશને ઘેર જમે તો નરેશ રિસાઈ જતો. તેથી સમજુ થઈ બાએ ત્રીજું રસોડું માંડ્યું હતું.

નરેશ-દિનેશના પિતા કલ્યાણભાઈ ગુજરી ગયા, ત્યારે વિલ લખીને મિલકતની વહેંચણી કરી ગયા હતા. છતાં તેમાંથી જ બંને ભાઈઓ વચ્ચે અણબનાવ થયો હતો. બંનેને લાગેલું કે પોતાને અન્યાય થયો છે. પિતાનું વિલ દીવા જેવું ચોખ્ખું હોવાથી કોર્ટમાં જવાથી કાંઈ વળે એમ નહોતું, તેથી બંને મનમાં જ સમસમીને બેસી રહ્યા. બે-ચાર વખત તે બાબત મારે ખૂબ બોલાચાલી થઈ ગઈ, મારામારી ઉપર મામલો જશે, એવું બાને લાગતાં તે વચમાં ઊભાં રહ્યાં. ખૂબ રડ્યાં. બસ! તે દિવસથી સગી માજણ્યા ભાઈઓ એકબીજા સાથે બોલતા ન હતા. તે વાતને ત્રણ વર્ષ વીતી ગયાં હતાં.

આ અબોલા બાને બહુ સાલતા અને કદીક બહુ અકળાતાં ત્યારે બોલતાં : ‘તમારા બાપુજીએ પેટે પાટા બાંધીને તમારે સારુ મિલકત એકઠી કરી, પણ તમે તેમનું કર્યું-કારવ્યું ધૂળભેગું કરવા બેઠા છો.’

પછી દિનેશને બાએ પરણાવ્યો. તે લગ્ન વખતે પણ બાએ ખોળા પાથર્યા, તોયે નરેશ લગ્નમાં ન આવ્યો, તે ન જ આવ્યો. દિનેશની વહુનું નામ હતું જયા. તો





સ્વભાવે બહુ સાલસ અને ભલી હતી. લગ્ન પછી દોઢેક વર્ષે જયાએ એક પુત્રીને જન્મ આપ્યો. આ છોકરીને પગ આવ્યા ન આવ્યા અને તે દાદરો સપસપ ચડ-ઊતર કરવા મંડી પડી. નીચલે માળે બા અને ત્રીજે માળે જયા. એટલે છોકરી તો ઉપર-નીચે ફર્યા જ કરે. છોકરીનું નામ હજી પાડ્યું નહોતું; પણ સૌ તેને પંખી કહીને બોલાવતાં. તે હતી પણ પંખી જેવી જ. અને વળી પાછી સ્વભાવે પણ બહુ ટીખળી અને તોફાની હતી, રૂપેરંગે પણ સરસ હતી. શરીરે પણ ભરી સીંગ જેવી હોવાથી જોનારને તે ગમી જતી.

પંખીને દિનેશે કહી મૂકેલું કે, 'વચલે માળે 'કાકા' નામનો એક રાક્ષસ રહે છે, ત્યાં કદી જવું નહિ, તે તરફ જોવું પણ નહિ.' નાનકડી પંખી 'કાકા' કે 'રાક્ષસ' એક્કે શબ્દનો અર્થ ક્યાંથી સમજે? છતાં પણ વચલા માળ સાથે સંબંધ રાખવાનો નથી, એટલું તો એ નાનીશી બાલિકા પણ સમજી ગઈ હતી. એમ કરતાં પંખી જરા મોટી થઈ. તે હવે એક ભાઈની બહેન બની ચૂકી હતી. પોતાની મીઠી કાલી બોલીથી, તે વાચાળ છોકરી સૌનાં દિલ જીતી લેતી.

એક દિવસ તે દાદર ઉપર ચડતી હતી, ત્યાં તેના મગજમાં તોફાની કીડો સળવળી ઊઠ્યો. દાદરના કઠેરામાં સળિયા નાખેલા હતા. બે સળિયા વચ્ચે પંખીએ પોતાનું માથું ખોસી દીધું. ખોસતાં ખોસ્યું તો ખરું, પણ પછી કેમે કરતાં પાછું જ ન નીકળે. આ વખતે પંખી બરાબર વચલા માળ આગળ હતી. તે ઝટ રડી પડે એવી નહોતી. તેણે મદદ માટે કોઈને હાંક પણ ન પાડી. બે બચુકડા હાથ વડે કઠેરાના સળિયા પકડી, તેમાંથી પોતાનું ઝુલ્ફાદાર માથું કાઢી લેવા તે મથી રહી હતી. તે વખતે બપોરે એક વાગ્યો હશે. પંખીની માતા જયા, ખાઈ-પરવારીને દીકરા રમેશના ઘોડિયાની દોરી હાથમાં ઝાલી રાખી, જરા આડે પડખે થઈ હતી. દિનેશ તો નોકરીએ ગયેલો હતો. નીચે બા પણ બપોરની નીંદરમાં પડ્યાં હતાં. તે જ ઘડીએ નરેશ ઘેર આવ્યો. તેને જરાક તાવ ભરાયા જેવું લાગવાથી તે પેઢી ઉપરથી રજા લઈ ઘેર આવ્યો હતો. દાદર ઉપર તેણે બે સળિયા વચ્ચે ભરાઈ પડેલી પંખીને જોઈ. છોકરીની કઢંગી હાલત દેખી, તેને હસવું આવ્યું. પળવાર ઠમકીને તે, ગમ્મત જોવા ઊભો રહ્યો. માથું ખેંચવાના પ્રયત્નથી પંખીનું ગોરું મોઢું લાલચોળ થઈ ગયું હતું. રડું રડું થતી આંખોમાંથી સરી પડવાની તૈયારી કરતાં આંસુને ખાળવા તેણે હોઠ દબાવી રાખ્યા હતા. નરેશને જોઈ તે ખુશ થઈ ગઈ ને બોલી : 'કાકા, મારું માથું કાઢો ને!' નરેશે 'કાકા' શબ્દનું મીઠું ઉચ્ચારણ પોતાને માટે વપરાતું પહેલી વાર જ સાંભળ્યું. દુશ્મન જેવા ભાઈની આ ટપુકડી ભત્રીજી ઉપર તેને ખૂબ જ વહાલ ઊપજ્યું. સળિયાની વચ્ચેથી પંખીનું માથું તેણે સિફતથી કાઢી દીધું. તે દિવસ તો તે પરિચય ત્યાં જ થંભ્યો, પરંતુ તે પછી દાદર ચડતાં-ઊતરતાં કાકા-ભત્રીજી વારંવાર સામસામા થઈ જતાં : 'કાકા તમારે ઘેર આવું?' પંખી ઉપર-નીચે નજર કરી દિનેશની ગેરહાજરીની ખાતરી કરી લીધા પછી પૂછતી અને નરેશ, પંખીને પોતાના ઘરમાં લઈ જતો. એક દિવસ પંખી પૂછવા લાગી : 'કાકા, રાક્ષસ કેવો હોય?' નરેશને આવડ્યું એવું વર્ણન કર્યું. તે ધ્યાનથી સાંભળ્યા પછી પંખી બોલી : 'તમે ક્યાં એવા છો? તમે તો માણસ જ છો ને કાકા?' આ સાંભળી નરેશને ખૂબ જ હસવું આવ્યું. પછી ગંભીર બની જઈ તે બોલ્યો : 'તારા બાપુએ આવું શીખવ્યું છે ને?'

વાળનાં ગૂંચળાં માથેથી ઉછાળી, ડોકું હકારમાં ધુણાવી પંખી બોલી : 'હું-અં... પણ જયાબહેન કહે છે એવું ન બોલાય, નરેશકાકા તો તારા બાપુજીના ભાઈ થાય. હેં કાકા! રમેશ મારો ભાઈ છે, તેવા તમે મારા બાપુજીના ભાઈ છો?' નરેશ અને પંખીની દોસ્તી દિન-પ્રતિદિન ગાઢ બનતી ગઈ અને તે વાત દિનેશથી પણ ક્યાં સુધી છાની રહે?

તે પછી એક વખત બા બહુ માંદાં થઈ ગયાં. તેમણે નરેશને કહ્યું : 'બેટા નરેશ, હવે તું વહુ લઈ આવે તો હું નિરાંતે મરું. નરેશે બાને રાજી કરવા અને પોતાની ઇચ્છાથી ભણેલીગણેલી અને ઠાવકી એવી કંચન નામની યુવતી સાથે લગ્ન કર્યાં. તે લગ્નમાં દિનેશ ન ગયો, પણ જયાએ તો પોતાના પતિને કહ્યું : 'મારે તો નથી બીજા દિયર, જેઠ તો છે જ નહિ, નણંદે એક્કે નથી. તો પછી મારા માટે સાસરાનું આ પહેલું કે છેલ્લું જ પગરણ છે ને? અને પંખી તો કાકાના લગ્નને નામે કૂદી રહી છે.'

લગ્ન કરીને વર-કન્યા ઘેર આવ્યાં, ત્યારે બાએ કહ્યું : 'બંને જણ મોટાભાઈને પગે લાગી આવજો.' નરેશ હસીને બોલ્યો: 'દિનેશના આશીર્વાદ વગર અમે સુખી નહિ થઈએ, ખરું બા?' બા કશું ન બોલ્યાં, પણ રાત્રે દસ વાગે જયા આવીને કંચનને કહેવા લાગી: 'આ ભાઈ-ભાઈની લડાઈમાં આપણે તો પડવું જ નહિ, તમે તો જેઠને પગે લાગશો ને?' એટલે કંચન તો ઉપર જઈ દિનેશને પગે લાગી આવી. જયા અને કંચનને તો બહેનપણાં જામી જતાં વાર ન લાગી. બા કહેતાં: 'જુઓ તો ખરાં આ પારકી જણીઓના જીવ હળી ગયા, પણ આ સગા સહોદર ભાઈઓ ઉત્તર અને દક્ષિણ ધ્રુવ જેવા અલગ રહે છે!'

નરેશનો સંસાર સારી રીતે ચાલતો નિહાળ્યા પછી બાએ દેહ છોડી દીધો. એક રાત્રે અચાનક તેમનું હૃદય બંધ પડી ગયું. બાકી બાના મનમાં હતું કે મરવાની છેલ્લી ઘડીએ બે ભાઈઓને ભેગા કરી, એકબીજાના હાથ પકડાવીશ. બાની

મનની મનમાં જ રહી ગઈ.

પંખી તો હવે ખરું જોતાં દિનેશ અને જયાની મટીને નરેશ અને કંચનની જ દીકરી બની ગઈ હતી. તે ખાતી કંચનને રસોડે. સૂતી નરેશની પાસે. નરેશ તેને બહુ લાડ લડાવતો, ત્યારે જયા કહેતીઃ 'નરેશભાઈ, દીકરીની જાતને ઝાઝાં લાડ ન કરો, નહિ તો સાસરીમાં તે દુઃખી થશે.' (જયાને દિયર સાથે બોલવાની છૂટ હતી) ત્યારે નરેશ જવાબ દેતોઃ 'ભાભી, મારે એને પરણાવવી જ ક્યાં છે? એને તો દાક્તર બનાવવાની છે દાક્તર! ડૉ. મિસ પંખી!' લગ્નને બે વર્ષ થઈ ગયાં, પણ કંચનને ઘેર હજી ઘોડિયું બંધાયું નહોતું; પરંતુ જેઠાણીની આ છોકરી ઉપર પ્રેમ વરસાવી તે આશાભરી સુખભર દિવસો વિતાવતી હતી.

> એક દિવસ દિનેશ દાદર ઊતરતો હતો. પુત્ર રમેશને તેડેલો હતો. સાથેસાથે પિતાની બીજા હાથની આંગળી ઝાલી પંખી પણ ઊતરતી હતી. પંખીનો પગ લપસી પડ્યો. હાથમાં રમેશને તેડેલો હોવાથી, દિનેશથી પંખીને બચાવાઈ નહિ.

પંખીને એક ભાઈ તો હતો જ. તે છોકરો-રમેશ હજી બહુ નાનકડો હતો અને જયાને બીજી છોકરી આવી. ઉપરાઉપરી થયેલાં આ બે છોકરાં સાથે ત્રીજે માળે રહેવાનું જયાને બહુ વસમું પડવા લાગ્યું. 'છોકરાં દાદર ઉપરથી ગબડી પડ્યાં,' એવાં સ્વપ્નાં તેને રોજ રાત્રે ઊંઘમાંથી ઝબકાવી દેતાં. જયાના દિલની વરાળ કાઢવાનું સ્થાન તેની દેરાણી કંચન, એટલે તેણે કંચન આગળ પોતાના મનની બીક જણાવી. સાવ સ્વાભાવિકતાથી કંચને કહ્યું : 'નીચે બાવાળું ઘર પડ્યું-પડ્યું ખાવા ધાય છે, ત્યાં આખો દહાડો રહેતાં હો, ને રાત્રે ત્રીજે માળે સૂવા જતાં હો તો કેવું?'

જયા હસી પડી ને બોલીઃ 'ભોળાં દેરાણી! અમે ત્રીજો માળ અને ભોંયતળિયું બંને વાપરીએ, તો મારા દિયર એક ઘડી પણ સાંખી લે ખરા કે?'

એવામાં એક દિવસ દિનેશ દાદર ઊતરતો હતો, હાથમાં પુત્ર રમેશને તેડેલો હતો. સાથેસાથે પિતાની બીજા હાથની આંગળી ઝાલી પંખી પણ ઊતરતી હતી. પંખીનો પગ જરા લપસી પડ્યો. હાથમાં રમેશને તેડેલો હોવાથી, દિનેશથી પંખીને બચાવાઈ નહિ. દડબડ દડબડ ગબડતી તે બીજા માળ સુધી આવી પહોંચી. 'કાકા ઓ કાકા!' ની બૂમથી તેણે ઘર આખું ગજવી મૂક્યું. નરેશ નહાવા બેઠેલો હતો, તે ટુવાલ વીંટાળી, ભીને શરીરે નાહવાની ઓરડીમાંથી ધસી આવ્યો. પંખીને ઉપાડી લીધી : 'બેટા, દીકરી, બાપુ, બહુ વાગી ગયું ખરું?' પંખીને વાંસે હાથ ફેરવતાં તે બોલતો હતો અને પછી દિનેશ તરફ જોયા વગર જ તે બોલ્યો : 'કોઈ લોકો કેવા થાતાં હોય છે! છોકરી ગબડી પડે તો ઝાલી ન લેવાય? છોકરો બહુ મોંઘો હોય તે ભલે, છોકરી કંઈ વધારાની તો નથી ને?' પંખીને ઝાઝું વાગ્યું નહોતું છતાં કંચને પિપરમિન્ટની ગોળીઓ આપી, નરેશે કાગળની બનાવટનું વાઘનું મોઢું પહેરી, તેને ખૂબ હસાવી અને ઘડીકવારમાં તો પંખીના કલરવથી આખું ઘર ગાજી ઊઠ્યું. થોડી વાર રહીને જયા આવી એટલે નરેશે કહ્યુંઃ 'ભાભી, તમે છોકરાંનો કાફલો લઈ, દિવસે તો નીચે જ વસવાટ રાખો. આમ રોજ ઊઠીને મારી પંખી ટિચાયા કરે તે ન ચાલે. જયાને બહુ હસવું આવ્યું અને તે બોલી : 'ખરી વાત, તમારાં દીકરીબા કદાચ ગોબાઈ જાય તો?' નરેશ જરીક તપીને બોલ્યો : 'ના ભાભી, આ હસવાની વાત નથી. કોઈ વાર ખૂબ વાગી જાય, તો જનમભરની ખોડ રહી જાય. પેલી નંદુબહેનની કમળા એમ જ પડી ગઈ અને વાંસામાં કેવી ખૂંધ નીકળી છે! ત્રીજે માળે તો ફક્ત રાત્રે જ ચઢવાનું રાખો.' દેરાણી-જેઠાણી એકબીજા સામું જોઈ સહેજ મોઢું મલકાવી ગયાં, તે નરેશે ન જોયું.

એક દિવસ દિનેશની ઑફિસના માણસોએ ઉજાણી ગોઠવી હતી. બન્યું એવું કે તે જ દિવસે પંખીની વર્ષગાંઠ હતી. દિનેશે ઘણા દિવસ પહેલાં જયાને કહી મૂકેલું કે ઑફિસની ઉજાણીમાં બધા પોતપોતાનાં છોકરાંને લાવવાના છે. પંખી તથા રમેશને હું પણ લઈ જઈશ. આ તરફ પંખીને આઈસ્ક્રીમ બહુ ભાવે છે એમ વિચારી નરેશે વર્ષગાંઠ ખાતે આઈસ્ક્રીમ પાર્ટીની યોજના ઘડી હતી. તે રોજ કહેતો, 'પંખી! તારી વર્ષગાંઠને દહાડે તું ધરાઈને આઈસ્ક્રીમ ખાજે હોં.' ત્રણેક દિવસ પહેલાં જયાને ખ્યાલ આવ્યો કે આ બંને પ્રસંગો અથડાશે. તેણે કહી જોયું, 'ઉજાણીમાં છોકરાંને શું ગમશે.' તમે એકલા જ જવાનું રાખો તો કેવું?' બનતા સુધી જયા અને કંચન પોતપોતાના પતિ સાથેની વાતચીતમાં સામસામા ભાઈઓનાં નામ ન દેવાય તેની કાળજી રાખતાં. દિનેશે જવાબ દીધો, 'વાહ કેમ નહિ ગમે? ત્યાં તો પચ્ચીસેક છોકરાં ભેગાં થશે. સિનેમા દેખાડવાનું છે. પંખીને તો ખૂબ ગમ્મત પડશે.' જયાએ ખૂબ ડરતાં ડરતાં ખરી વાત રજૂ કરતાં કહ્યું, 'જાણે વાત એમ છે કે તે દિવસે પંખીની વર્ષગાંઠ છે.'

'તો તો સરસ, પંખીની વર્ષગાંઠ છે તો હું ત્યાં સૌ છોકરા

માટે રબ્બરનો એકેક ફુગ્ગો લેતો જઈશ.' 'પણ...' જયાએ હિંમત એકઠી કરી બોલી નાખ્યું, 'નરેશભાઈએ આઈસ્ક્રીમ પાર્ટી રાખી છે.' એકદમ મોઢું ગંભીર કરી નાખી દિનેશ ધીમેથી પણ સ્પષ્ટ ઉચ્ચારણ કરતાં બોલ્યો, 'જો જયા, પડોશી સાથે ઝઘડો ન કરવો એ વાત બરાબર, પણ તેની સાથે વધુ પડતી ઘરવટ પણ શા માટે રાખવી? એ લોકોની આઈસ્ક્રીમ પાર્ટી એમને જ મુબારક, એમાં આપણે શું લાગેવળગે?'

'પણ ખાસ પંખીની વર્ષગાંઠ ખાતે જ આ પાર્ટી છે. વળી પંખીને આઈસ્ક્રીમ બહુ ભાવે છે, તે જાણીને જ નરેશભાઈએ...' તે અણગમતું નામ સાંભળી મોઢામાં ક્વીનાઈન ગયું હોય તેવો ચહેરો કરી દિનેશ વચ્ચેથી જયાનું વાક્ય કાપી નાખતાં બોલી ઊઠ્યો, 'જો જયા, બધી બાબતમાં તને જેમ ગમે તેમ તું કર, પણ એનું નામ મારી આગળ ન દેતી.' વાત ત્યાં જ અટકી, પણ બપોરે જયાએ કંચનને ખબર આપી, 'આઈસ્ક્રીમ પાર્ટી અને એમની ઑફિસની ઉજાણી બંને એક જ દિવસે ગોઠવાયાં છે. શું કરીશું?' કંચને કહ્યું, 'હું એમને વાત કરીશ' પણ કંચન ઢીલું જ બોલી હતી. દિનેશ સાથેના ઝઘડામાં પતિ આગળ તેનું કાંઈ જ ઊપજતું નહોતું, તે કંચન પોતે ક્યાં નહોતી જાણતી?

પંખીની વર્ષગાંઠ ચૈત્ર સુદ બીજને દિવસે હતી. પડવાને દિવસે કંચન સવારે પથારીમાંથી ઊઠી નહિ. 'ઓરે'ની બૂમો શરૂ કરી, પેટમાં દરદની ફરિયાદ પતિને કરી. નરેશ ગભરાયો. પાડોશમાં જ દાક્તર રહેતા હતા. તેમને તેડી લાવ્યો.

તે દિવસે પતિ જમવા બેઠો, ત્યારે ખુશામત ખાતર કંચને એક વધારાનું શાક પીરસ્યું હતું. પતિને પસંદ એવી લસણની ચટણી વાટીને મૂકી હતી અને જમતા પતિને માખ ઉડાડતી તે બાજુમાં પાટલો નાખી બેઠી હતી. નરેશે હસીને પૂછ્યું, 'કેમ આજે શું માંગવું છે? નવી સાડી કે પછી સોનાનો અછોડો?' ચોરી કરતાં પકડાઈ ગયા જેવી કંચન છોભીલી પડી ગઈ, પણ પછી બોલી, 'જાવ, વળી, આવું તે શું બોલો છો? મારે તો કશુંયે માગવું નથી, પણ આ આઈસ્ક્રીમ પાર્ટી ને ઉજાણી એ એક દિવસે આવ્યાં છે, તેનું શું કરીશું?'

'ઉજાણી કઈ વળી?' નરેશે નવાઈ પામતાં પૂછ્યું. ડરને લઈને અચકાતી જીભે કંચન બોલી, 'દિનેશભાઈની ઑફિસના સ્ટાફની...' દિનેશનું નામ આવતાં જ નરેશે કોળિયો હેઠો મૂકી દીધો અને તે બોલી ઊઠ્યો, 'ખાતી વખતે કોઈ સારા માણસનું નામ તો દેતી જા કંચન! વળી એની ઉજાણી સાથે મારે શી લેવાદેવા છે?' 'તમારે નહિ, પણ પંખીને તો ખરી જ ને?' હવે વાતનો ફડચો આણવા કંચન કટિબદ્ધ થઈ અને બોલી, 'ઑફિસની ઉજાણીમાં વીસ-પચીસ છોકરા જવાનાં છે, ત્યાં ફિલ્મ દેખાડવાના છે અને પંખીની વર્ષગાંઠ ખાતે દરેક છોકરાને રબ્બરનો ફુગ્ગો આ લોકો આપવા ધારે છે.' બધી બાબતમાં ઠરેલ અને સમજુ એવો નરેશ, ભાઈ સાથેના સંબંધની વાતમાં છેક જ બાલિશ બની જતો. તે બોલ્યો, 'હું પણ શેરીનાં તમામ છોકરાને બોલાવીશ, ફિલ્મ દેખાડીશ અને ફુગ્ગો તો ફટ લઈને ફૂટી જાય, હું તો સરસ રમકડાં અને સીંગ-સાકરિયા અને રેવડીનાં પડીકાં સૌ છોકરાને વહેંચીશ.'

'પણ એ લોકો પંખીને ઉજાણીમાં લઈ ગયા વગર નહિ રહે.' કંચને યાદ દેવડાવ્યું.

નરેશ ઊકળીને બોલ્યો, 'એટલે શું? મારી પંખીની વર્ષગાંઠ હું ઊજવું છું અને જોઉં છું તો ખરો કે તેને કોણ ઉજાણીમાં લઈ જવા છીનવી જાય છે?'

હવે શું કરવું, તે નક્કી કરવા દેરાણી-જેઠાણીની એક અતિ અગત્યની ખાનગી મીટિંગ મળી. ઘણી ચર્ચા બાદ નિર્ણય થઈ ગયો.

પંખીની વર્ષગાંઠ ચૈત્ર સુદ બીજને દિવસે હતી. પડવાને દિવસે કંચન સવારે પથારીમાંથી ઊઠી નહિ. 'ઓરે, ઓરે'ની બૂમો શરૂ કરી, પેટમાં દરદની ફરિયાદ પતિ આગળ નોંધાવી. નરેશ ગભરાયો. પાડોશમાં જ દાક્તર રહેતા હતા. તેમને તેડી લાવ્યો. દાક્તરે ગરમ પાણીની રબ્બર-થેલીનો શેક કરવાની સૂચના આપી, પીવાની દવા આપી. મગના પાણી સિવાય કાંઈ ન લેવાની અને પથારીમાં સૂઈ રહેવાની સૂચના કરી અને પાંચ રૂપિયા લઈ ચાલતા થયા. પત્નીનું દરદ જોઈ નરેશ હાંફળો ફાંફળો બની ગયો હતો. નોકરી ઉપર પણ ન ગયો. પ્રેમાળ પતિને છેતરતાં કંચનનો જીવ કપાઈ જતો હતો, પણ તે સિવાય છૂટકો જ ક્યાં હતો? આખો દિવસ કંચને ઢોંગ માંડેલો જ રાખ્યો. સાંજ પડતાં નરેશ કહે, 'કાલની પાર્ટીનું કેમ કરીશું?' કંચન બોલી, 'મારાથી કાલે તો કશી તૈયારી નહીં થાય. ખમણ-ઢોકળાની દાળ તો આજે પલાળવી પડે, પેંડા વાળવા માવો પણ હજી આણ્યો નથી. બે દિવસની તૈયારી વગર પંખીનો જન્મદિવસ ન ઉજવાય.' નરેશ કશું બોલ્યા વગર ખિન્ન વદને બેસી રહ્યો. તેનો પડી ગયેલો ચહેરો જોઈ

કંચન બોલી ઊઠી, 'પણ એમાં શું? અંગ્રેજી તારીખ પ્રમાણે ચૌદમી તારીખે પંખીની વર્ષગાંઠ આવે છે. તેને હજી આઠેક દિવસની વાર છે. તે દિવસે તમે જ નહોતા કહેતા કે ખરી ગણતરી તો તારીખ પ્રમાણે જ ગણાય?' નિરાશાનું વાદળ પત્નીના શબ્દો સાંભળી નરેશના ચહેરા ઉપરથી હઠી ગયું અને વળતે દિવસે પંખીની વર્ષગાંઠ વિઘ્નરહિત ઉજવાઈ ગઈ. બીજે અઠવાડિયે ફરીથી નરેશે પણ વર્ષગાંઠ ઊજવી.

તે પછી એકાદ મહિને પંખી સવારે ઊઠી, ત્યારે ડિલ ખૂબ તપેલું હતું. નરેશ દાક્તરને તેડી લાવ્યો. દાક્તર કહે, 'તાવ વધારે છે. સૂવાડી રાખજો.' તે તાવ બે-પાંચ દિવસે પણ ન ઊતર્યો. આઠમે દહાડે લોહી તપાસ્યા પછી દાક્તરે ટાઈફોઈડ વર્ત્યો. પંખીનો ખાટલો નરેશના ઘરમાં હતો. ત્યાં દિનેશને હવે નિત્ય ગયા વગર છૂટકો જ ન હતો. શરૂઆતમાં તો જ્યારે નરેશ બહાર ગયો હોય ત્યારે દિનેશ ત્યાં જઈ બેસતો, પણ મોટા મંદવાડમાં એવું ક્યાં સુધી ચાલે? 'જરા બરફ લેતો આવજે. મોસંબી પણ લાવવાની છે.' એવી વાતો કરવી જરૂરી રહેતી. કંચન તથા જયા વારાફરતી બરફ ઘસતાં બેસતાં. તાવ બહુ ઉગ્ર સ્વરૂપે હતો. બંને ઘરમાં રસોડાં ચલાવવાથી કંચન અને જયા બંનેનો વખત તેમાં જતો, તેથી તેમણે મસલત કરી, માત્ર એક જ બાવાળું રસોડું ચાલુ રાખ્યું. જે નવરું હોય તે રાંધતું અને જેને રુચિ થાય તે બે કોળિયા ખાઈ લેતું. બાકી સૌના જીવ અદ્ધર થઈ ગયા હતા. ત્રીજે અઠવાડિયે પંખીને પુષ્કળ ઝાડા થઈ ગયા અને ચોથે અઠવાડિયે તાવ ઊતરવાની જ્યાં આશા સેવીને ચારે જણ બેઠાં હતાં, ત્યાં પંખીને પડખામાં શૂળ ઉપડ્યું. દાક્તરે ન્યૂમોનિયા વર્ત્યો. ત્રણ દિવસ ભારે કટોકટીના હતા, વચલે દિવસે પંખી બેભાન બની ગઈ. પગ ટાઢા પડી ગયા. કંચન અને જયા એકબીજાને વળગીને રોતાં હતાં. નરેશ બે ભાઈઓમાં વધુ પોચો હતો. તેનાથી ન રહેવાયું. દિનેશને ખભે માથું નાખી તે ખૂબ રડવા લાગ્યો. પોતાનાં આંસુઓની પરવા કર્યા વગર નરેશને શાંત પાડવા દિનેશ પ્રયત્ન કરતો હતો.

મધરાતે પંખીની નાડી છેક જ મંદ પડી જતી લાગી. તેના ખાટલાની આસપાસ અદ્ધર શ્વાસે ચારે માતા-પિતા બેઠાં હતાં. નરેશનો હાથ જોરથી ઝાલીને દિનેશ બેઠો હતો. ચારે જણ પોતપોતાની રીતે ભગવાનને સંભારી રહ્યાં હતાં.

પાછલી રાતે પંખીનો શ્વાસોચ્છવાસ કાંઈક નિયમિત બનતો જતો જણાયો, પરંતુ જયા હળવે સાદે બોલી, 'ઓલવાતો દીવો લગીરવાર ઝબૂકી જાય, એવું તો ન હોય?' નરેશ બોલ્યો, ત્યારે આંસુથી તેનો સાદ ઘેરો બની ગયો હતો, 'મારી પંખીને આપણા માળામાંથી ઉપાડી જવાની ખુદ ભગવાનની પણ હિંમત નહિ ચાલે.' દિનેશ બોલ્યો, 'પરમાત્મા આપણી ચારેની લાજ રાખશે.' કંચન જાણે સ્વગત બોલતી હતી, 'બા, બા તમે ક્યાં છો? અમારાં રાંકનું આટલું રતન જળવાઈ રહે, એટલી અમારી અરજી ઈશ્વરના દરબારમાં તમે પહોંચાડજો.'

તે પછી પાંચેક મિનિટે પંખીએ આંખો ખોલી; નરેશ તરફ નજર ઠેરવી, હોઠ ફફડાવી તે બોલી, 'કાકા!' 'ઓ બેટી, દીકરી મારી ! શું છે?' નરેશ વાંકો વળીને હલકે અવાજે પૂછવા માંડ્યો, દિનેશે પંખીના હોઠ ઉપર બે ટીપાં પાણી મૂક્યું ને તેણે ગળે ઉતારી દીધું. કંચન હજી પંખીની પાંગતે બેસી ભગવાનની નહિ પણ સ્વર્ગે સંચરેલાં સાસુની જ પ્રાર્થના કર્યા કરતી હતી, 'ભગવાન મારું સાંભળે કે ન સાંભળે, પણ મારે મન તો તમે જ હાજરાહજૂર છો.' જયાએ તેની પાસે જઈ તેના કાનમાં કહ્યું, 'પંખીને જરા કરાર વળતો જણાય છે.'

આખી રાતની પૂરેપૂરી ઊંઘ પછીનું પ્રભાત અમુક પ્રકારનું ભાસે છે અને રાતભરના ચિંતાજનક ઉજાગરા પછીનું પરોઢ વળી તદ્દન અવનવું જ લાગે છે. પરોઢનો ધીમો આછો પવન વાતો હતો. પ્રભાતની તાજગીભરી હવાથી પંખીનો ઓરડો ભરાઈ ગયો હતો. નવજીવનનો સંદેશો લઈને જાણે પૂર્વના આકાશમાંથી શુક્રતારિકા પોતાનાં તેજ-કિરણો પંખીની ઉપર પાથરી રહી હતી.

સવાર પડી ત્યારે મૃત્યુ સાથે દ્વંદ્વયુદ્ધમાં વિજય મેળવીને પંખી ઘણે દિવસે જંપીને ઊંઘી ગઈ હતી. સવારે આઠ વાગે દાક્તર આવ્યા, ત્યારે જયા નીચે બાવાળા રસોડામાં ચાનું પાણી ગરમ કરતી હતી. કંચન બાના દેવઘરમાં બેઠેલી હતી. દરદીના ખંડમાં પંખી ઊંઘતી હતી. પાસેના ખાટલા ઉપર નરેશ જાગતો બેઠો હતો, તેના ખોળામાં માથું મૂકી દિનેશ ઊંઘી ગયો હતો. દાક્તરે સબસલામતની જાહેરાત કરી.

હજુ બાનું રસોડું જ ચાલતું હતું. એક દિવસ નરેશ કહે, 'હવે આ જ ક્રમ ચાલવા દઈએ.' દિનેશ કહે : 'બરાબર છે. ઘણાં કુટુંબો લડીને છૂટાં પડે છે. આપણે છૂટાં પડેલાં પાછાં અનોખાં બનીને રહીએ.' પણ પંખીએ એ સૂચના સામે વાંધો નોંધાવ્યો.

બે ઘર, બે રસોડાં, બે માતાઓ અને બે પિતાઓની સમૃદ્ધિનો ઠાઠ કમી કરવાની તેની મુદ્દલ ઇચ્છા હતી નહિ અને કંચન અને જયાએ પણ તેમાં સૂર પુરાવતાં કહ્યું, 'હવે જે રીતે ભેગાં થયાં છીએ તે ક્યાંથી જુદાં પડી શકવાનાં છીએ? પણ અમને બંનેને પોતપોતાનાં શોખ અને કોડ પ્રમાણે અલગ અલગ રસોડાં જ ચલાવવાની હોંશ છે. જે પ્રેમને તાંતણે બંધાયાં તે કાંઈ તૂટે એવાં નથી! અને નિશાળની પ્રાર્થનામાં શીખવાયેલું ભજન પંખીએ ગાવા માંડ્યું, 'સબસે ઊંચી પ્રેમસગાઈ.' **મ**



મુંબઈ સ્થિત, ગુજરાતી ભાષા સાહિત્યની અધ્યાપિકા. ભણતાં અને ભણાવતાં સાહિત્યનું સર્જન અને વિવેચકની ભૂમિકા સમજાતી ગઈ. વાચકથી વિવેચક સુધીનો વિસ્તાર સાધવાનો સતત પ્રયત્ન કરું છું. ભાષાને બચાવવાના ઘોંઘાટને બદલે ભાષાને ભણતા સુધી અને ભણેલાને ભાષા સુધી પહોંચાડવાનો સંનિષ્ઠ પ્રયાસ. જીવન, વાંચન અને સર્જનમાં રસ પડે છે.

**૧૦-બી, ૭૦૨**
**એલિસા નગર લોખંડવાલા**
**કોમ્પ્લેક્સ કાંદિવલી (પૂર્વ)**
**મુંબઈ ૪૦૦ ૧૦૧**
**મો. ૯૮૨૧૫ ૩૩૭૦૨**
**sej_5874@yahoo.com**

**'મમતા' વાર્તાસ્પર્ધામાં પ્રથમ સ્થાને આવેલી ત્રણ વાર્તાઓમાંની એક**

## સેજલ શાહ

# વચન

'હેં અલ્યા, આવું તે કંઈ હોય ખરું ?' પક્યાએ પૂછ્યું.

'હા, તે આખા ગામમાં વાત ફેલાઈ તે... કાંઈ હાવ ખોટું થોડું હોય...' સમો બોલ્યો.

પક્યાએ માથુ ખંજવાળ્યું. વાત ગળે ઊતરતી નહોતી અને સાવ કાઢી નાંખવામાંયે જોખમ હતું. કંઈ સમજાયું નહીં. શું હશે અને શું કરવું?

મનમાં બબડ્યો., 'હારું... ત્યારે... જે થાય તે ખેલ જોયા કરીએ...'

વાત જાણે એમ હતી કે આખા ગામમાં ખબર ફેલાઈ'તી કે વખ્યાને ત્યાં 'માઈકલ જેક્સન' જન્મવાનો છે. માઈકલ જેક્સન - પેલો ગાનારો. વખ્યો, સાબરકાંઠા ગામનો, સાવ નાનકડું ગામ, દુનિયાથી સાવ જુદું અને પોતાની મસ્તીમાં મગ્ન. પોખરણમાં બોમ્બ ફૂટે કે શેરબજાર ભાંગી પડે, ગામ નર્યું બેખબર. ન બંધ, ન હડતાલ, ન પ્રદર્શનો. બસ, ચૂંટણી ટાણે જરા અવસર જેવું હોય. જીપ અને ગાડીઓ ત્યારે આવે. બાકી લગ્ન ટાણેય બળદગાડાની જ ધૂળ ઊડે અને ઘૂઘરીઓ વાગ્યા કરે. રોજ સવારે એ જ રઘુદા સાઈકલ લઈને દૂધ વેચવા નીકળે અને માંદા હોય ત્યારે ગાંભીમાસી ભળભાખળું ટાણે આવી ખબર કરી જાય કે આજે ઘેર દૂધ લેવા જવાનું છે. આખું ગામ શક્કરિયાની વાડીની મરઘીની બાંગથી જાગે. આ તો હમણાં-હમણાં આ ગામમાં ચાની હાટડિયું આવવા માંડી હતી અને પછી ધીરે-ધીરે બીડીને બદલે સિગરેટો ફૂંકાવા માંડી, એય થોડી-થોડી મોંઘી પડે ને, એમાંય જુવાનિયાઓ રોફ દેખાડવા પીવે. એમ જ ધીમે-ધીમે ટી.વી. અને રેડિયોનો અવાજ



ગાજતો થયો, એટલે લોકો ગીત-સંગીત, ઘોંઘાટથી પરિચિત થયા. માતાજીના ગરબા લીધા પછી જુવાનિયા ડિસ્કો દાંડિયાની રમઝટ બોલાવતા થયા અને બે ચોપડીઓ ભણેલાયે મોબાઈલનાં ભૂંગળાં કાનમાં નાખી સાંભળતા અને નાચતા રહેતા. લોકોને બીજા સમાચારોમાં બાકી બહુ રસ પડે નહીં, પણ એક સચિનના બેટ-બોલ અને નાચવાનું ગામવાળાને ભારે ગમ્મત પહોંચાડતું. માઈકલ જેક્સનનું નામ ગામવાળા માટે ખાસ્સુ પરિચિત, એનીય એક કથા છે. ગુણિયલ બાપાનો દીકરો 'રમ્યો' એટલે હવે 'રેમ' અમેરિકા ગયો. ભણવામાં કંઈ બહુ રસ ન પડ્યો. હોટેલ મેનેજમેન્ટ કરવા ગયો'તો પણ કંઈ મેનેજમેન્ટની ભાષા એનાથી મેનેજ ન થઈ, પણ પાછો આવે તો નામ ડૂબે, ત્યાં જ રહી ગયો. એમાં એવું થયું કે નાનો હતો ત્યારથી બહુ મજાની થાળી વગાડતો. એની આંગળીઓ થાળી પર પડે અને લોકોના પગ નાચવા મજબૂર થઈ જાય. એને અમેરિકામાં એક એના જેવો જ ગાવા-વગાડવાવાળો મળી ગયો અને પછી સ્ટ્રીટ-શો અને એમાંથી પોતાનું બેન્ડ શરૂ કર્યું. ધૂની પ્રજાને આ સંગીતે ઘેલું લગાડ્યું. રેમ તો ધીરે-ધીરે જામવા માંડ્યો અને સાબરકાંઠા ગામમાં પણ સંગીતની સમજ ખીલવા માંડી. રેમ એટલે સાબરકાંઠા ગામનો 'માઈકલ જેક્સન' જ. એના બેન્ડનું નામ એમ. જે. અને એણે પોતાના ફોટાવાળી માઈકલ જેક્સનની સી.ડી.ઓ ગામમાં મોકલાવી ત્યારથી બંનેની પ્રસિદ્ધિનું કહેવું શું!

અંગ્રેજી સમજાય કે ન સમજાય, પણ ગામ આખાને લાંબા વાળવાળા ગોરા માઈકલ જેક્સનમાં બહુ રસ પડવા માંડ્યો હતો. બધાના ઘરનો તે જાણે પાડોશી. રેમનું બેન્ડ અને માઈકલનાં ગીતો બધા જ વગાડે અને ગામનાં ઘરડાંઓ બૂમોયે પાડે, પણ સાંભળે કોણ? પાછું 'રેમે' કહ્યું હતુંઃ તે એક દિવસ ગામમાં આવી અહીં પણ 'બેન્ડ' ચાલુ કરશે અને પછી સાબરમતીનું બેન્ડ ગામેગામ વગાડવા જશે. જે દિવસે માઇકલ જેક્સન મરી ગયો ત્યારે ગામવાળાને તો જાણ પણ નહોતી, પણ બીજે દિ' રમ્યાનો ફોન આવ્યો અને આખું ગામ શોકાતુર હતું, પણ પછી રમ્યાએ બાંયધરી આપી કે તેનું બેન્ડ સલામત છે અને તે હમણાં તો પાછો નહીં જ આવે.

સલૂણાં સપનાં, રેમનું બેન્ડ અને પછી સાબરમતી ગામ. કેટલાંયની આંખો ભરાતી, રાત્રે સપનાં જોવાતાં, ખેતરે કામ કરતાં કે સ્ટેશને મજૂરી કરતાં કે ભરાતી બજારમાં સામાન વેચવા જતાં, ગણગણતી જીત અને રમઝમતા ધબકારમાં સાબરમતી જીવતું, હિલ્લોળતું અને થાક્યા વગર વાટ જોતું.

એવા જ એક દિવસે વખ્યો શેરીને નાકે બેઠો હતો, રખો અને બીજા ચાર-પાંચનું ટોળું જમા થયું હતું. અચાનક વખ્યો ઊભો થયો, સળગતી બીડી ફેંકી, એના પર ચંપલ ચાંપ્યાં અને ટેન્શનમાં આંટા મારતાં મારતાં રખા પાસે પહોંચ્યો. એના ખભે હાથ મૂકી બોલ્યો, 'યાર, શું કરું, કંઈ હમજાતું નથી?'

'કેમ રે હું થયું ત્યેં?'

'અરે ભઈ, કોઈને કહીશ તો માનશે પણ નહીં, પણ હારી વાત હાવ કાઢી શકાય તેમ પણ નથી.'

'પણ, જે છે ત્યે, મોઢામાંથી ભસ્ય તો ખરો...'

'મારી બૈરીને છોકરું થાવાનું છે ને...'

'હા, તો એનું શું? તારું નથ્ય કે?'

'ચૂપ મરીશ? મારું જ છે, પણ છેલ્લા ત્રણ દા'ડાથી એને એક જ સપનું આવે છે. સપનામાં પેલો માઈકલ્યો આવીને કહે છે કે હું તારે ઘેર જન્મવાનો છું... પે'લ્લીવાર તો મેં મજાક જ જાણી, પણ... ગઈ કાલની રાત્ય, તેની ત્રીજી રાત હતી. હવે કોણ જાણે હું થાશે... હારું મગજ બહેર મારી ગ્યું છે...'

રખાએ વખ્યાની પીઠે ધબ્બો માર્યો ને બોલ્યો, 'અરે, પણ માઈકલ્યો તો મરી ગયો ને, પછી એનું શું છે... તે વળી પાછો અહીં કેમ આવે? તે અમેરિકામાં જગા ભરાઈ ગઈ કે શું?'

વખ્યો ભડક્યો, 'અરે,એના વિશે મને શું ખબર, પણ આ તો છેલ્લા ત્રણ દહાડાથી સપનાંએ હદ કરી નાખી છે. પહેલાં તો મને રેમ્યાની શંકા પડી, એટલે કાળજે પથ્થર મૂકી મેં પૂછ્યુંયે ખરું, રેમ્યા જેવો દેખાતો' તો? તો ના પાડી. રેમ્યાએ પેલી ગોળ ડિસ્ક મોકલાવી છે તેના પરનો ફોટો દેખાડી, બરાબર બોલી કે આ જ આવીને કહે છે કે હું તારે ત્યાં આવવાનો છું. મારો તો જીવ ભરાઈ પડ્યો છે કે હવે શું કરું? એને ક્યાં રાખીશ, ક્યાં મોટો કરીશ અને એ ય પાછું અહીંયા? ઘરમાં પૂરા પડતા નથી ત્યાં આ રોજ આવીને કહી જાય છે કે હું આવવાનો છું... હું આવવાનો છું.'

એકી શ્વાસે વખ્યો બોલી ગયો. બાજુમાં પડેલા પથ્થર પર પગ વાળીને બેસી ગયો, હાથની સળી વડે જમીન ખોતરતો રહ્યો, પછી ઘડીક ઉપર જુએ ને ઘડીક નીચે. જાણે એની આંખોને હવામાં ક્યાંક એની મૂંઝવણનો ઉકેલ મળી ન જવાનો હોય? બધાની નજરું વખ્યા પર ખોડાઈ હતી. રખાની આંખો તો આભી થઈને જોઈ રહી. આ વખ્યાને કઈ રીતે ઉકેલવો? વખ્યાએ આગળ ચલાવ્યું,

'કોઈને કહું તો સાચું ય ન માને, પણ માતાજીના સોગંધ... તે રોજ ભળભાખરું વેળાએ મને ઉઠાડે અને એક જ ગાણું વગાડે છે...'

'હવે તો ઉપરવાળો જાણે... જો આ વાત હાચી પડશે તો...' વખ્યાની જીભ કચરાઈ ગઈ હતી. એ બધા સામે તાકતો હતો. કોઈ કાંઈ બોલે છે કે નહીં.

પણ મજાલ છે કે કોઈના મોઢા પરની માખેય ઊડે. છેવટે વખ્યો જ પાછું બોલ્યો, 'એલ્યા, કાંઈ તો બોલો, સાપ સૂંઘી ગ્યો કે હું?'

'અરે તારે તો જલસ્યા થઈ ગ્યા, વખ્યા.' એકે કહ્યું.

'તારે ત્યાં તો ગાનારો પાકવાનો રે.' બીજાએ સૂર પુરાવ્યો.

'હા... પણ છોકરાનો જ કંઠ લાવશે ને...' ત્રીજાના સવાલે બધાને ચોંકાવ્યા. વખ્યો પાછો છંછેડાયો, એણે કહ્યું હું આવવાનો, એટલે છોકરો જ નહીં કે?'

'વખ્યા, તારે તો દિવાળી આવી ગઈ.' બધાએ સૂર પુરાવ્યો. વખ્યો બધાની સામે જોતો હતો કે દિવાળી કે હોળી એ તો હજી બીજા ચાર મહિને જ જણાશે, પણ હાલ તો નિભાવવાનું છે.

બધા છૂટા પડવા માંડ્યા. વખ્યાએ હાથની સળીને જમીનમાં ઊભી ઘુસાડી. એની વિજયપતાકા. હળવો ફૂલ થઈ ગયો હતો એ. આજુબાજુ નજર કરી અને ધીમે સાદે જેટલા બાકી હતા એ બધાને જરા ઓરા બોલાવી ધીમેથી ગણગણ્યો, 'અને હા... પાછા હમણાં બધે બધું કહેતા ના. હં કે. આ તો સપનું કહેવાય પાછું, હાચુંયે પડે અને નહીં તો ગાંડામાં ખપાવાય, પણ હવારની વાત કદી ખોટી પડતી સાંભળી નથી. ચાલો ત્યારે હું જાઉં, જઈને જોઉં પેલા ગાનારાને કંઈ જોઈતું તો નથી ને.'

બીજા દિવસથી આખા ગામમાં ચારેકોર એક જ વાત ચાલતી હતી, વખ્યાને ઘેર માઈકલ જન્મવાનો છે. વાતે તો વાયુને સંકોર્યા, વાત ઠેર-ઠેર પહોંચી, ગામ આખામાં બધા એક જ વાત કરતા હતા. બૈરાંઓએ તો કમાલ કરી, શરૂશરૂમાં તો આવી બધાં વખ્યાની બૈરીને પૂછતાં હતાં, પણ પછી તો ઘરની બહાર ભીડ જ રહેતી. એક વાર એક બાઈ ચૂરમું લઈને આવી, પછી બધાં જ બૈરાંઓ મંડી પડ્યાં. ગોળપાપડી, લાડવા, ઘી, શીરો એવી જાતજાતની અને ભાતભાતની જયાફતો ઉડવા માંડી. બહાર એક મોટું પાટિયું લગાડાઈ ગયું, એના પર જે કોઈ માઈકલ માટે લઈને આવે તેનું નામ લખાય કારણ માઈકલના જન્મ્યા પછી આ બધાં જ નામો માઈકલને કહેવાના અને માઈકલ બધાનું ઋણ ફેડશે. આ બધામાં આઠ વરસના પાળિયાને મજા આવી ગઈ. તે પાટિયા પાસે જ બેસી રહેતો. તેને એક નામ લખવાને બદલે ક્યારેક પેંડો તો ક્યારેક ગોળપાપડી, તો ક્યારેક દસિયું મળી રહેતું. માઈકલના નામે તો જાહોજલાલી.

કેટલાંક વખ્યાની બૈરીને ભલામણ કરતા ગયા કે અમારું નામ યાદ રાખજે હોં. વખ્યાનું ઘર રાતોરાત ગામમાં પ્રખ્યાત બની ગયું. જેમ જેમ દહાડા ઊતરવા માંડ્યા તેમ તેમ વખ્યાને ઘેર ખાવાના થાળ ઊતરતા. વખ્યાની બૈરીનું ધ્યાન આખું ગામ, બાજુવાળા ગામો અને આવા કેટલાંયે લોકો રાખતા.

ધીરે ધીરે સમાચારવાળા, ચેનલોવાળા, રેડિયો, દૂરદર્શનવાળા જાતજાતના લોકો વખ્યાની બૈરીને મળવા આવવા લાગ્યા... ફોટાઓ, વીડિયો, મુલાકાતો... વગેરે.

એક સપનાની વાત, સાચું પડવાની શ્રધ્ધા અને સાબરકાંઠા ગામ અને વખ્યાનું ઘર હવે તો પ્રચલિત બની ગયું. વખ્યાએ બરાબર આયોજન કર્યું, ફૂલડીને જરાય તકલીફ ન પડે તેનું. તેને જરાય શ્રમ ન પડે એ રીતે અંતર રાખીને ઈન્ટરવ્યૂ ગોઠવતો. બધું જ પાછું કિંમત સાથે કરવું જ પડે ને, માઈકલના ઉછેર માટે વખ્યાએ પોતાની પહોંચ વિસ્તારવાની હતી. ફૂલડીને આપેલું વચન બરોબર પળાયું હતું.

કેટલીક સંસ્થાએ બાળકના દત્તક લેવા વિશે, સંગીતની ટ્રેનિંગ આપવા વિશેની ભલામણો કરી, ઓફર આપી. વખ્યાએ બધું જ ફાઈલ કરી લીધું, પછી સમયે જવાબ અપાશે, હમણાં બધાં જ રાહ જુઓ. મારી મા કહેતી કે બાળકના જન્મ પહેલાં બહુ પ્લાન ન કરવા, અપશુકનિયાળ કહેવાય. રોજ નવી ઓફર, ભલામણ બધું જ ફાઈલોમાં ભરાતું ગયું. દિવસો વીતતા ગયા. બાળક જન્મવાના દિવસોયે નજીક આવવા માંડ્યા. વખ્યો હમણાં હમણાં ગૂમસૂમ રહેવા માંડ્યો હતો. રોજ ઘરે આવીને પાટિયા પરનાં નામો જોતો, ફાઈલો પર હાથ ફેરવતો, ફૂલડીના મલકાતા ચહેરાને જોતો. તેનો ચહેરો બદલાયો હતો, સંતોષ, ચળકાટ તરવરતા હતા. પછી પોતાનો ચહેરો કાચમાં જોતો. હમણાં-હમણાં તે થોડો ઝાંખો લાગતો હતો, થાકી ગયો હતો. બધું જ તો બરાબર ચાલી રહ્યું હતું, એની ઇચ્છા મુજબ. તેણે પોતાના દિમાગને દાદ આપવી જોઈએ, પણ ખબર નહીં કેમ બેચેની જેવું લાગતું, મનમાં ક્યાંક થોડોક ઉચાટ વર્તાતો, અજંપો ઘેરી વળતો. રાતે ઊંઘ ઊડી જતી, ઓરડીની પાછળ જઈને બહાર બેસતો. ક્યાંય સુધી રેતી ખોતરતો રહેતો, દૂર દૂર નજર માંડીને અંધારાને કાપવાનો પ્રયત્ન કરતો, પણ કંઇ એવું નહોતું કે જે વખ્યાને જીવાડી શકે, મનાવી શકે કે ફરી પાછું એક વાર વખ્યાના સમયને પાછો બોલાવી શકે. વખ્યાએ વચન આપી દીધું હતું, એ ક્ષણે, હવે મુક્તિ ક્યાં શક્ય હતી? પળ વખ્યો ચૂકી ગયો હતો. વચનમાં બંધાઈ ગયો હતો.

'ફૂલડી' વખ્યાની 'ફૂલરી' જ્યારથી પરણ્યો હતો ત્યારથી બસ આસમાનમાં પગ જેવી સ્થિતિ હતી. દુનિયા મુઠ્ઠીમાં લઈને વખ્યો રોફ મારતો હતો. 'ફૂલડી' હતી જ એવી સુંદર, એનું લાવણ્ય, કમનીયતા, સાબરકાંઠા ગામમાં આવી કન્યા સાંપડે, એ જ અહોભાગ્ય કહેવાય. વખ્યો એની સાથે પરણ્યો કારણ કે વખ્યાના બાપાએ કરેલા ઉપકારનો બદલો વખ્યાને મળ્યો. આમ તો વખ્યો ય સાવ નાખી દેવા જેવો નહીં. સીધો, સરળ.

ભલે વધુ પૈસા નહીં, પણ સાબરકાંઠાના બીજા છોકરાઓના પ્રમાણમાં વધુ વિશ્વાસપાત્ર તો ખરો જ.

ફૂલડીનાં પગલાંનો રણકાર, વખ્યા માટે ચાર દિવસમાં ઊડી ગયો, જ્યારે ફૂલડીએ તેને પામવા માટે શરત મૂકી, 'મને પામવાની લાયકાત તો કેળવ. તારાં છોરાંની મા તો જ બનું જો તું મને મેડમ જેવી સારસંભાળ કરાવડાવે, નહીં તો તારી ને મારી રાતો જુદી.' વખ્યાના તો પગ નીચેથી ધરતી સરકી ગઈ, ફૂલડીએ ડંખ દઈ દીધો હતો. વખ્યો કોને શું કહે? ફૂલડીને ખૂબ સમજાવી, મનાવી, જાત-જાતના અખતરા કર્યા, પણ ફૂલડી એકની બે ન થઈ. 'મને મેડમ જેવી સાર-સંભાળ જોઈએ જ.' તે દિવસે તો ફૂલડીએ હદ કરી. વખ્યાએ તેને માતાજીના મંદિરે દર્શન કરવા ચાલવા કહ્યું, ત્યારે ફૂલડી ચંડી બની ગઈ, 'તે તારામાં ત્રેવડ નહોતી, તો ઘેર લાવ્યો શું કામ?' આજે જવાબ આલ, નહીં તો હું મારી રાત્યો ક્યાં ગાળું છું, એ અંગે પૂછપરછ કરવાનો તારો કોઈ અધિકાર નથી, એ સમજી લેજે.'

આખી રાત ગામમાં માતાજીના મંદિરમાં કાઢી. સવારે ઘર તરફ વળ્યો ત્યારે ઘર બહાર લોકોનું ટોળું જોયું. માતાજીએ વિનંતી સાંભળી લાગે છે. ફૂલડીને દીકરો જન્મ્યો. પણ જેમ તે નજીક પહોંચ્યો, અવાજમાં ગુસ્સો, ચીડ, આક્રોશના વેણ સંભળાયાં.

એ આખો દિવસ વખ્યો ગામની ભાગોળે બેઠો રહ્યો હતો. જમીન ખોતરીને ખોતરી શોધવાનો પ્રયત્ન કરતો રહ્યો. એ દિવસે રાતે બાર વાગે વખ્યો ઘરે પહોંચ્યો. હૈયડામાં જરા ડર પેસી ગયો હતો કે ફૂલડી ઘરે હશે કે નહીં, પણ એને આજે ફૂલડીના વિશ્વાસનાં પારખાં કરવાં હતાં. તુક્કો તો મળી ગયો હતો, પણ પછીયે ચાર કલાક કાઢ્યા, આમથી તેમ આંટા મારવામાં વખ્યો ઘેર પહોંચ્યો, લાઈટ નહોતી, હૈયે ફડક પેઠી. જાત પર ગુસ્સો આવ્યો. મેં ક્યાં પારખા કર્યાં? પણ ના આજ તો તક હતી કે જેના માટે હું જીવ સટોસટની બાજી ખેલું છું એ એને લાયક છે ખરી? દરવાજો ખુલ્લો હતો, ખસેડ્યો, અંદર ફૂલડી બેઠી હતી, એની આંખોમાં ન સમજાય એવો વિશ્વાસ તરવરતો હતો. વખ્યાએ વેણ ફેંક્યું, 'જા આપ્યું વચન, મારા બાળકના જનમ ટાણે તું મેડમ જેવા નખરા પામીશ.' તે દિવસનું વચન અને આજનો દિ.

હવે થોડા દિવસો જ છેટા હતા, વખ્યાની ચિંતા વધતી ચાલી. લક્ષ્મીજી આવશે તો આવેલી લક્ષ્મી શું પાછી વાળવી પડશે... છોકરો એના જેવો ઘઉંવર્ણો હશે તો... એની આંખો જોઈ શું લોકો નહીં ઓળખી શકે? આ અસત્યને ક્યાં દાબડામાં છુપાવવા જવું, ક્યા ખાડામાં પૂરવા જવુ? વખ્યાની રાતો ને દિ એક જ ચિંતામાં ગળતા ગયા. એક દિ' ફૂલડીએ એને બોલાવીને પૂછી લીધું કે 'તને ડર હેનો છે, છોકરી આવશે એનો કે પછી એના મોઢામાં આપણો ચહેરો દેખાશે એનો?' વખ્યો કંઈ જ ન બોલ્યો. ફૂલડી જ બોલી, 'તું ડર નહીં, જો છોરી જન્મશે તો વાવડીમાં પૂરી દઈશું ને છોકરો આવશે તો એને માઈકલ્યો બનાવીશું. તું ચિંત્યા ન કર.' વખ્યો, ફૂલડીને તાકી રહ્યો કે 'આ મા છે કે કાળમુખી.'

ફૂલડી ત્રાંસુ હસી, 'માવડીના ધોધ તો મારામાં ખૂબ ઉછળે છે પણ તે મારી એ ઈચ્છાને પૂરી કરી જે એક મરદ જ કરી જાણે, આજથી તું ફકર ન કર. મેં વચન માંગ્યું'તું, તો એ મારી જવાબદારી છે, જા તું મજા કર. મને એ મળી ગયું છે જે આખા ભવમાં ક્યારે ન મળત. તે આપ્યું હવે હું એને બરોબર ભોગવીશ. જા મારું વચન છે તને કે તારે ચિંત્યા નહીં કરવી પડે, ખાતરી રાખજે.' વખ્યાએ ફૂલડી સામે જોયું. તેની આંખમાં એ જ રાત જેવો અજબનો વિશ્વાસ અને નિશ્ચય વખ્યાએ જોયો. તે સીમ ભણી ગયો. બસ, હવે એક કે બે દિવસ, તેના ઘરે બાળકનું રૂદન સંભળાવાનું હતું, તેનું મન ગભરાતું હતું પણ આજે વખ્યાને બહુ સારું લાગ્યું, તેને ફૂલડી પર વિશ્વાસ હતો, એ ચોક્કસ જ મારગ કાઢશે.

આખી રાત ગામમાં માતાજીના મંદિરમાં કાઢી, સવારે વખ્યો ઘર તરફ વળ્યો ત્યારે ઘર બહાર લોકોનું ટોળું જોઇ વખ્યાને થયું. માતાજીએ વિનંતી સાંભળી લાગે છે. ફૂલડીને દીકરો જન્મ્યો. હાશ, પણ જેમ તે નજીક પહોંચ્યો, અવાજમાં ગુસ્સો, ચીડ, આક્રોશના વેણ સંભળાયા. તે લાગલી ઝડપે ઘરે પહોંચ્યો. રખાએ તેના ખભે હાથ મૂક્યો. કેટલાંકે સામટું ઠૂઠવું મૂક્યું. વખ્યાને કંઈ જ ન સમજાયું. 'હારું થયું છે શું, કોઈ તો ભસો...'

ટોળામાંથી કોઈ બોલ્યું, 'તારી બૈરી ભાગી ગઈ લ્યા, માઈકલ્યાને લઈને ભાગી ગઈ...'

'હેં... એ ના હોય... આ હાલતમાં... ન બને...'

વખ્યાએ લગભગ ચીસ પાડી. પછી તેનો અવાજ ચોરાય ગયો. માથે હાથ દઈ બેસી પડ્યો.

ટોળામાંથી કોઈએ ફૂલડી માટે બે-ચાર ગાળો ભાંડી, બાકીનાએ એમાં સૂર પૂરાવ્યા.

વખ્યો કોના મોઢે ડૂચા ભરાવે, 'ઇ તો એણે વચન પાળ્યું... હોં...' **મ**




૨૦૦૨માં અંગ્રેજી સાહિત્યમાં એમ.ફિલ.નો અભ્યાસ પૂર્ણ કર્યો. અંગ્રેજીના વિઝિટિંગ લેક્ચરર તરીકે ચાર વર્ષ કાર્ય કર્યું. ટી.વી.માં ન્યૂઝરીડર અને એન્કર તરીકે, આકાશવાણીમાં એનાઉન્સર તરીકે પછી ભાષાંતરકાર તરીકે ફ્રીલાન્સ કામ કર્યું. નવનીત સમર્પણમાં મારી વાર્તાઓ ૨૦૦૯થી પ્રગટ થતી રહી છે.

**એફ-૨૦૩, કનકકલા-૨**
**રાહુલ ટાવર સામે**
**શ્યામલ આનંદનગર રોડ**
**સેટેલાઇટ, અમદાવાદ-૧૫**
**મો. ૯૮૨૫૪ ૫૦૪૭૫**
**pooja.tatsat@gmail.com**


**'મમતા' વાર્તાસ્પર્ધામાં બીજા સ્થાને આવેલી ત્રણ વાર્તાઓમાંની એક**

## પૂજા તત્સત્

# બોન વોયેજ

'કાવ્યા ડાર્લિંગ, આઇ એમ કમિંગ બેક લોક સ્ટોક એન્ડ બેરલ ફોર એવર એન્ડ ફોર એવર -' ડેડ.

'પણ કેમ? શા માટે? શું થયું ભાઇના ઘરે? -' આવું બધું વિસ્મય અને આઘાતથી એ અસંબધ્ધ ભાષામાં પૂછતી રહી.

'અમેરિકા ઇઝ અ કન્ટ્રી ક્લોઝ ટુ માય હાર્ટ. હું ભૂલથી ઇન્ડિયામાં જન્મી ગયેલાઓમાંનો એક છું.' એવું બધું કહેનારા-માનનારા ડેડ આજે હંમેશ માટે પાછા... 'ઘરબર ક્લીન કરાવી નાખજે - કૂક અને મેઇડને ઇન્ફોર્મ કરી દેજે અને હા, એરપોર્ટ પર મને લેવા આવવાની જરૂર નથી. આઇ એમ ફીટ ઇનફ ટુ...' હંમેશાંની જેમ. ડેડ ધ ગ્રેટ. પણ તો પછી શું...

'પણ ડેડ પંદર જ દિવસમાં આમ પાછા આવી જવાનો ડિસિઝન? કંઈ કારણ?' કાવ્યાનું આશ્ચર્ય શમતું ન હતું.

અને આમ તો સિત્તેર વર્ષના રિટાયર્ડ જજ પરિમલ ભટ્ટને વળી શું કારણ નડે? કોઈ કારણમાં એવી તાકાત નથી કે... એમના નિર્ણયો અફર રહેતા. એમાંય એમની રિટાયરમેન્ટ પછી અમેરિકા વસવાના નિર્ણયની દૃઢતા તો જગજાહેર હતી.

કાવ્યાને અને એના હસબન્ડને ન્યૂયોર્ક તાણી જવાના પ્રયત્નમાં પણ કાવ્યાના ભાઈએ અને એમણે કંઈ બાકી નહોતું રાખ્યું. 'પણ ડેડ, વી આર ક્વાઇટ હેપી હીઅર. શા માટે એવો અખતરો કરવો?' કાવ્યા હંમેશાં દલીલ કરતી.

'શા માટે શું? એક નવી દુનિયા, એક મુક્ત વિરાટ કલ્ચર જોવા માટે. ઇન્ડિયામાં કૂપમંડૂકની જેમ એક જોબને વળગીને વર્ષોનાં વર્ષો-' ડેડ.

'તો અમેરિકા આવીને શું કરવાનું? પહેલાં હાઉસ, પછી એનાથી મોટું હાઉસ. પહેલા કાર, પછી એનાથી મોટી કાર. પછી એ હાઉસમાં કર્ટેન્સ, ફર્નિચર, રાચરચીલું ઠાંસીઠાંસીને ભરવાનું. બેઝમેન્ટમાં ઇન્ડિયાથી લાવેલી આઇટેમ્સનો ખડકલો ઝીંકયે જ રાખવાનો. વસ્તુવાદ, કન્ઝ્યુમરીઝમ, મટિરિયાલિઝમ-' કાવ્યા.

'મટિરિયાલિઝમ પર આખી દુનિયા ટકી રહેલી છે. એ ન હોય તો બધું રસાતાળ જાય, પણ તું નહીં સમજે માય ડાર્લિંગ. કેમ કે તું બિલકુલ તારી મોમ જેવી છે. ચાલશે, ભાવશે, ફાવશે વગેરે વગેરે.'

'આ ડિસ્કશન એન્ડલેસ છે ડેડ, વી આર જસ્ટ નોટ ઇન્ટરેસ્ટેડ.' આવી કેટલીયે દલીલો હવામાં ઓગળી જતી. વીતી ગયેલા, વર્ષોના સંવાદોને હવાના તરંગોમાંથી ફરી ઝીલવાનું જો શક્ય હોત તો એને ફરીફરીને સાંભળત. ખાતરી કરવા માટે કે આ એ જ ડેડ છે, જેમના માટે અમેરિકન સિટિઝનશિપ રિટાયર્મન્ટ પછીની સૌથી મોટી મહત્ત્વાકાંક્ષા હતી અને સિટિઝનશિપ પછી કાયમી વસવાટ માટે અમેરિકા ગયેલા ડેડ આજે પાછા આવી રહ્યા છે. ખેર, આવશે એટલે શાંતિથી પૂછીશ. એમની ઇચ્છા હશે તો કહેશે. આવું બધું વિચારતી એ ઘરનો ખૂણેખૂણો જોઈ રહી. એ હંમેશાં આવું કરતી. જોવાતા દશ્યમાં ઓગળી જતી. ડેડની જેમ ડિટૅચ્ડ અને ઓબ્જેક્ટિવ ક્યારેય ન રહી શકતી. ત્રણ ભાગમાં વહેંચાયેલો ડ્રોઇંગ હોલ. એક આખા ભાગની દીવાલમાં પુસ્તકોથી ખીચોખીચ ભરેલા કાચના તોતિંગ કબાટો. સૌથી મોટું સેક્શન ડેડના કાયદાનાં પુસ્તકોનું. બીજું નાનું સેક્શન મોમનાં સાહિત્ય અને આયુર્વેદનાં પુસ્તકોનું અને ત્રીજામાં કાવ્યાના અને ભાઇના મેનેજમેન્ટનાં પુસ્તકો. ભાઈ તો ક્યારેય ન્યૂયોર્કથી પાછો

આવ્યો જ નહીં. મોમનાં પુસ્તકો એમના અવસાન પછી અકબંધ રહેતાં. ડેડને લિટરેચર અને ફિક્શન સાથે શી લેવાદેવા? એ તો હકીકતો અને માહિતીઓના માણસ. આ ઘરમાં પુસ્તકોની જેમ માણસોના પણ અલગ કમ્પાર્ટમેન્ટ હતા. ડેડ અને ભાઈ એક તરફ, તો એ અને મોમ બીજી તરફ.

ડેડના ટેબલ પર 'ગોલ્ડન ટ્રેઝરી' પુસ્તક જોઈને એને આશ્ચર્ય થયું. ડેડ ગયા એના બીજા દિવસે એ ઘર સમેટવા આવી હતી ત્યારે પણ કદાચ આ પુસ્તક અહીં જ પડ્યું હતું, પણ એ દિવસે એ ઉતાવળમાં હતી. આજે કોઈ ઉતાવળ ન હતી. ડેડને આવવાને હજી ચાર કલાકની વાર હતી. બીજા રૂમમાંથી નોકરનો ઘર ઝાપટવાનો અવાજ સંભળાઈ રહ્યો હતો. કાવ્યાએ કુતૂહલથી પુસ્તક હાથમાં લીધું, અંદરના પ્રથમ પેજ પર ગોલ્ડન પેનથી લખેલું અનામિકા દેસાઈ નામ ઝગમગતું હતું. કોણ વળી અનામિકા દેસાઈ? ડેડના કબાટમાં સાઇઝ પ્રમાણે કતારબંધ ગોઠવેલાં રહેતાં પુસ્તકોની ગોઠવણીમાં આજે કંઈક ફેરફાર હતો. બે-ચાર પુસ્તકો આડાંઅવળાં ખોસેલાં હતાં. ફિક્શન અને કાવ્યસંગ્રહો... ડેડના તો ન જ હોય. ડેડ આવું બધું ક્યારથી...

ડેડની ડાયરી પર નજર પડતાં કાવ્યા ફરી એક વાર અચંબામાં પડી ગઈ. ડેડ ડાયરી ભૂલી ગયા? પણ ભૂલે તો ડેડ... વર્ષોથી એ



આ ડાયરીનું જીવની જેમ જતન કરતા. ઝનૂનપૂર્વકની ચોકસાઈથી રોજ એમાં નોંધ કરતા. મોમના અવસાનનો દિવસ પણ એમાંથી બાકાત ન હતો. તો પછી કેમ ડાયરી મૂકીને ગયા હશે? એણે ઘણાં વર્ષો બાદ ડાયરી હાથમાં લીધી. નાની હતી ત્યારે ક્યારેક કુતૂહલવશ વાંચતી. પછી તો જેમ મોટી થતી ગઈ એમ સમજતી ગઈ કે એની અને ડેડ વચ્ચે યોજનોનું અંતર હતું. એણે ડાયરીનાં પાનાં ઉથલાવ્યાં. આગળનાં અડધા ઉપરનાં પાનાં ડેડના કોર્ટ કેસ તેમજ સાંપ્રત રાજકીય, આર્થિક ગતિવિધિઓ પર એમની કમેન્ટ તેમજ દૈનિક નોંધથી ભરપૂર હતાં, મોમના અવસાનની તારીખથી શરૂ કરીને એણે વાંચવાનું શરૂ કર્યું. વચ્ચે અમુક લાઇનો, પાનાં છોડીને એ વાંચતી રહી.

... આજે સુધાએ વિદાય લીધી. પાંત્રીસ વર્ષનું લગ્નજીવન પૂરું થયું. ગયા વર્ષે બરાબર આજના દિવસે રિટાયર થયો હતો. કેવો યોગાનુયોગ? આમ પણ સુધાનો રિટાયર્મેન્ટ પછી અમેરિકા વસવાનો વિચાર સૂઝતો ન હતો. મારી રિટાયર્મેન્ટ પછી એક જ વર્ષ બાદ એનું અવસાન થયું, કદાચ સૂચક છે... સુધાને ગયાને આજે બરાબર મહિનો થયો. ન્યૂયોર્કમાં દીકરાના લક્ઝુરિયસ હાઉસના બેકયાર્ડમાં બેઠો છું. નજર પહોંચે ત્યાં સુધી લીલાંછમ વુડઝ. ઘરે કોઈ નથી. સૌ જોબ પર. સુધા સાથે અહીં આવ્યો હતો એ દિવસો યાદ આવે છે. બસ, આ સામેની ચેર પર એ બેઠી હતી. ભૂતકાળને યાદ કરવો એ સ્વભાવમાં તો નથી, પણ સુધાના ગયા બાદ ક્યારેક આવું થાય છે...

...આજે સુધાને વર્ષ થયું. ઇન્ડિયા આવ્યો છું. એલ્યુમની ફંક્શનમાં હાજરી આપવી છે. બીજાં પણ એક-બે ઑફિશિયલ કામો છે. બાકી તો હવે ન્યૂયોર્કમાં જ વસવું છે... આજે પહેલી વાર આ ઘરમાં સુધા વિના એકલા રહેવાનું કંઈક ન સમજાય એવું વિચિત્ર લાગે છે. કાવ્યાએ કહ્યું હતું કે ઘર ન ખોલશો, મારે ઘરે રહેજો, પણ મને ન ફાવે. ખેર, એલ્યુમની ફંક્શનમાં ઘણા જૂના-નવા મિત્રો મળ્યા. કન્સલ્ટન્ટ તરીકે ઇન્ડિપેન્ડન્ટ કામ શરૂ કરવાની સલાહ અને ઓફર પણ મળી. સારું લાગ્યું, પણ હવે અમેરિકન સિટિઝનશિપ સિવાય બીજી કોઈ મહત્ત્વાકાંક્ષા રહી નથી...

...સુધાના અવસાનને આજે બે વર્ષ પૂરાં થયાં. એવું કેમ હશે કે હું સમયને સતત સુધાની વિદાયના સંદર્ભમાં જોવા લાગ્યો છું? ઘણીવાર સુધાની આંખે દુનિયા જોવાનો પ્રયત્ન કરું છું. ઘણીવાર એવું મન થાય છે કે એના સાહિત્ય, આયુર્વેદ અને ધાર્મિકતાની એરણે દુનિયાને મૂલવું, હવે સમજાય છે કે સુધાની આસ્તિક્તાએ મને નાસ્તિક થવાનો હક આપ્યો હતો. એનાં દેવીદેવલાં અને પાણિયારે ઘીના દીવા સામે હું હસી શકતો હતો, કારણ કે અંદર ક્યાંક એવી સલામતી હતી કે ગોડ ઇઝ બીઇંગ ટેકન કેર ઑફ. સુધા, સુધા હતી એટલે હું પરિમલ થઈ શક્યો...

કાવ્યા વાંચતી ગઈ. મોમ અને ડેડ હંમેશાં એના માટે અસમાન ધ્રુવો રહ્યાં હતાં. મોમનું અવસાન જો ડેડની ડાયરીનાં ભાષા-વિચારો આટલાં બદલી શકે તો એમના વચ્ચે કંઈક હૃદયનું જોડાણ હતું એવું માનવું રહ્યું. એના મોં પર અચાનક હાસ્ય આવી ગયું.

એ વાંચતી રહી. એ આજે એક નવા ડેડને મળી રહી હતી.

... ટ્વિટર અને બ્લોગ દ્વારા સતત વર્તમાન પ્રવાહો વિશે કમેન્ટ કરું છું. ફેસબુક દ્વારા જૂના મિત્રો સાથે સંવાદ કરું છું. આઇપેડ અને ઇન્ટરનેટ દ્વારા દુનિયાભરની માહિતી મન-મગજ પર ઠાલવું છું, પણ ન્યૂયોર્કના આ આલીશાન ઘરમાં ઠંડી સાંજે સબકોન્શ્યસ માઇન્ડમાં સોનાની ચીપવાળી લાલ બંગડીઓવાળો ચાનો કપ પકડેલો એક હૂંફાળો હાથ ખણકી જાય છે...

... આજે સુધાને છ વર્ષ પૂરાં થયાં. ફરી ઇન્ડિયામાં. એલ્યુમની ફંક્શન. જાણીતા ચહેરા. અનામિકા દેસાઈ મળી. વર્ષ પહેલાં એના હસબન્ડનું અવસાન થયું. સેડ. પણ પાંસઠ વર્ષની ઉપરના મિત્રોના સર્કલમાં આવા બધા ન્યૂઝ બહુ શોકિંગ ન ગણાય...

... હવે બસ સિટિઝનશિપ હાથવેંતમાં છે. આજે અનામિકાનો ફોન હતો. થોડી વાર વાત કર્યા પછી કશુંક બહુ પરિચિત લાગ્યું. એનો અવાજ, વાતો કે પછી વિચારો. પછી સમજાયું કે ઘણુંબધું સુધા જેવું. વાત કરીને સારું લાગ્યું...

... અનામિકા સાથે રોજ એકાદવાર વાત થાય છે. મોટે ભાગે ભૂતકાળની, એના હસબન્ડની, સુધાની અને સંતાનોની. પુસ્તકોમાં તો અમારા બંનેના ટેસ્ટ અલગ છે એટલે... આખી જિંદગી સુધાનાં જે સાહિત્યનાં પુસ્તકોની હાંસી ઉડાવતો રહ્યો એ હવે વ્હાલાં લાગે છે. એમનામાં મને સુધાનો આભાસ થાય છે અને ક્યાંક કાવ્યાનો પણ. મેનેજમેન્ટની સ્ટુડન્ટ હોવા છતાં એ છોકરી કવિતાઓ વાંચતી-લખતી ત્યારે મને ખીજ ચડતી. હવે લાગે છે કે દીકરાની સિદ્ધિઓથી પોરસાતો હું ક્યાંક કાવ્યાની કલાત્મક્તાને અવગણી બેઠો. હવે એ બધું ખૂંચે છે...

...આજે લિવ ઇન રિલેશન ઇન સિનિયર સિટિઝનની વેબસાઇટ સર્ચ કરી. નવી સમજ, નવી જરૂરિયાતો લઈને આવે છે. અનામિકા સાથે ગમે તે વિષય પર મુક્ત મને ચર્ચા કરી શકાય છે. એ પણ કબૂલે છે કે વિધુરપણામાં આત્મીયતા નામના વિટામિનની સતત ઊણપ વર્તાય છે. અનામિકા અને સુધાની ભાષામાં બહુ સામ્યતા છે. એનું રીડિંગ પણ સુધા જેવું-મોટે ભાગે સાહિત્યિક...

કાવ્યા પહેલી વાર મિલિટરી મિજાજના ડેડની ઊર્મિશીલ નિખાલસતામાં ભીંજાઈ રહી. મોમના અવસાન પછી અને એ પહેલાં લખાયેલી ડાયરી એક જ વ્યક્તિનાં બે ભિન્ન પાસાંઓને ઉજાગર કરતી હતી. મોમ વિના ડેડ એકલતા અનુભવે એ સમજી શકાય, પણ એની તીવ્રતા આટલી બધી હોઈ શકે એવું આ ડાયરી ન વાંચી હોત તો કદાચ ક્યારેય જાણી શકી ન હોત. મોમને સ્મશાને વળાવીને આવ્યા બાદ પણ જેમની આંખોમાં ભીનાશનો સદંતર અભાવ હતો એવા ડેડ. આખા કુટુંબમાં, સર્કલમાં ભડ જેવા મરદ માણસ તરીકે ઓળખાતા ડેડ. અને હવે મોમ વિના ઝૂરી રહેલા ડેડ. ડાયરીનાં પાનાં પર ફરતી કાવ્યાની નજર ફરી એક જગ્યાએ સ્થિર થઈ ગઈ.

...આજે સિત્તેર વર્ષે જીવનમાં પહેલી વાર ગૂંચવાઈ ગયો છું. અમેરિકા સિટિઝનશિપના બેનિફિટ્સ સાથે સ્થાયી થઈ જવું કે પછી સુધાનાં સ્મરણોથી ભરેલા ઘરમાં પાછા આવી જવું ? હવે આ જવા-આવવાની ધડમારી બહુ ગમતી નથી. એક મન અમેરિકા તરફ ખેંચે છે, તો બીજું ઇન્ડિયા તરફ. ત્યાં સવારે નવ વાગ્યે દીકરો અને પુત્રવધૂ 'ડેડ જઈએ છીએ', બાય-કહીને જાય તે પછી સાંજે આવે ત્યાં સુધીની એક એક પળ ક્રમશઃ અઘરી બનતી જાય છે. અગિયાર વર્ષ પહેલાં સુધાએ વિદાય લીધી ત્યારે હતું કે વાંચીશ, ટીવી જોઈશ, પણ કેટલુંક કરવું? અને બધું કરતાંય ઘડિયાળનો કાંટો ભારેખમ થઈને ખસે જ નહીં તો શું કરવું?

... અનામિકા સાથે વાત થાય ત્યારે સારું લાગે છે. મેં એક વાર કહ્યું કે લેટ્સ થિંક અબાઉટ લિવ ઇન રિલેશનશિપ. આપણાં સંતાનો એજ્યુકેટેડ છે. વ્હાય નોટ? એ કંઈ બોલી નહીં... મારે મન સ્ત્રી એટલે સુધા અને સુધા એટલે જીવનની એકમાત્ર સ્ત્રી. તો પછી અનામિકામાં મને સુધાનું પ્રતિબિંબ દેખાય છે એ શું અઘટિત લેખાય? એવું હોય તો સુધા મને માફ કરે. બીજા કોઈની માફીની મને તમા નથી...

કાવ્યા વિચારી રહી. છેલ્લે વાત થઈ ત્યારે ડેડ કહેતા હતા કે ભાઈના ઘરે ગયા છે પણ મહેમાન જેવું ફીલ થાય છે. ત્યારે ફોનમાં પહેલી વાર એમના અવાજમાં અસહાયતાનો પડઘો સંભળાયો હતો, પણ એમની ભડ માણસની છાપનાં મૂળ એટલાં ઊંડાં કે આવું બધું તો...

કાવ્યા ડાયરીની છેલ્લી નોંધ વાંચી રહી.

... ન્યૂયોર્ક જઈ તો રહ્યો છું. જાહેર તો કર્યું છે કે સદાને માટે જઈ રહ્યો છું, પણ ખબર નથી. આ છેલ્લો પ્રયાસ છે. સુધા કહેતી હતી તેમ એકાવન ટકા મનનું અને ઓગણપચાસ ટકા દિમાગનું સાંભળીશ. પાછો નહીં આવું તો કાવ્યાને આ ડાયરી કુરિયર કરવાનું કહી દઈશ. આવીશ તો એ મારા અંગત જીવનની એક નવી શરૂઆત હશે. હવે પછીના પૃષ્ઠ પર એક નવી કલમે લખીશ...

ડાયરીના છેલ્લા વાક્ય પાછળનાં ટપકાં જાણે ચાલતાં ચાલતાં કાવ્યાના હૃદયમાં ઊંડે સુધી ટપકતાં રહ્યાં. એ મોમને હંમેશાં ફરિયાદ કરતી કે ડેડ મારા રાઇટિંગને સમજતા નથી. આજે એને પહેલી વાર ડેડને ન સમજી શકવા બદલ અપરાધભાવ થયો. એમની ન્યૂયોર્કથી ઇન્ડિયા આવાગમન કરતી એકલતાને ન સમજી શકવા બદલ અને આ અનામિકા દેસાઈ... ગળામાં અટકી ગયેલા કોળિયાને ઉતારવા મથામણ કરતી હોય એવું લાગ્યું. એ એક નવા પાત્રની હયાતીની સ્થાપના કરતી હોય એમ સ્વગત બોલી : 'અનામિકા દેસાઈ. હા, ડેડ કહે છે તેમ વ્હાય નોટ?' ડાયરી બંધ કરતાં પાછળના પૂંઠાની લગોલગ મૂકાયેલા એક પિન્ક કવર પર નજર પડી. કવર ખોલ્યું. બૉન વૉયેજનું કાર્ડ. ટુ પરિમલ ફ્રોમ અનામિકા.

ત્યાં ડોરબેલ વાગ્યો. કાર્ડ, ડાયરી કબાટમાં મૂકીને એણે બારણું ખોલ્યું. બાજુમાં સૂટકેસ સાથે ઊભેલા ડેડની આંખોમાં જોતાં જ વર્ષોના અંતર પર આત્મીયતાનો સેતુ રચાઈ ગયો.**મ**




*ભાવનગરની રહીશ છું. પ્રાથમિક શાળામાં શિક્ષિકા છું. સાહિત્યરસિક છું. હું પણ લખી શકું, એટલું જ નહીં, સારું પણ લખી શકું એવી પ્રતીતિ થઈ. એમાં 'મમતા'ની વાર્તાસ્પર્ધાને કારણે લખવાની ચાનક ચઢી.*

***પ્લોટ નં.૧૧-સી***
***સિદસર રોડ કામિનિયાનગર***
***ભાવનગર-૩૬૪ ૦૦૨***
***ફો. ૨૭૮-૨૪૭૧૩૬૬***
***મો. ૯૪૨૮૪ ૩૩૯૪૩***


## જયશ્રી કૃષ્ણદેવ પાઠક

# ઓહ, અક્ષય!

સાડા છ બાય ત્રણના પાર્સલને કંઈક આશ્ચર્યથી ને કંઈક કુતૂહલથી રાધિકા જોઈ રહી. પાર્સલ સાથે એક કવર લઈને આવનારા બંને માણસો પત્રક પર સહી લઈને રવાના થયા. હાથમાં રહેલા કવર પર મોકલનારનું નામ હતું - 'શ્યામા'. પોતાની અંતરંગ સખી. 'હમણાં જ તો ફોન પર વાત થઈ ત્યારે તો તેણે કશું કહ્યું નહીં!' તે સ્વગત બોલી.

રાધિકાએ કવર ખોલ્યું. શ્યામા લખતી હતી : ''એક ભેટ મોકલું છું. તેને પહેલાં જોઈ લેજે...'' પત્ર બાજુએ મૂકી, રાધિકા પાર્સલ ખોલવા લાગી. જેમ જેમ એ ખોલતી ગઈ, એની આતુરતા વધવા લાગી. આખરી આવરણ દૂર કરતાં જ એ આશ્ચર્યથી પહોળી થયેલી આંખે જોઈ રહી. હા, એ યંત્રમાનવ હતો. તેણે ઝડપથી પત્ર હાથમાં લીધો. ''યસ રાધિકા, આ રોબૉટ હરેક ક્ષણ તારી સાથે રહેશે. તારી એકલતા દૂર કરી, તારી લાગણીઓને સમજીને વર્તશે.''

રાધિકા અટકીને રોબૉટને નિરખી રહી. ફરી આગળ વાંચ્યું, ''એ જીવંત માનવીની માફક વર્તશે. તે જમશે નહીં પણ, પ્રેમથી તને જમાડશે. તેનો આંતરપ્રેમ તને સ્પર્શી જશે. તે સૌરઊર્જાથી ચાર્જ થશે. ત્રણ કલાકનું ચાર્જિંગ ત્રણ દિવસ ચાલશે. તું એને

**'મમતા' વાર્તાસ્પર્ધામાં ત્રીજા સ્થાને આવેલી ચાર વાર્તાઓમાંની એક**



જે નામથી પ્રથમ બોલાવીશ એ જ નામથી તારું કામ કરવા તત્પર રહેશે. તને પ્રેમ કરીને ભરપૂર કાળજી લેતો રહેશે. તારો ખાલીપો ભરી દેશે... ચાલ, હવે જીવંત કર તારા આ રોબૉટને..."

રાધિકા કેટલીક ક્ષણો સુધી શ્યામાના પત્રને પકડીને બેસી રહી. પરણીને દૂર ચાલી ગયેલી પ્રિય સખી શ્યામાની એના માટેની કાળજીથી એ આર્દ્ર થઈ ગઈ. તેણે રોબૉટને સૂર્ય સામે ગોઠવ્યો. એ રોબૉટને તાકી રહી. શ્યામાની આ અનોખી ભેટથી એ રોજિંદા જીવનથી ફંટાઈ ગઈ. તેના શુષ્ક ચહેરા પર થોડી પ્રસન્નતા છવાઈ. થોડા સમય પહેલાં જ અદાલતે પોતાના નિરાશ જીવનને આશાના શ્વાસ પૂર્યા હતા. અક્ષયથી મુક્ત થઈ, ના, તેની અંદર રહેલા દુર્ગુણોને કારણે છૂટાછેડા લીધા હતા. લગ્નનાં પાંચ વર્ષ શારીરિક અને માનસિક યાતના પોતે ભોગવી હતી તેની સાક્ષી રહી હતી શ્યામા... વેદના અને એકલતાની હમદર્દ શ્યામા... પોતાના સુખી લગ્નજીવન વચ્ચે પણ તે મને ભૂલી નથી.

ભૂતકાળમાં સરી પડેલી રાધિકાનું 'બીપ... બીપ...' અવાજે ધ્યાન દોર્યું. રોબૉટ ચાર્જ થઈ ચૂક્યો હતો. એનામાં ચેતનાનો સંચાર થવા લાગ્યો. તેની ખૂલી રહેલી આંખો અને અંગોનો સળવળાટ રાધિકાને રોમાંચિત કરી ગયો. આવી રહેલા સુખનો કદી ક્ષય ન થાય એવી પ્રાર્થના કરી. રોબૉટ ઊભો થઈને રાધિકાની સામે આવ્યો. રાધિકાએ રોબૉટના બંને હાથ પકડીને ઉચ્ચાર્યું, "અક્ષય! તું અક્ષય છો અને હું તારી રાધારાણી..." બંને એકબીજાને આલિંગી રહ્યાં. રોબૉટની ભીંસથી રાધિકા અકળાઈ. રાધિકાને પીડા થતી જોઈને રોબૉટે એની પકડ ઢીલી કરી. વર્તમાનની ક્ષણો સાથે ભૂતકાળની ક્ષણો ભૂલાતી ન હતી. રોબૉટની સમજદારીએ રાધિકાનું મીઠું ચુંબન માણ્યું.

'અક્ષય' એ ઉચ્ચાર સાથે જ રોબૉટ હાજર થઈ જતો. ભોજન સમયે ભાવભર્યા કોળિયા રાધિકાને જમાડતો. તેના આંતરિક અને બાહ્ય સૌંદર્યનાં વખાણ કરતો. ક્યારેક ખીજવતો તો ક્યારેક મનાવતો. જીવંત માનવીની આંગિક્તાથી ઉબાઈ ગયેલી રાધિકા આ યંત્રમાનવના માનવીય સ્પર્શથી તનમનથી તરબતર થઈ જતી. "ઓ મારી રાધારાણી!" કહીને સરદર્દ વખતે માથું દાબી દેતા રોબૉટના હાથમાં ઉષ્મા વર્તાતી. શ્યામાને સઘળી બાબતોથી વાકેફ કર્યા કરતી રાધિકાના જીવનમાં અણધાર્યો, પણ રોમાંચક વળાંક આવ્યો હતો. રોબૉટ અક્ષય અને રાધિકાના સહજીવનમાં આનંદ આનંદ હતો. રાધિકા પીડાદાયક ભૂતકાળ ભૂલી ગઈ હતી. તે એ પણ ભૂલી ગઈ હતી કે જે માનવ તેને પ્રેમમાં ઓળઘોળ કરી રહ્યો છે તે યંત્રમાનવ છે. અંતરંગ પળો માણવા લાચાર રોબૉટની આંખોમાં હતાશા અને મુખેથી નિસાસા નીકળતા. આ જોઈને હસતી રાધિકાનું હાસ્ય રૂદનમાં ફેરવાઈ જતું. તો એ જોઈ રોબૉટ રાધિકાના માથે હાથ ફેરવતો અને પંપાળતો. નિસાસો અને લાચારીરૂપી યુગલ ભાગી છૂટતું.

એક બપોરે રોબૉટને થોડું કામ સોંપીને રાધિકા શોપિંગ માટે નીકળી. શોપિંગ મોલમાં ઘૂમી રહેલી રાધિકા એક શોપની અંદર હજુ પગ મૂકે તે પહેલાં સામે જ આવી ગયેલી વ્યક્તિને જોઈ અટકી ગઈ. તે તેનો પૂર્વ પતિ અક્ષય હતો. ઘડીભર બંને એકબીજાને તાકી રહ્યાં. નજર ફેરવી આગળ જઈ રહેલી રાધિકાનો હાથ અક્ષયે પકડી લીધો.

'પ્લીઝ રાધિકા' રાધિકાએ ઝાટકા સાથે હાથ છોડાવી દીધો.

'આઇ એમ સોરી', એની આંખોમાં રાધિકાએ આજીજી વાંચી. ઘડીભર બેચેન બનેલી રાધિકા સામે અત્યાર સુધીના કડવા અનુભવો એવા ખડકાઈ ગયા કે અક્ષય સામે જ હોવા છતાં દેખાતો બંધ થઈ ગયો. એ ઝપાટાભેર ત્યાંથી ચાલી નીકળી.

બેચેન રાધિકા શોપિંગ કર્યા વગર જ પાછી આવી. રોબૉટ અક્ષયને નવાઈ લાગી. 'કેમ મારાં રાધારાણી? શું થયું? તબિયત બરાબર નથી?' કહીને પ્રેમથી રાધિકાને સોફા પર બેસાડી, કૉફી બનાવીને રાધિકાને પાઇ. રાધિકા એને સ્નેહસભર નજરે નિહાળી રહી. આંખોમાં ભીનાશથી ધૂંધળા દેખાતા રોબૉટના ચહેરાની જગ્યા પૂર્વ પતિ અક્ષયે લઈ લીધી હતી.

'અરે, ક્યાં ખોવાઈ ગયાં રાધારાણી!' રોબૉટના વહાલભર્યા સંબોધનથી રાધિકાની વિચારમાળા તૂટી. 'તમારાં આંસુ, તમારી ઉદાસી તમારા આ અક્ષયને તોડી નાંખશે...'

હૃદયાઘાત પર મલમપટ્ટી કરનારા રોબૉટની આંખોમાં આંખો મેળવી. રાધિકાને રોબૉટની આંખોમાં અક્ષયની આંખો દેખાઈ. ચહેરામાં અક્ષયનો ચહેરો દેખાયો. પસ્તાવામાં ડૂબકી દઈને બહાર નીકળેલો અક્ષય... રાધિકાના પકડેલા હાથ, ફરી ક્યારેય નહીં છોડવા માટે પકડેલા હાથ...'ઓહ અક્ષય!' કહેતાં રાધિકાએ પોતાના બંને હાથ રોબૉટને ગળે પરોવી દીધા. રોબૉટે પણ એની ભુજાઓમાં એને સમાવી લીધી. ભીંસ... બંને તરફથી ભીંસ... વળી વેદના... વળી સિસકારા... રોબૉટે લાચારીપૂર્વક રાધિકાને આલિંગનમાંથી મુક્ત કરી. વ્યથાથી માથું હલાવતો એ બે ડગલાં પાછો હટ્યો અને દર્દભર્યા સ્વરે બોલ્યો, 'બસ, આ જ તો ફર્ક છે, મારા અને મનુષ્યમાં... કાશ, હું તારી બધી ઇચ્છા... આહ...

માફ કર રાધારાણી, મને માફ કર...'

રાધિકાએ રોબૉટના હાથને હાથમાં લઈ ચૂમ્યા. તેના ખભા પર માથું મૂકીને હૃદયફાટ રડતી રહી. રોબૉટ રાધિકાનું માથું પસવારતો રહ્યો.

થોડી સ્વસ્થ બનેલી રાધિકાએ રોબૉટને અક્ષય સાથેના પાંચ વર્ષનો ચિતાર ટૂંકમાં કહ્યો ને થોડી વાર પહેલાં શોપિંગ મોલમાં મળેલા પૂર્વ પતિ અક્ષય વિશે વાત કહી.

'રાધારાણી...'

અક્ષયના ચહેરા પર કેટલાય ભાવો ચિતરાઈ ગયા...

'મિ. અક્ષય... એણે મારા જેવા એક યંત્રમાં પણ માનવીય ભાવો રોપ્યા છે. તે ખરા અર્થમાં સત્યમ્, શિવમ્, સુંદરમ્ છે.'

'મિ. રોબૉટ, રાધિકાએ... રાધારાણીએ મારા સંદર્ભો આ રીતે સાચવી રાખ્યા છે એ જ મારે મન મોટી મૂડી છે, ને... હું પણ ક્યાં તેને ભૂલ્યો છું? તેની માફી વગર જો મને ચેન ન પડતું હોય તો તેના વગર તો કેમ પડે?' મંદ સ્વરે રોબૉટ બોલ્યો, "...ને જો ફરી સહજીવન મળે તો?" અક્ષયનો ચહેરો ખીલી ઊઠ્યો. રોબૉટે સ્મિત કર્યું.

રાધિકા ડ્રોઈંગરૂમમાં પ્રવેશી. રોબૉટને અક્ષય સાથે જોઈને આભી બની ગઈ. તેના ચહેરા પર અકળ ભાવો ઉપસી આવ્યા. "ઓહ, અક્ષય!"

રોબૉટ બોલ્યો, "જો આ તારો હમસફર..." એનો મંદ સ્વર સાંભળી રાધિકાને ધ્રાસ્કો પડ્યો. રોબૉટને ચાર્જ કરવાનું રહી ગયું... એ બેબાકળી દોડી એને સૌરઊર્જા માટે લઈ જવા હાથ પકડીને ખેંચવા લાગી, પણ રોબૉટે એને અટકાવી. "મારે સૌરઊર્જાની જરૂર નથી. સૂર્યપ્રકાશ જેવો અંતઃપ્રકાશ મિ.અક્ષયમાં પ્રગટી ચૂક્યો છે."

રોબૉટના અંગો શિથિલ થતાં જતાં હતાં 'નહીં... અક્ષય... નહીં...' રાધિકા ચિત્કારી ઊઠી.

"રડ નહીં, રાધારાણી... તને છોડી જવું વસમું તો લાગે છે, પણ મારું અવતારકૃત્ય પૂરું થયું. ઈશ્વરને પ્રાર્થના કરજે કે સ્ત્રીનો પ્રેમ પામવા મને મનુષ્ય અવતાર આપે." તેનો સ્વર ઘૂંટાઈ રહ્યો હતો.

"ના, અક્ષય. તને નહીં જવા દઉં." રાધિકા બેબાકળી થઈ ઊઠી. રોબૉટે સ્મિત કર્યું 'તેં જ મને કહ્યું હતું ને રાધારાણી! કે ક્યારેય નાશ ન પામું. ક્યારેય ક્ષય ન પામું એ અક્ષય છું! જો આ રહ્યો તારો અક્ષય!' કહી રોબૉટે બાજુમાં ઊભેલા અક્ષયનો હાથ રાધિકાના હાથમાં મૂક્યો. નિષ્પ્રાણ થઈ રહેલા રોબૉટને અક્ષય અને રાધિકાએ ટેકો આપ્યો.

રોબૉટને રાધિકાએ આપેલા 'અક્ષય' નામનો ભેદ હવે સમજાયો.

રાધિકા હૈયું ખોલીને કંઈક હળવી થઈ ને કંઈક ભારે પણ થઈ હતી. એ સ્નાન કરવા ચાલી ગઈ. રોબૉટ વિચારતો રહ્યો...

એવામાં ડોરબેલ વાગ્યો, રોબૉટે ઊભા થઈ ડોર ખોલ્યું. રોબૉટને જોઈ આગંતુક હેરત પામી ગયો. રોબૉટ પણ અજાણ્યા માનવીને જોઈ રહ્યો. આગંતુકે પૂછ્યું, "મારે રાધિકાનું કામ છે. તમે?"

રોબૉટે કહ્યું, "અંદર આવો."

આગંતુક અંદર સોફા પર બેઠો. સંકોચ સાથે પોતાનો પરિચય આપતાં કહ્યું,

"હું અક્ષય, રાધિકાનો પૂર્વ પતિ..."

"ઓહ, અક્ષય!" રોબૉટે અક્ષય સાથે હાથ મિલાવતાં કહ્યું, "હું રોબૉટ અક્ષય છું. હમણાં રાધિકાને જાણ કરું છું, પણ, મિ. અક્ષય... તમારું આમ અચાનક આવવું..."

"જી. હું રાધિકાની માફી માગવા આવ્યો છું. તેના પર કરેલા અત્યાચારોનો મને ખૂબ પસ્તાવો થાય છે, તેની ગેરહાજરીમાં અપાર પરિતાપ વેઠીને સજા ભોગવી લીધી છે મેં. હું રાધિકાને ભૂલી શક્યો નથી, તેના જીવનને ફરી નવપલ્લવિત કરીશ." રોબૉટે કહ્યું, "રાધિકા પણ તમને ક્યાં ભૂલી છે મિ. અક્ષય! એથી જ તો મારું નામ અક્ષય રાખ્યું છે. મને લાગણીઓથી ભીંજવી નાંખે છે, ભીંજવી રાખે છે. ને..." રાધિકા સ્નાન કરીને આવે તે પહેલાં રોબૉટે ઝડપથી અક્ષયને સઘળી વાતો કહી સંભળાવી, અક્ષય વિસ્ફારિત આંખે જોઈ રહ્યો... દૂર થઈને પણ રાધિકાએ પોતાને નજીક રાખ્યો હતો... "ઓહ, મારી રાધારાણી! મને માફ કર... તને ક્યારેય હું..." તેના મુખમાંથી શબ્દો સરી પડ્યા, "રાધારાણી!" રોબૉટ આશ્ચર્યથી બોલી ઊઠ્યો.

"હા, રાધિકા મારી રાધારાણી છે... મારું સ્વાર્થી મન તેને ક્યારેક રાધારાણીથી સંબોધતું અને તેનું નિર્મળ મન મારા પર વારી જતું."

"અરે, મિ. અક્ષય, સંબોધન માટે તો મને પણ રાધિકાનો આદેશ છે."

"ક્યું સંબોધન?" કુતૂહલથી અક્ષય ટટ્ટાર થયો.

ધીમે ધીમે બંધ થતી રોબૉટની આંખની રતાશ અક્ષયની આંખોમાં પ્રગટી રહી હતી.

રાધિકા અને અક્ષય ભારે મૌન અને છલકાતી આંખોથી પરસ્પરને જોઈ રહ્યાં.

ક્યાંક ક્ષય થયો હતો છતાં જાણે સઘળે અક્ષય... અક્ષય... હતો, ને રાધિકાનો ઉદ્‌ગાર પણ વજનદાર હતો, 'ઓહ, અક્ષય!' **મ**



જીવનની ગમતી ક્ષણો એટલે મારી શબ્દયાત્રા વાર્તાઓ, લેખો, કાવ્યો, લલિત નિબંધો વગેરે રચના અવારનવાર પ્રકાશિત થતી રહે છે અને ભાવકોના સ્નેહભર્યા પ્રતિભાવોથી છલકી રહું છું. વાર્તા, નાટક અને લલિત નિબંધ જુદી જુદી અનેક સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી ચૂક્યાં છે.

**Harish Doshi**
**P P L Township**
**Bunglow E/2**
**Paradeep**
**Dist. Jagatsinghpur**
**Orissa 754145**
**Mo . 96651 646535**
**nilamhdoshi@yahoo.com**

## નીલમ દોશી

# તથાસ્તુ

હજુ અજવાસનાં પગરણ મંડાણાં નહોતા... સૂર્યના ઝગમગ બિંબને ક્ષિતિજની અટારી પર મૂકાવાને વાર હતી, છતાં અધીરું થઈ ગયું હોય તેમ ભળભાંખળું અજવાળું ડોકિયાં કરવા મથી રહ્યું હતું. અહીં કંઈ સવાર આળસ મરડીને બેઠી નહોતી થતી. અહીં તો દૂરથી ગાડીની વ્હીસલ સંભળાય અને સવાર ફટાફટ બેઠી થઈ જાય.

રાત-દિવસ સતત ધમધમતા આ રેલવે સ્ટેશન પરની સવાર 'ચાય ગરમ', કે 'આજના તાજા સમાચાર'ના પડઘાતા શોર સાથે ઊઘડતી. ગરમાગરમ ચા અને ગાંઠિયાની તાજી સુવાસથી મુસાફરોની નીંદરની પૂર્ણાહુતિ થતી. સેંડવીચ કે કટલેસના ખૂમચા કે ચાની કીટલી લઈને એક ડબ્બેથી બીજા ડબ્બા તરફ પતંગિયાની માફક ઊડી રહેતા છોકરાઓના કલબલાટથી સ્ટેશન પોતાની આળસ છોડીને કામે વળગતું.

ગાડીની વ્હીસલ વાગે અને વેચનાર, ખરીદનાર બધા સાબદા... રાતભર જંપેલો સૌનો જઠરાગ્નિ સવાર પડતાંની સાથે જ જાગી ઊઠવાનો. મુસાફરોનો જઠરાગ્નિ શમશે તો જ પોતાનો પણ... એની જાણ હોવાથી ફેરિયાઓ બોણી કરવા ઉતાવળા બની રહેતા.

સ્ટેશન આવતાં જ રઘવાયા બનેલા લોકોની ચડવા કે ઊતરવાની અધીરતા છલકાઈ રહેતી. માથા પર બોજ ઊંચકીને દોડતા કુલીના હાથમાં એકાદ થેલો વધારે પકડાવી સંતોષ પામેલા લોકો કુલી પાછળ દોડી રહેતા. ક્યાંક છૂટા પડતા સ્વજનના વિરહની ઉદાસીની છાંટ નજરે ચડતી તો ક્યાંક આવનારને હેતથી ભેટી પડતી ક્ષણો પણ દેખા દેતી રહેતી.

'ધ્યાન રાખીને જજો... પહોંચીને ફોન કરી દેજો...'ની સૂચનાઓ વાતાવરણમાં પડઘાઈ રહેતી. પૂનમની રાતે ઉછાળા મારતા સમુદ્રનાં મોજાંની જેમ અનેક ભાવોની ભરતી અહીં દેખા દે. કોઈ ભીની આંખ લૂછતું હોય તો કોઈ અણગમતા અતિથિને વિદાય આપીને છૂટ્યાનો હાશકારો અનુભવતું હોય. કોઈ આ બધાથી બિલકુલ અલિપ્ત બનીને નિર્મોહીની માફક બેસી રહ્યું હોય. બિલકુલ સાક્ષી ભાવે.

કેટકેટલાં કાળાં, ધોળાં કે મેઘધનુષી દૃશ્યો એકી સાથે સ્ટેશનના રંગમંચ પર ભજવાતાં જોવા મળે.

આ બધા કલબલાટની વચ્ચે બાર-તેર વરસનો ગોપુ પણ ''ચાય ગરમ''ની બૂમ સાથે એક હાથમાં ચાની કીટલી અને બીજા હાથમાં નાનકડા ગ્લાસ લઈને એક ડબ્બાથી બીજા ડબ્બા તરફ ઊડી રહેતો અચૂક જોવા મળે. સૌથી વધારે ઘરાકી આ સમયે જ થતી. સવારમાં ઊઠતાની સાથે જ ચા પીવાવાળાની સંખ્યા સ્વાભાવિક રીતે જ વધારે હોવાની. પછી તો છેક નમતી બપોરે જમ્યા પછી ત્રણ-ચાર વાગ્યે વારો આવે. વચ્ચે વચ્ચે કોઈ રડ્યાખડ્યા ચાના રસિયા મળી જાય એવું પણ બને. ગોપુને ગ્લાસ દીઠ પચાસ પૈસાનું તગડું કમિશન મળતું.

જો કે આ બધાની કોઈ અસર દસ વરસની રૂપલી પર નહોતી થતી. એ તો ઊંઘરેટી આંખે સ્ટેશનના એક ખૂણામાં અર્ધપાગલ નાનીને વળગીને નિરાંતે સૂઈ રહેતી. આમ

પણ સવારના પહોરમાં તેનું પાણી પીવાવાળું ખાસ કોઈ મળતું નહીં. હા, ધોમધખતી બપોરે હાથમાં પાણીનું નાનું માટલું અને ગ્લાસ લઈને તે દોડી રહેતી. 'ઠં...ડા પાની'નો તેનો લહેકો એવો તો મીઠો ગુંજતો કે સાંભળવાવાળાનું ધ્યાન એક વાર તો તેની તરફ જરૂર ખેંચાય જ.

રૂપલી આ સ્ટેશન પર અચાનક જાણે સાતમા પાતાળમાંથી ફૂટી નીકળી હતી.

ગોપુ અને રૂપલીની ઓળખાણ અનાયાસે થવા પામી હતી.

એક વાર રૂપલી બે પગે ઊંચી થઈને બારીમાંથી કોઈને ગ્લાસ અંબાવવા મથી રહી હતી, પણ હાથ પહોંચતો નહોતો. ચાની કીટલી લઈને ભાગતા ગોપુએ તે જોયું. તે દોડી આવ્યો અને ગ્લાસ અંબાવી દીધો. રૂપલી હસી રહી. બસ... એ હાસ્યે બંનેને જોડી દીધાં. ગાડી ઊપડી ગયા પછી બંને પાછાં વળ્યાં ત્યારે રૂપલીની વાત પરથી ગોપુ ફક્ત એટલું જાણી શક્યો કે રૂપલી પોતાની નાની સાથે હવે આ સ્ટેશન પરની સદસ્ય બની છે. નોકરીમાં કોઈની બદલી થાય અને સ્થળાંતર થાય તેવી રીતે રૂપલીનું તેની અર્ધપાગલ નાની સાથે અહીં સ્થળાંતર થયું હતું. ક્યાંથી? ક્યાં? એ બધી ચોક્કસ માહિતી રૂપલી આપી શકી નહોતી. અલબત્ત, ગોપુને તેની સાથે ઝાઝી નિસ્બત પણ ક્યાં હતી? કદાચ ભગુકાકા જ તેમને અહીં લાવ્યા હોય એવી પૂરી શક્યતા હતી. અહીં વસતી દરેક વ્યક્તિ પાસે એક કથા અને એક વ્યથા હતી. જો કે ગોપુ જેવા પણ અનેક હતા, જેમની કથાની તેમને ખુદને કે કોઈને ખબર નહોતી.

ભગુકાકા ચા સાથે ભજિયાં અને પૂરી, શાકની રેંકડી લઈને સ્ટેશન પર વરસોથી ઊભા રહેતા. આવા છોકરાઓને પૈસેટકે તો ખાસ મદદ કરી શકે તેમ નહોતા, પણ હૂંફની ખોટ પડવા દે તેમ નહોતા.

સ્ટેશન પર કોઈ ટ્રેન ન હોય ત્યારે રૂપલી અને ગોપુ, કાકાની આસપાસ ઘૂમી રહેતાં. ક્યારેક કાકાને બટાટા છોલીને સુધારી આપવામાં મદદ કરતા રહેતાં. તો ક્યારેક પૂરી વણવામાં...

ભગુકાકા અને નાની બંને જીવનના છએક દાયકા અવશ્ય વીતાવી ચૂક્યાં હશે. ગાંડી નાની જ્યારે કાકાને જોતી ત્યારે તેની આંખોમાં ન જાણે કેવી ચમક ઊભરતી. ક્યારેક નાની કોઈ ઉપર ગુસ્સે થઈ હોય અને બેફામ બોલતી હોય ત્યારે તેને ચૂપ કરવી સહેલી નહોતી. એક કાકા સિવાય કોઈને તે ગણકારે તેમ નહોતી.

કાકા રેંકડી લઈને ફરતા રહેતા. પેસેંજરોને ખવડાવી ટ્રેન ઊપડે ત્યારે કાકા પાગલ નાની પાસે આવીને રેંકડી ઊભી રાખી દેતા. તેને જોઈ નાની ન જાણે શું યે બબડતી રહેતી. કાકા સાંભળતા હશે કે સમજતા હશે તે કળવું મુશ્કેલ હતું. ક્યારેક પાગલપનમાં નાની કોઈ રીતે ખાવા તૈયાર ન થતી. એવે સમયે ભગુકાકા પોતાના હાથેથી આ ગાંડીને બે-ચાર કોળિયા ગમે તેમ કરીને ભરાવી રહેતા. ત્યારે નાનીની આંખોમાં ભીનાશનો આભાસ થતો કે શું? ગોપુ અને રૂપલીએ બરાબર ખાધું કે નહીં એની તકેદારી કાકા અવશ્ય રાખતા. બંનેને એકાદ પૂરી વધારે ખવડાવીને જ કાકાને જંપ વળતો. મોડી રાત્રે ઘેર જાય ત્યારે ત્રણેએ બરાબર ઓઢ્યું છે કે કેમ એ જોવાનું કાકા ચૂકતા નહીં. લોહીના કોઈ સંબંધ વિના આ ત્રણે સાથે કાકાને ન જાણે માયા, મમતાની કેવી ગઠરી બંધાઈ હતી.

હમણાં અઠવાડિયાથી રૂપલીના હાથમાં ન જાણે ક્યાંકથી ખોટા... સાવ કાળા પડી ગયેલાં ઝાંઝર આવ્યાં હતાં. જે તેણે હોંશે હોંશે પગમાં પહેર્યાં હતાં. ઝાંઝર છમકાવતી તે ગોપુ સાથે દોડી રહેતી. ઝાંઝરનો એ રણકાર ગોપુના અંતરમાં રણઝણી રહેતો. એ અવાજ સાંભળવો તેને ખૂબ ગમતો.




થોડા દિવસ પછી રૂપલીનાં

એ ઝાંઝર તૂટી ગયાં. રૂપલીને તો નહીં, પણ ગોપુને સાવ અડવું લાગ્યું. કશુંક ખૂટતું હોય તેમ લાગ્યા કર્યું. અંતે એક દિવસ ગોપુ એક ટંકના જમવાના પૈસા બચાવીને રૂપલી માટે સરસ મજાનાં નવા, મોટા ઝાંઝર પૂરો દિવસ ખરચીને લઈ આવ્યો.

ગોપુ...

રૂપલીના હાસ્યના પૂરમાં બાર વરસનો એ કિશોર તણાતો રહેતો. શૈશવ એટલે શું? લાગણી... પ્રેમ એવો કોઈ અહેસાસ કદી ન પામેલો એ છોકરો કોઈ અજ્ઞાત દોર વડે બંધાતો જતો હતો. રૂપલીના જીવનમાં તો ભલે અર્ધપાગલ તો પણ નાની હતી. રૂપલી ઈચ્છે ત્યારે તેને વીંટળાઈ શકતી. ગોપુની લાગણીઓને વીંટળાવાનો... ટીંગાવાનો એક માત્ર આધાર રૂપલી...

રૂપલી પણ ભૂખ લાગે, તરસ લાગે... ક્યારેક કોઈ મુસાફર ગમે તેમ બોલી ગયું હોય, ગમે તે થયું હોય તો દોડીને ગોપુ પાસે પહોંચી જતી. મનનો બધો ઊભરો ઠાલવી દેતી. કોઈ સમજણ સિવાય કુદરતના કોઈ અકળ નિયમને અનુસરતાં બે અબૂધ બાળકો પન્નાલાલના 'મળેલા જીવ'ની જેમ એકબીજા સાથે અંતરના અકળ તાણાવાણાથી ગૂંથાતા જતાં હતાં. સાવ ધૂળ જેવી વાતમાં બંને કિલકિલાટ કરી ઊઠતાં.

પણ... આજની સવાર કંઈક અલગ ઊગી હતી. આજે ન જાણે કેમ પણ સવારે ઊઠ્યો ત્યારથી ગોપુ સૂનમૂન હતો.

'એય ગોપુ, આમ મોં ચડાવીને કેમ બેઠો છે?'

'હેં...? હં...?'

'શું... હેં... હેં કરે છે? આજે થયું છે શું? ક્યારનો આમ ચૂપચાપ બેઠો છે? આજે મોઢામાં મગ ભર્યા છે કે શું?' કહેતી રૂપલી દાંત બતાવતી હસી પડી.

તો પણ ગોપુ મૌન...

શું બોલવું તે તેને જ ક્યાં સમજાતું હતું? સવારે ઊઠતાં જ તેની નજર પોતાના બાવડા પર પડી હતી... ત્યાં લાલ હીરનો દોરો બંધાયેલો હતો. ગોપુ ચોંકી ઊઠ્યો હતો. રાત્રે પોતે સૂતો ત્યાં સુધી તો કશું નહોતું. રાતોરાત આ દોરો તેના બાવડામાં ક્યાંથી આવી ગયો?

કોઈ ચમત્કાર થયો હતો કે શું?

આખો વખત તેને એ પ્રશ્ન મૂંઝવતો રહ્યો. રૂપલીએ બોલાવ્યો તો પણ જવાબ ન દીધો. તેને સંભળાયું છે જ ક્યાં? તેનું અસ્તિત્વ તો જાણે બાવડામાં બાંધેલા દોરામાં ટીંગાઈ રહ્યું છે. ગોપુની ભીતર ન જાણે કેવી યે ઉથલપાથલ ચાલી રહી છે. નજર લાલ દોરા પરથી ખસતી નહોતી.

ગોદડા પર લંબાવતાંની સાથે જ ઘસઘસાટ સૂઈ જનારા ગોપુથી નીંદરરાણી આજે રિસાયેલા જ રહ્યાં. બીજે દિવસે પણ ગોપુનું મન દોરાની આસપાસ જ ઘૂમતું રહ્યું. નક્કી આ દોરામાં કોઈક રહસ્ય... કોઈ ચમત્કાર છે. નહીંતર આમ અચાનક રાત્રે તેના હાથમાં આવો મજાનો લાલ રંગનો હીરનો દોરો કોણ બાંધવાનું હતું? બસ... હીરના એ દોરાએ ન જાણે કેમ ગોપુના મનનો કબજો લઈ લીધો. આખો દિવસ મનમાં હીરનો દોરો જ રમતો રહ્યો. કોઈ કામમાં મન ન લાગ્યું. રૂપલી કે કાકા કોઈ કંઈ પૂછપરછ ન કરે માટે આખો દિવસ તેમનાથી ભાગતો રહ્યો.

એક ખૂણામાં બેસીને હીરના દોરા ઉપર ત્રાટક કરતો હોય એમ જોતો રહ્યો. મનમાં કેવી યે ગડમથલ ચાલતી રહી... શું હશે? કોણ બાંધી ગયું હશે? કેમ બાંધી ગયું હશે? દોરો રાખવો કે છોડી નાખવો? મનમાં એક અજ્ઞાત ભય પણ જનમતો હતો.

આજે તો માંડ માંડ સૂર્યદાદાએ વિદાય લીધી અને દિવસ પૂરો થયો. આજે વગર દોડાદોડીએ ગોપુ થાકી ગયો છે. જાતજાતની કલ્પનાઓના ઘોડા ભીતરમાં દોડતા રહ્યા. થાકીને રાત્રે સૂતો. ઊંઘમાં પણ હળવેથી દોરાને પસવારતો રહ્યો.

પણ... આ શું? અચાનક ગોપુનું મન ઝળાહળા... સામે સાક્ષાત્ ભગવાનજી ઊભા છે.

'માગ... બેટા... કોઈ પણ એક વરદાન માગી લે. હું તારા પર પ્રસન્ન થયો છું. અને બેટા, ચિંતા ન કર. આ દોરો મેં જ તારે હાથે બાંધ્યો છે... તને વિશ્વાસ અપાવવા માટે. તારે જે જોઈતું હોય તે માગી લે...હું તને તથાસ્તુ કહીશ અને તને એ વસ્તુ મળી જશે અને આ દોરો છૂટી જશે... બસ...'

ગોપુનો ચહેરો મલકી ઊઠ્યો. ઓહ... આ દોરો તો ભગવાનનું વરદાન છે. આ ઊભા ભગવાનજી તેની સામે... પોતે નાહકનો ચિંતા કરતો હતો.

દોરાનું રહસ્ય તો ઉકેલાયું. એક હાશકારો અનુભવાયો, પણ થોડી મૂંઝવણ થઈ. ભગવાન સામે ઊભા રહીને હસે છે. વારંવાર કોઈ પણ એક વસ્તુ માગવાનું કહે છે. પરંતુ શું માગે તે?

પોતાને કોઈ વસ્તુની જરૂર જ ક્યાં છે? જે જોઈએ છે તે બધું જ પોતાની પાસે છે. ભૂખ્યા નથી રહેવું પડતું. કોઈની ગુલામી નથી કરવી પડતી. કાકા, નાની, રૂપલી... બધા છે. ટ્રેનમાં રૂપલી સાથે ગાવાની કેવી મજા આવે છે. શું માગે તે? કંઈ નથી માગવું જા... ભલે વરદાન નકામું જાય. તેને કોઈ જરૂર જ નથી ત્યાં માગવાની વાત ક્યાં રહી?

પણ ના... ના... વરદાન મળ્યું છે... ભગવાને સામેથી આપ્યું છે તો કશુંક જરૂર માગવું જોઈએ. ભગવાન પાસે તો માગી જ શકાય ને? ક્યાં બીજા કોઈ પાસે હાથ લાંબો કરવાનો છે?

પણ સૌથી અઘરી વાત એ જ હતીને? માગવું શું? એ જ તો નહોતું સમજાતું એને ?

બહુ બધા પૈસા માગી લઉં? ના... રે... તો પછી રૂપલી સાથે ટ્રેનમાં જવું કેમ? મોટો બંગલો... પૈસાવાળાને ત્યાં હોય એવો માગી લઉં? પણ... ના... ના પછી એવડા બંગલાનું કરવું શું? રૂપલી, કાકા કે નાની એ કોઈ એમાં ન આવે તો બંગલો શું કામનો? અહીં સૂવામાં ક્યાં કોઈ તકલીફ પડે છે? ગરમી હોય ત્યારે સ્ટેશનના ખુલ્લા ભાગમાં સૂવાનું મળે છે... કેવો સરસ ઠંડો પવન આવે છે. શિયાળામાં ઠંડીમાં અંદરની બાજુએ ગોદડું ખેંચીને લપાઈ જવાની મજા આવે છે. ચોમાસામાં સ્ટેશનની પેલી બાજુમાં જરાયે પાણી નથી પડતું. પછી શું?

હવે આવા સુખી માણસને વળી માગવાનું શું? એના કરતાં કોઈ બિચારા દુ:ખીને... જરૂરિયાતવાળાને માગવાનું કહ્યું હોત તો? ભગવાનજી પણ ખરા છે!

રહીરહીને ગોપુને ભગવાન પર જ ગુસ્સો ચડતો હતો. બધો વાંક એનો જ છે. પોતે શાંતિથી રહેતો હતો ને આ ઉપાધિ ક્યાં વળગાડી?

નવાં કપડાં માગી લઉં? ના... ના, એ કે રૂપલી એવાં નવાં કપડાં પહેરીને ટ્રેનમાં ગીત ગાય તો પૈસા કોણ આપવાનું હતું? વધારે પૈસા માગીને રાખવા ક્યાં? શું કરવું? પેટથી વધારે તો ખવાતું નથી. ને પેટ તો ભરાઈ જાય છે. આઈસ્ક્રીમ પોતાને અને રૂપલીને બંનેને બહુ ભાવે છે, પણ એનો જોગ પણ ગમે તેમ કરીને ક્યારેક થઈ જ જાય છે. ત્યારે કેવો ટેસડો પડી જાય છે. બાકી રોજ રોજ ખાય તો મજા ક્યાં રહે? એ તો કોક દિ'... કોક દિ' જ ખાવાની મજા આવે... અને તે પણ પોતાના કમાયેલા પૈસાથી... આમ નહીં...

તો હવે માગવું શું? ભગવાનજી જાણે ઉઘરાણી કરતા હોય તેમ સામે ઊભા ઊભા હસે છે. ના પાડી દઉં? ન જાણે કેટલી વાર મનમાં ગડમથલ ચાલતી રહી. માગવા જેવું કશું યાદ નહોતું આવતું... બસ... કશું માગવું જ નથી. ન જોઈએ આ બધી ઉપાધિ...

ઊંઘમાં ગોપુનો હાથ દોરો છોડી નાખવા મથી રહ્યો.

ત્યાં ગોપુના મનમાં અચાનક રૂપલીનાં ઝાંઝર રણઝણી ઊઠ્યાં. નજર સામે રૂપલીના અડવાણા પગ... કશુંક ખૂટતું અનુભવાયું.

'રૂપલી, તારા ઝાંઝર...?'

'પાછાં તૂટી ગયાં. એ તો થોડા જ ટકવાનાં? એ તો એમ જ હોય. હવે એ બધી લપ મૂક...'

ખિલખિલાટ હસતી રૂપલીએ જાણે જવાબ આપ્યો.

અને... ગોપુના મનમાં વીજળીનો ચમકાર... મોતી પરોવાઈ ગયું... ગોપુની આંખ જ નહીં... આખ્ખું અસ્તિત્વ હસી ઊઠ્યું.

વરદાન માગવા ગોપુ હવે અધીરો...

તેનો હાથ હળવેથી બાવડે રહેલા દોરા પર ફરી રહ્યો.

ને મોઢામાંથી શબ્દો...

"હે ભગવાન, રૂપલીના પગમાં સાચા રૂપાનાં સરસ મજાનાં ઝાંઝર... કદી ન તૂટે એવાં ઝાંઝર પહેરાવજો.'

ગોપુના હાથ જોડાયા. ચહેરા પર સ્મિતનો ઉજાસ... અને મલકતા ગોપુના કાનમાં શબ્દ પડઘાઈ રહ્યો "તથાસ્તુ." સામે ઊભેલા ભગવાનજી પણ ખુશ થતા હતા કે શું?

રૂપલીના પગમાં ઝાંઝર આવ્યાં કે નહીં તેની હજુ ખાતરી કરે તે પહેલાં કોઈએ તેને હચમચાવ્યો.

'એય ગોપુ, આજે ચા દેવા નથી જવું? અને ક્યારનો શું બડબડાટ કરે છે? કોઈ સપનું જોતો હતો?

કહેતી રૂપલી હસી પડી અને પછી ઉમેર્યું,

'ટ્રેનનો ટાઇમ થઈ ગયો. ઊઠ જલદી... આજે તો બહુ ઘોર્યો?'

ગોપુની આંખો ચકળવકળ...

'ગોપુ, શું થાય છે? કેમ બોલતો નથી?'

ગોપુ બાઘાની જેમ ફક્ત જોઈ રહ્યો.

હજુ પૂરું સમજાતું નહોતું.

'એ ય ગોપુ, બહેરો થઈ ગયો છે કે શું?' રૂપલીએ તેને પકડીને હલબલાવી નાખ્યો.

'હેં?'

'ભગવાન... ભગવાન ક્યાં?'

ગોપુએ જોશથી આંખો ચોળી. 'આ તો રૂપલી... ભગવાનજી ક્યાં?'

તથાસ્તુ કહીને આટલીવારમાં અદૃશ્ય થઈ ગયા?

તેણે ફરીથી રૂપલી સામે જોયું. તેના પગ પર નજર સ્થિર બની.

'રૂપલી, તારાં ઝાંઝર...'

ગોપુ વાક્ય પૂરું કરે તે પહેલાં જ રૂપલીની નજર ગોપુના બાવડા પર પડી.

'અરે, ગોપુ, તારો આ લાલ દોરો ઢીલો થઈ ગયો લાગે છે. લાવ, સરખો બાંધી દઉં.'

'લાલ દારો...?'

ગોપુ રૂપલી સામે તાકી રહ્યો.

રૂપલીને ખબર છે?

ગોપુને મૌન જોઈ રૂપલી ફરી ચહેકી...

'તને ખબર છે ગોપુ? પરમ દિવસે ભગુકાકાને કોઈએ આપ્યો હતો કે તમારા દીકરાના હાથમાં બાંધજો...

તો કાકાએ તું સૂતો હતો ત્યારે તારા હાથમાં બાંધી દીધો હતો. જો તો સાવ ઢીલો થઈ ગયો લાગે છે.'

કહેતાં રૂપલીએ કસકસાવીને દોરાને ગાંઠ મારી. **મ**



અભ્યાસઃ એમ.એ., બી. એડ., પીએચ. ડી. વિષયઃ ગુજરાતી. ગવર્નમેન્ટ આર્ટ્સ કોલેજ, મણિનગર, અમદાવાદ ખાતે ગુજરાતી વિષયનાં અધ્યાપિકા
પ્રકાશિત પુસ્તકોઃ
વાર્તાસંગ્રહોઃ આકાશની એક ચીસ (૨૦૦૨) રંગ વિનાનો રંગ (૨૦૦૯); કાવ્યસંગ્રહઃ એકાંતનો અવાજ (૨૦૧૦); મહાશોધનિબંધઃ ગુજરાતી સાહિત્યમાં રેખાચિત્રની ગતિવિધિ (૨૦૧૧); અનુવાદ કાર્યઃ મારો પરિવાર (મૂ. લે. મહાદેવી વર્મા) (૨૦૧૧)

***૧૯ હરિશનગર સોસાયટી કાશીબા ચિલ્ડ્રન હોસ્પિટલ પાસે કારેલીબાગ વડોદરા ૧૮***
***pannatrivedi20@yahoo.com***

## પન્ના ત્રિવેદી

# ધુમ્મસ

રામપુર નામે એક નાનકડું ગામ. જેમાં નંદલાલ નામે એક માણસ રહે. તેમને ત્યાં એક પુત્રરત્નનો જન્મ થયો. નામ રાખવામાં આવ્યું મહાસુખરામ, પણ ઘરના સહુ તેમને બાબાભાઈ કહીને બોલાવતા. મહાસુખના જન્મ પછી નંદલાલનું નસીબ પૂર્વના સૂર્યની સમું પ્રકાશ્યું. માથે હતું તે બધુંય દેવું ઉતરી ગયું ને ઉપરથી ચઢતીના દિવસો ઊગી નીકળ્યા. આ બાબાભાઈ બધાને એવા વ્હાલા લાગે જાણે તિજોરીમાં મૂકેલી કોઈ રોકડ. 'બાબાભાઈ' 'બાબાભાઈ' કહેતાં ઘરનાની જીભ કદી સૂકાતી નહીં. એનું કામ કરવામાં હાથ કદીએ થાકતા નહીં ને તેમની આગળ-પાછળ ફરતાં પગ તોબા પોકારતા નહીં. બાબાભાઈની તો શી વાત! એક તો ચાર-ચાર બહેનો પછી ને તેય પાછી કેટલીયે બાધા-આખડીઓ પછી જન્મેલો. પાછો વાને એની મા જેવો શામળો નહીં પણ બાપા જેવો ધોળો-ધોળો... જાણે કોઈ કલૈયો કુંવર ના હોય!

આ મહાસુખરામને તો કંઈ સુખ... કંઈ સુખ...! બાબાભાઈ રડે ત્યારે બાપા ઘોડો બની જઈ પીઠ પર બેસાડે ને છાનો ન રહે ત્યાં લગી આખા ઘરમાં હણહણાટી કરતા ચોગરદમ ફર્યા કરતા. બાપા ખેતરે ગયા હોય ત્યારે ભાઈને ખિલખિલાટ હસાવવા એની ચારેય બહેનો સાતેય કામ પડતાં મૂકીને બકરી બની જઈ બેં...બેં...ના અવાજો કાઢ્યા કરતી. શરીરે દડૂકિયા એવા બાબાભાઈને દિવસમાં ત્રણ-ત્રણ વાર તો કપડાં બદલાવાતાં, એ પણ અમદાવાદથી લાવેલાં. સવાર-સવારમાં શરીરે તેલ ચોળી માલિશ કરાતું, ચણાના લોટ-દૂધથી ઘસી-ઘસીને નવડાવાતા, ધોળા બસ્તા જેવા ડિલે સુગંધીદાર પાવડર લગાડાતો, આંખમાં મેંશ અંજાતી, કાળાભમ્મર એવા વાંકડિયા વાળમાં દિવેલ ઘસાતું, જમણા લમણે ને પગના તળિયે મેંશનાં કાળાં ટપકાં કરી, ફળિયામાં ખાટલાની ચારે બાજુ તકિયા ગોઠવી, બાબાભાઈને વચ્ચોવચ્ચ બેસાડાય. ત્યારે ઘૂઘરે રમતા, સવારનો કૂણો કૂણો તડકો ઝીલતા, આંખો પટપટાવતા ને હવામાં હાથ હલાવી હૂમમ... હૂમમ... સૂરાવલિ આલાપતા બાબાભાઈ એવા તો રૂડા લાગતા કે આવતું-જતું લોક કામ પડતું મેલીને પણ બાબાભાઈને રમાડવા લાગતું. બહાર નીકળી આવેલા પોચા પોચા રૂ જેવા ગાલ પ્રેમની ચૂંટીઓથી લાલ લાલ હિંગળોક થઈ જતા. પણ એવામાં એક દિવસ કોઈકથી ભૂલ ભૂલમાં કે પ્રેમ-વાત્સલ્યના અતિ આવેશથી જરી મોટો ચોટકો ભરાઈ ગયો. તે...બાબાભાઈની આંખમાં ઝળઝળિયાં આવી ગયા. પત્યું. ગાલ અડવા પર સખત રોક લાગી. એટલું જ નહીં, તેમના હુલામણા નામ પર ઘરના સિવાય બધાં પર પ્રતિબંધ મૂકાયો.

એટલે આપણે પણ હવે બાબાભાઈ નહીં પણ મહાસુખરામ જ કહીશું ને કયારેક ભૂલથી થઈ જતાં તુંકારાને બદલે માનાર્થે જ બોલાવીશું.

ધીમે-ધીમે મહાસુખરામ મોટા થવા લાગ્યા. બાપાની આંગળી ઝાલી નિશાળે જતા થયા. પછી બાપાની આંગળી છોડી દોસ્તારોની સંગાથે તાલુકાની હાઈસ્કૂલમાં જવા

લાગ્યા. ત્યાંની મોટી-મોટી દુકાનેથી કપડાં પણ જાતે લાવતા થયા. બેલબોટમ, નેરો કે સ્ટ્રેટ સ્ટાઈલમાં ભલે કંઈ ગતાગમ ના પડે પણ જિન્સ ઠઠાડી તેજોમય આંખો પર ગોગલ્સ ચઢાવી ગામમાં ફરતા મહાસુખરામનો એવો તો રૂઆબ પડતો કે સામેથી એમને આવતા જોઈને સહુ કોઈ રસ્તો કરી આપતું. આજના જમાનાનો ‘બગાડ’ તો એમના નખમાંય નહીંને. મા-બાપને દેવ-દેવી પેઠે પૂજતા. એ જોઈને ડોશીઓ મંદિરોમાં ખોળો પાથરી-પાથરીને પોતાની વહુવારુને પેટે એમના જેવા દીકરા અવતરે એવી પ્રાર્થનાઓ કર્યા કરતી.ડોસાઓ એમના પૌત્રોને મહાસુખરામ જેવા બનવાની સલાહ આપતા. છોકરીઓ લળીલળીને વાત કરતી, વાંકી વળી-વળીને મીઠાં મધુરાં બોર લઈ આવતી. મહાસુખરામ જેવો ભરથાર મેળવવા વ્રત-અલૂણા કરતી. જોકે અંદરથી બધાને એમ જ થતું હતું કે ઉપવાસ તો એકલી રૂપીના જ ફળવાના. કારણ કે એક રૂપી જ એમની બરોબરી કરી શકે એવી હતી. ને પાછી રૂપાળીયે બહુ. આ ચાંદી જેવી રૂપીના રૂપના કોડ લઈને ફરનારા કેટલાય યુવાન હૃદય હતા પણ રૂપીની આંખ મહાસુખરામ સિવાય કોઈને અડતી નહીં. એમની ન સમજાતી વાતોને ય ધ્યાન દઈને સાંભળે. એ જોઈને એની બહેનપણીઓ વગર આગે બળી જતી.

મહાસુખરામને સામેથી એકલા આવતા જુએ કે ગામની વહુવારુઓ કોઈને કોઈ બહાને ઊભી રહી જતી ને લાજ ટૂંકાવી, ડોકિયું કરી લઈ મલપતી મલપતી કહેતીઃ ‘એમ’ પા પણ ભૂલા પડો હવે કોઈ દન...’ ને પછી તો ‘તેમ’ પા ભૂલા પડેલા મહાસુખરામ જાણે કોઈ હરિ પગલાં પાડે એમ ઘર પાવન કરી દેતા. શબરી બની ગયેલી સ્ત્રીઓ રામને-મહાસુખરામને નવી નવી વાનીઓ બનાવી ધરાવતી. હા, રામના દેખતા તો નહીં પણ રસોડામાં એમની થાળીમાંથી થોડી થોડી વાની ચાખી લઈને કંઈક ખાસ પ્રકારનો ભાવ અનુભવતી. ગામના બીજા લવરમૂછિયાઓને ખૂબ અદેખાઈ આવતી. પણ થાય શું? છેવટે એમ માનીને સંતોષ અનુભવતા કે એમની ભાઈબંધીનું મહાસુખ સાંપડે તોય ભયો ભયો. જો કે એમના ભાઈબંધ બનવું એ બંદૂકની ગોળી ચાવવા જેવી વાત હતી. બધા એમનો પડ્યો બોલ ઝીલવા તત્પર રહેતાં. અરે, માણસો તો ઠીક પણ પોતાની ગાય ચંદરી અને ભેંસ શામળી પણ મહાસુખરામનો હાથ અડ્યા પછી જ દૂધ દોહવા દેતી.

સુખની પથારીમાં આળોટતા આ મહાસુખરામનો ભીતરી જીવ જ સાવ અલાયદો. વહેલી સવારે ઊઠીને એકાંતથી ભરચક્ક જગાએ જઈને બેસે ને ઊગતા સૂર્યને તાકી રહે.પાસેના ઝાડને વ્હાલથી બાથ ભરે. પોતાના ગામની નાનકડી નદીના લજામણા રૂપને જોયા કરે ને કોયલના ટહુકા ઝીલ્યા કરે. આ મહાસુખરામ શિયાળાની ઋતુના ભારે ઘેલા. એક દિવસ તો વહેલી સવારે કોઈએ તેમને હવામાં મોં ફાડી ઊભેલા જોયા ને જોનારાએ તો ઢંઢેરો પીટયો. બધાંને આશ્ચર્ય થયું : આ મહાસુખરામ આમ કેમ કરતા હશે? રૂપીએ પૂછયું તો કહે : “ધુમ્મસનો સફેદ રંગ બરાબર જોયો છે કદી? જાણે આકાશનું કોઈ કહેણ લઈને ના આવતું હોય! મને તો એવું થાય કે મારી મુઠ્ઠીમાં ધુમ્મસ ભરી લઉં. ઘણીવાર તો એમ થાય કે રૂ જેવાં ધુમ્મસનાં ગાદલાં બનાવી લેવડાવું ને ઉનાળાની બળબળતી બપોરે ખેતરના કોઈ ઘટાદાર ઝાડ નીચે એ ગાદલાં પાથરી એમાં આળોટયા કરું. ને એ, કયારેક તો એવું ય થાય કે ધુમ્મસના પીપ ભરી-ભરીને કોઠારમાં મૂકાવી દઉં ને રોજ રાતે પથારીમાં એક-એક પીપ ઠાલવી દઈને પડ્યા-પડ્યા એની સફેદ-સફેદ સોડમ લીધા કરું...” રૂપી તો ભોંઠી પડીને સમજણ વિનાનું સાંભળી રહી.

નંદલાલે તેમની ચારેય છોકરીઓને આસપાસના ગામડાઓમાં જ પરણાવેલી એટલે મહાસુખરામ ત્યાં જવાનું પ્રસંગોપાત જ પસંદ કરતા, પણ કોઈ કોઈ વાર વેકેશનમાં મામાને ત્યાં અમદાવાદ રહેવા જવાનું થાય ત્યારે રાજીના રેડ થઈ જતા. જાણે ગોકુળ છોડી કૃષ્ણ મથુરામાં જવાના હોય એમ સહુ ઉદાસ થઈ જતાં. ભાતભાતની શિખામણોથી તેમના કાન અને ગજવાં બંને ભરાઈ જતાં. જવાનું હોય તેની આગલી રાતે મહાસુખરામ પથારીમાં પડ્યા-પડ્યા જાગતી આંખે છત પર પોતાની સુરમ્ય કલ્પનાએ ટીંગાડેલા અમદાવાદને ટગર ટગર જોયા કરે. કાંકરિયાની પાળ, મરકયુરી લાઈટથી ઝગમગતી રાતો, ઘરની એક આખી ભીંત જેવા મોટા મોટા ફોટાવાળાં હોર્ડિંગ્સ, મોટી-બહોળી સડકો ને ઉપર સરતી અપ્સરાઓ...

ગામથી તાલુકે ને તાલુકેથી અમદાવાદની બસમાં બેસતા મહાસુખરામ આખા રસ્તાને આંખનું મટકું માર્યા વિના જોયા જ કરે-ખુલ્લી ખુલ્લી જગ્યા,નાની નાની ટેકરીઓ પર ઢાળ ચઢતાં-ઊતરતાં વૃક્ષો, કાળા-રાતા-ગેરૂઆ રંગનાં ખેતરોમાં કેડબરી જેવા દેખાતા ચાસ...ને ત્યાંથી પાછા ફરતા મહાસુખરામના મુખેથી ગામ આખું અમદાવાદ આખ્યાન સાંભળ્યા કરે. એમનો હર્ષ-ઉલ્લાસ જોઈ છેલ્લે ફળશ્રુતિરૂપે સહુ ભાવવિભોર થઈને ડોલી ઊઠે.

દિવસો આમ સુખમાં જતા હતા ને તેવામાં એક દિવસ જે થવાનું હતું તે થઈને રહ્યું-તાલુકામાં પહેલે નંબરે મહાસુખરામ બારમું ધોરણ પાસ થયા. નંદ ઘેર આનંદ ભયો... જય મહાસુખરામકી... આખા ગામમાં બધેય તેમનો થૈ-થૈ થઈ રહ્યો. પણ બાપના મનમાં ચિંતા પેઠીઃ એકનો દીકરો... સરસતીએ વિદયા દીધી... બળદ લઈને ખેતરે જોતરી દઈશ તો માટીના

ઢેફા જેવો થહે... ભણે ગણે સાયેબ બને... ને શે'રમાં ભણે તો તો રંગ રહી જાય...બીજી બાજુ અમદાવાદ રહેતા નિઃસંતાન મામીને થયું કે મહાસુખરામ નસીબે બળિયા છે તે નણંદબાની પેઠે કોઠાર ન છલકાય તો કંઈ નહીં, હખે બે લીલાપાંદડે થવાય તોય ભયો ભયો... ને સિલાઈકામ કરતા એના મામાની દુકાને સાંજે-સાંજે બેસશે તો ટેકોય રહેશે... નંદલાલને તો ભાવતું'તું ને વૈદે કીધું. મામા-મામી તેડવા આવતાં જ કઠણ કાળજે છોકરાને અમદાવાદ મોકલી આપ્યો.

પછી તો અમદાવાદ આવેલા મહાસુખરામ તો કંઈ હવામાં ઊડે... કંઈ હવામાં ઊડે... સુધરેલા માણસો ને સુધરેલી ભાષા. નવા નવા ભાઈબંધો ને એમાં છોકરીઓ પણ ખરી. મહાસુખરામને તો થયું કે રામપુરમાં તો જરી અમથી બોલચાલમાંય હો-હા થઈ જાય, અહીં તો કોઈ રોકટોક જ નહીં. આ બાજુ મામી તો અડધી-અડધી થતી ભાણાભાઈને હાથમાંને હાથમાં રાખે. ચમત્કારેય એવો થયો કે નાનકડી દુકાન મોટી થઈ ને એવી ધમધોકાર ચાલવા લાગી કે મામી તો એક દિવસ માટેય ભાણાભાઈને કયાંય જવા ન દે. દીકરાને મળવા નણંદ-નણદોઈ માટે 'પેશિયલ ગાડી' મોકલી તેડાવે. લાલ-લાલ ટમેટાં જેવા દીકરાને મળી બેય એવાં તો રાજી થાય! વધારામાં મામા તો દર મહિને બહેનને રૂપિયા મોકલાવે. મામાએ પણ ફોસલાવીને સાંજે-સાંજે ધોળા ધોળા ભાણાભાઈને દુકાને બેસતા કરી દીધા. ઘરાકી વધતી ગઈ. જેન્ટ્સ ટેલરનું પાટિયું માર્યુ હોવા છતાંય પોળની છોકરીઓ હરખપદૂડી થઈને પૂછતી : 'ડ્રેસ,બ્લાઉઝ સીવો છો?' મામીને તો થયું કે જોડાજોડ લેડીઝ ટેલરિંગનું કામ પણ શરૂ કરીએ તો? વાત સાંભળતાં જ મામાએ પણ તરત એ વિચાર વધાવી લીધો.

કૉલેજ જતા મહાસુખરામની ફરતે ટોળું વધવા લાગ્યું. રૂપાળી છોકરીઓ સાથે મોડે મોડેય દોસ્તી થઈ. હવે બન્યું એવું કે કોકવાર પોતાને ક્લાસ ભરવાનો કંટાળો આવે તોય બંક મારતી છોકરીઓને રેગ્યુલર કલાસની નોટબુક મળી રહે તે શુભ આશયે પણ છેવટે કલાસ ભરતા. એકવાર તો છોકરીઓએ તેમના નામ વિશે ખાસ્સી એવી ચર્ચા પણ કરીઃ "સોરી ટુ સે બટ યુ નો... તારું આ નામ બહુ જૂનવાણી, પાછું લાંબુ એટલે બોલવામાંય ઑકવર્ડ ફીલ થાય યાર... 'સુખ' કે 'રામ' પણ એવું જ જૂનવાણી લાગે. એના કરતાં તો બેટર રેમ. સ્યૂટેબલ બી લાગે. ઓ. કે. મિ. રેમ?'' ને પછી તો મિ.રેમ થઈ ગયેલા મહાસુખરામનું મોં હો-હો કરતું અહોભાવથી એવું ભરાઈ જતું. જો કે બાપડી એ છોકરીઓને ખબર નહીં ને, કે તેમને તુંકારો ન દેવાય.

અમદાવાદી બનેલા મહાસુખરામને તો પોતાના નાનકડા ગામની લજામણી નદી હવે દયામણી લાગવા માંડી. પોતાના માટે કાંટાળી ઝાડીઓ વચ્ચેથી બોરાં વીણી લાવતી છોકરીઓનું એ કામ 'સિલી' લાગ્યું. પોતાની વાત ન સમજાય તોય સમજાઈ ગયાનો ડોળ કરતી રૂપી સાથે વાત કરીને પોતે ભેંસ આગળ ભાગવત કર્યાની મૂર્ખાઈ યાદ આવતાં જ જાતને ઠપકો આપ્યો.

'મિ.રેમ શબ્દો સાંભળતાં જ મહાસુખરામનું મોં એક આખ્ખું પતાસું સમાઈ જાય એટલું પહોળું થઈ રહેતું. પછી તો તેઓ બગીચામાં બેસતા થયા ને કોઈ કોમળ-કોમળ હાથમાં હાથ પરોવી કાંકરિયાની પાળે બેસતાય થઈ ગયા. પણ એક દિવસ ગ્રેજ્યુએટ થઈ ગયેલા મિ.રેમને કાંકરિયાની પાળે એવા તો કાંકરા વાગ્યાઃ "રેમ, આ કૉલેજના થ્રી ઈયર આપણે સખ્ખત એન્જોય કર્યાં... તારા સાથ માટે રિયલી થેન્કફૂલ ટુ યુ. બટ હવે લાઈફ માટે સીરિયસ થવું પડશે. વાત આવી છે મારા માટે, યુ.એસ.થી.એક્સેપ્ટ કરવી જ પડશે. આખરે મા-બાપના બી કંઈ સપનાં હોયને, યાર. આપણે એટલા તો સેલ્ફીશ ના જ બનવું જોઈએ ને? આઈ એમ સ્યોર, તું સમજીશ ને વાત. મારી સાથે એગ્રી બી થઈશ...ચલ, સી.યુ.'' આવું સાંભળીને જ આપણા મહાસુખરામને તો ચક્કર આવ્યાં. કાંકરિયામાં ઝંપલાવી દેવાનો વિચાર આવ્યો. બાપા યાદ આવ્યા, રૂપી યાદ આવી, ચંદરી-શામળી યાદ આવી... ના ખાય, ના પીવે, ના દુકાને જાય, ના કંઈ કામ કરે... થોડા દિવસ તો દેવદાસના વહેમમાં ઘરમાં ભરાઈ રહ્યા. હવે તો દુકાને બેસતાંય તેમને શરમ આવવા લાગી. એ જોઈને હેતાળ મામીના મોંએ પણ આકરાં વેણ નીકળવા લાગ્યાં. છેવટે રોષે ભરાયેલાં મામીની ઉપરવટ જઈને મહાસુખરામ તો ટિફિનનું ડબલું લઈને કોઈ કંપનીની નોકરીએ જતા થઈ ગયા.

મહાસુખરામ તન-મનથી કામ કરવા મથે પણ તનથી કામ કરતા મહાસુખરામને મન સાથ આપતું નહીં. ધીમે-ધીમે પોતાનું ગામ યાદ આવવા લાગ્યું. રાતે ખુલ્લા આકાશમાં ઝગમગતા તારા જોવા એમની આંખો અધીરી બની ગઈ. પણ તેમને તારા તો દૂર, રાતનો કાળો રંગ પણ બરાબર દેખાતો ન હતો. મરકયુરી લાઈટની રોશનીથી ઝગારા મારતી રાતોમાં વાહનોના સફેદ-સફેદ ધુમાડાથી કાળી આંખો બળતી હતી. રસ્તે જતી હાડપિંજર જેવી ગાયોને કોથળીઓ ચાવતી જોઈને કે પાંજરાપોળ લઈ જવાતી જોઈને એમના અંતરમાં ચીરો પડી જતો. કોઈને પાણીનું પાઉચ પીતા જોઈને તે અકળાઈ જતાઃ પાણી માટે તો પરબ હોય, રૂપિયા-રૂપિયાની કોથળીઓ ના હોય. રામપુરમાં તો વલોણાવારે ઘેર-ઘેર છાશ મફત અપાય. જીવ કાઠો જોઈએ... જાણે પચ-પચ કરતું પાણીનું પાઉચ

એમની હાંસી ના ઊડાવતું હોય!

એક દિવસ તો ગજબ થયો. એક બપોરે જેવું એમણે ટિફિન ખોલ્યું કે એમાંથી ધુમ્મસ નીકળ્યું. એ તો પછી એમની આસપાસ જ નહીં, ઊંડે ઊંડે છાતીમાં ભરાઈ પેઠું. ને કેટલાંય દિવસો સુધી અંદર ગોળ ગોળ ઘુમરાતું રહ્યું. રસ્તે ચાલતા મહાસુખરામ વાહનોના ધુમાડા જોતા તો ય ફફડી જતા-અંદરનું ધુમ્મસ પણ ધુમાડો બની જશે કે શું?

એમણે મામી પાસે રામપુર જવાની ઈચ્છા બતાવી. મામીએ પણ 'ભાણાભાઈ હવે અંઈ રયે રયે ઉબાઈ જ જયા છે તો પરાણે જ ઓછું કંઈ...' કહી રાજીખુશીથી સંમતિ આપી દીધી. બસ,પછી તો શું હતું? મહાસુખરામના પગ નીચે જાણે આકાશ પથરાઈ ગયું. હરખાતા હરખાતા તે તો ઊપડ્યા રામપુર જવા. પોતાના ગામ ભણીનો રસ્તો જોઈ શકાય તેટલા માટે તો બસની ત્રણની સીટ પર તડકો આવતો હતો તોય ત્યાં જ બેઠા ને નિરાંતનો શ્વાસ લીધો.

આખાય રસ્તાને મહાસુખરામ તો ટગર-ટગર જોયા કરે ને જમીનના તસુ-તસુને ફંફોસતી એમની આંખો લીલોતરીને શોધ્યા કરે. નવા બંધાયેલા ફ્લેટ્સ-એપાર્ટમેન્ટ્સના અજગરો ખેતરોને ગળી ગયા હતા. ઢાળ ઊતરતી ટેકરીઓ કોઈ અજાણ્યા પાતાળમાં ઊતરી પડી હતી. નવું ગામ ક્યાંથી શરૂ થતું હતું ને કયાં પૂરું થતું હતું તે તો ગામના નામના પાટિયાથી જ કળાતું હતું. મહાસુખરામની કોરી નજર સામે વાદળ વિનાનું ભૂરું-ભૂરું આકાશ દેખાતું હતું. પણ એમણે તો પોતાનું મન ઘર ભણી વાળ્યું. વડ પાસેનું નાનકડું સ્ટેન્ડ પહેલીવાર આજે આટલું યાદ આવતું હતું. પોતે ઘેર પહોંચશે ત્યારે આખું ગામ પોતાની આવભગત કરવા ટોળે વળ્યું હશે. ને રૂપી બધા વચ્ચે છાની-છાની જોઈ લેશે એ વિચારે મહાસુખરામ તો ફૂલગુલાબી હસી પડ્યા...

તાલુકે પહોંચ્યા ને પોતાના ગામની બસ બદલી એમાં બેઠા. એમને તો એમ લાગતું હતું કે બારીમાંથી આવતી ઠંડી હવા ગામ બનીને પોતાની અંદર જતી હતી. તેવામાં તેમનું ગામ આવ્યું. એમના પગ ઉતાવળા થયા. સામે ધોતિયાવાળા બાપા ઊભા હતા.

પછી તો મહાસુખરામને જોવા, જાણવામાં આવ્યું-વડ પાસે આવેલા ગલ્લાની સાથે દુકાનો પણ થઈ હતી. જેની બહાર થર્મોકોલના બોક્સમાં બરફનાં ચોસલાં વચ્ચે પાણીનાં પાઉચ મૂકેલાં હતાં. ગુટખા-પડીકીઓની સાથે કુરકુરે ને ચટાકાપટાકાનાં પેકેટ પણ ધૂમ વેચાતાં હતાં. છોકરાઓ 'ફેન્સી' જિન્સ ઠઠાડી નિશાળે જતા હતા. ખુલ્લા ફળિયાની આજુબાજુ તાર કે ઈંટોની દીવાલ ચણાઈ ગઈ હતી. ચોતરે બેઠેલા જુવાનિયાઓ દબંગ જેવી બોડી કેવી રીતે બનાવી શકાય તેની ચર્ચામાં પડેલા હતા. રસ્તે મળતી વહુવારુંઓ' લ્યો, બહુ વખતે ગામ યાદ આવ્યું?' કહેતી કામે વળગી ગઈ. એક સાયકલવાળો 'ગોરસ છાશ...'ની બૂમો પાડતો પસાર થઈ ગયો. રૂપીની કાંખમાં છોકરું રમતું હતું. ચંદરી ને શામળી વેચી દેવાઈ હતી. ઘેર ઢોર-ઢાખરું કરવાનું તો ક્યારનુંય બંધ થઈ ગયું હતું.

હવે બન્યું એવું કે તેઓ નંદલાલ સાથે ક્યાંક જતા હતા ને ત્યાં જ પાછળથી કોઈ ભાઈબંધના શબ્દો એમને સંભળાયા: ''કેમ મહાસુખ, ગામ યાદ આવ્યું ખરું?'' દીકરાને તુંકારે બોલાવ્યા બદલ નંદલાલે કંઈ જ વાંધો લીધો નહીં.

તો હવે આપણાથી પણ મહાસુખરામને જો તુંકારો દેવાઈ જાય તો કંઈ ખાસ વાંધો નથી.

એ સાંજે તો મહાસુખરામ એવા હેબતાઈ ગયા કે ગળેથી માંડ માંડ કોળિયો ઉતાર્યો. નંદલાલે ફળિયામાં પલંગ પાથર્યો હતો પણ મહાસુખની નજર કાથીવાળો ખાટલો શોધતી હતી. બાપાએ તો જૂની વસ્તુઓ કાઢી નાંખીને નવી કઈ કઈ વસાવી તેની વાતો ઉમળકાભેર કરી. ને વાતવાતમાં છેલ્લે એવુંય ઉમેરી લીધું: ''હવ અમારેય આ ગામડે ક્યાં વરસો કાઢવા છે? આ બધું ય અમારી હંગાથે અમદાવાદ ...''

મહાસુખને તો એક કંપારી છૂટી ગઈ.

અને તેને તો આખી રાત ઊંઘ જ ના આવી. સવાર પડતાં જ એ તો ઊપડ્યો પોતાની એકાંતવાળી જગ્યાએ.એને તો અંદરથી મૂંઝારો થતો હતો. જીવ વલોવાતો હતો.દૂર સફેદ-સફેદ ધુમ્મસ દેખાયું. એણે તો જાગતી આંખે સપનું જોયું-ધુમ્મસ હરણફાળ ભરતું પોતાના ભણી આવતું હતું ને એકાએક આસપાસ વીંટળાઈ વળ્યું. શ્વાસ ગૂંગળાવા લાગ્યો.હવાનો એક કણ પણ નહતો. ધુમ્મસના ગોટામાં ધોળી-ધોળી ફગ્ગ બૂમો સંભળાતી હતી. કોઈ હવાના પાઉચ વેચવા આવ્યું હતું. જે ખૂબ મોંઘાં હતાં. ને જે માણસો ખરીદી નહોતા શકતા તે ટપોટપ મરવા લાગ્યાં. ખેતરોની જમીન પર અનાજ ના બદલે ઊંચી-ઊંચી ઈમારતોનો ફાલ ઊગ્યો હતો. લોકોના હાથ, ગજવાં રૂપિયાઓથી ભરેલાં હતાં પણ ખાવા માટે એક દાણો પણ ન હતો.

મહાસુખની આંખે તો અંધારાં આવ્યાં. તેણે હાથ વડે ધુમ્મસ ઉલેચવા માંડયું... પણ એ તો વધતું ને વધતું જ ગયું. કશુંય દેખાતું નહોતું-ના પોતાનું ગામ, ના પોતાનું નામ. એને લાગ્યું કે પોતે ફસડાઈ પડશે. આસપાસનાં ઝાડના થડની ઓથ લેવા હાથ લંબાવ્યા પણ કયાંય થડ હોય તો ને? **મ**




બી.એસ.સી. સુધી અભ્યાસ, પણ રુચિ હંમેશાં સાહિત્ય તરફ રહી. મુંબઇથી નીકળતાં 'જન્મભૂમિ-પ્રવાસી'માં અવાર-નવાર લેખો લખું છું. આ સિવાય 'અખંડ-આનંદ', 'નવનીત-સર્મપણ' જેવા સામયિકોમાં ટૂંકી વાર્તાઓ પ્રસિદ્ધ થઇ. ટૂંકીવાર્તા, હાસ્ય લેખો, નાટક વગેરે જુદા જુદા પ્રકારોમાં લેખન કરવું ગમે.

**ફો. ૦૨૬૩૨ ૨૫૧૭૧૯**
**મો. ૦૯૪૨૮૫ ૪૧૧૩૭**
**avs_50@yahoo.com**


## આશા વીરેન્દ્ર

# રિમોટ

બંને વચ્ચે આટલો મોટો ઝઘડો થઇ જાય એવું ખાસ કારણ તો હતું નહીં. ખરેખર તો સાંભળીને કોઇને હસવું આવે એવી નજીવી વાત હતી. સાંભળનારને તો એમ જ થાય કે બસ આટલી નાનકડી બાબત માટે આમ નાનાં છોકરાંની જેમ રિસાઇ જવાનું ને અબોલા લેવાના? રજનું ગજ થઇ ગયું હતું એ તો નક્કી, પણ ઘરમાં હતાં હુતો ને હુતી બે - કોણ કોને સમજાવે? ત્રીજું કોઇ હોય તો વચ્ચે પડેય ખરું કે ભઇ, આની ભૂલ છે ને આની નથી, પણ હરીફરીને એકમાત્ર દીકરી સેતુ હતી એય છેલ્લાં ત્રણ વર્ષથી પરણીને અમેરિકા જતી રહેલી. હવે આ બે હસે, રડે કે ઝગડે, કોણ જોવાવાળું?

'આ રોતલ સિરિયલ બંધ કર ને કોઇ ઢંગધડાવાળી ચેનલ મૂક.'

'આખા દિવસમાં ફક્ત રાત પડ્યે જ સિરિયલ જોવાની ફુરસદ મળે, પણ જરાક ટીવી ચાલુ કરું ત્યાં તારી કચકચ ચાલુ થઇ જાય. ટીવી જોવાનો મૂડ જ ખલાસ થઇ જાય.' સોનલ મોઢું ફુલાવીને ગુસ્સો વ્યક્ત કરતી.



દીપેન પર સોનલના ગુસ્સાની જરાય અસર ન થતી. એ તો નિરાંતે 'આજતક' કે 'એન.ડી.ટીવી' પર ન્યૂઝ જોતો. એને ખબર તો હોય જ કે, સોનલ અત્યારે ભડકેલી છે ને આમેય એને ન્યૂઝ જોવા - સાંભળવામાં રસ નથી, તો યે એની કોમેન્ટ્રી ચાલુ રહેતી.

'આ સાલ્લા પોલિટિશિયનો.... બધા કરાટ છે કરાટ. કામકાજ કંઇ કરવું નથી ને ટીવી પર ઇન્ટરવ્યૂ આપ્યા કરવા છે.'

સોનલ છણકો કરીને બેડરૂમમાં ચાલી જતી. આવું ઠંડું યુદ્ધ અઠવાડિયામાં ઓછામાં ઓછું બે-ત્રણ વાર છેડાતું, પણ સવાર પડે ને યુદ્ધવિરામ જાહેર થઇ જતો. જાણે કે, રાત ગઇ બાત ગઇ, પણ બે દિવસ પહેલાં સોનલ એની મહિલામંડળની મીટિંગમાં જઇને આવી ત્યારથી એણે ટીવીની બાબતમાં રણચંડીનું રૂપ ધારણ કર્યું હતું. તે દિવસની મીટિંગમાં ચર્ચાનો મુદ્દો હતો- 'ટીવીના રિમોટ પર હક્ક કોનો? સ્ત્રીનો કે પુરુષનો?' હવે, જ્યારે આવા સ્ફોટક વિષય પર બોલનારી માત્ર ને માત્ર મહિલાઓ જ હોય ત્યારે સ્વાભાવિક છે કે, ચર્ચા એકપક્ષીય જ બની જાય. મોટાભાગની સ્ત્રીઓએ કરુણ, ગળગળા સાદે તો કેટલીક બહેનોએ વળી આંખમાં આવેલાં સાચ્ચા (મગરમચ્છના નહીં) આંસુઓની સાક્ષીએ કહ્યું કે, આપણને કોઇ દિવસ શાંતિથી આપણી મનગમતી સિરિયલ જોવા દેવામાં આવતી જ નથી. આપણે ટીવી જોતાં હોઇએ

ત્યારે  સૌથી પહેલાં વિલનની ભૂમિકામાં બાળકો અને અચાનક ટપકી પડેલા મહેમાનો આવે અને જો ઘરમાં પતિ-પત્ની બે જ હોય ત્યારે  આ રોલ પતિ ભજવતો હોય છે. એવા સમયે નાયક ને ખલનાયક એકમેકમાં ભેળસેળ થઇ જાય છે.  રિમોટ પોતાના જ કબજામાં રાખીને એ પોતાનો અહમ્ સંતોષે છે. આવે સમયે પત્ની નમતું જોખવામાં જ શાણપણ સમજે છે.

સાંભળતાં સાંભળતાં સોનલને વારંવાર થતું હતું કે, વકતા બહેનો જાણે એના મનની વાત જ કહી રહી છે. સાચે જ! સ્ત્રીને અબળા કંઇ અમસ્તી કહી છે? એક રિમોટ કચકચાવીને પકડી રાખવા જેટલી  શક્તિ ય એનામાં નથી! સોનલનું મન એકદમ ભરાઇ આવ્યું હતું એટલામાં મિસિસ પારડીવાલા મળી ગયાં.

'અરે સોનલ ડીકરા, તું કાંય આમ ઢીલી ઢીલી, કરમાયલી ભાજી જેવી  લાગે  છ? કંઇ થયું છ કે સું?'

'ના આંટી, આમ તો કંઇ નથી થયું પણ...'

'સોનલ ડીકરા, બીજી બ..દ્ધી વાત પછી, પન પેલ્લાં તું મને આંટીને બદલે મિસિસ પારડીવાલા કહીને વાત કર જોઉ!'

'સોરી આંટી, એટલે કે, મિસિસ પારડીવાલા, આ તો હું તમને મારા પોતાનાં ગણું છું એટલે મનની વાત કહું છું, પણ બીજા કોઇને વાત ન કરશો, પ્લી...ઝ !' સોનલે એવી સ્ટાઇલમાં વાત કરી કે મિ. પારડીવાલા તો પાણી પાણી થઇ ગયાં.

'અરે રે ડીકરા! હું તે વરી કોને વાત કરવા જવાની? તારે જે કહેવું હોય તે શાંતિથી કહે.'

સોનલે દર્દભર્યા સ્વરમાં પોતાની અને અંતે પોતે સ્વીકારવી પડતી શરણાગતિની વાત દિલ ખોલીને કરી જ દીધી. મિ. પારડીવાલા સોનલ પર ગુજારાતા સિતમની કહાણી સાંભળી સ્તબ્ધ થઇ ગયાં. પર્સમાંથી રૂમાલ કાઢી એમણે પોતાની કોરી આંખો પર ફેરવ્યો.

'સોનલ ડીકરા, આટલ બધું શાના વાસ્તે સહન કરે છે! માટીડા તો મુઆ બધ્ધા આવા જ હોય પણ યુ શુડ બી સ્માર્ટ! તમારાં બંનેઉનાં અલગ ટીવી કરી નાખની, એટલે કંઇ માથાકૂટ જ ની!' સોનલના મગજમાં એકાએક પ્રકાશ ફેલાઇ ગયો. ઓહો, આટલો સરળ ઉકેલ, ને પોતે કદી વિચાર્યું નહીં ? આજે રાત પડવા દે એટલે ફેંસલો કરી નાખું.

'સોનલ...વળી પાછી કઇ સિરિયલ જોવા બેસી ગઇ? બકવાસ આવે છે બકવાસ, બધી સિરિયલોમાં એક એક જણ ઓછામાં ઓછા ત્રણ વાર તો પરણે જ!'

'આ હરકિશન મહેતાની 'મુક્તિ-બંધન' વાર્તા પરથી બનેલી સિરિયલ છે. એમાં એવું કશું નથી આવતું.' સોનલે અવાજ જરા ઊંચો કરીને જવાબ આપ્યો.

'એ જે હોય તે, દિવસના ટાઇમે રિપીટ થાય છે ને, ત્યારે જોઇ લેજે, તું તો નવરી જ હોય છે. અત્યારે તો આખા દેશને ચિંતા છે કે, લોકપાલ બિલનું શું થશે? ને તું આવી વાહિયાત સિરિયલો જોયા કરે છે!'

ધીમે ધીમે ઉપર ચઢતો સોનલના મગજનો પારો પૂરો ઉપર ચઢી ગયો અને એની ગરમીથી બેરોમીટર ફાટ્યું,

'કેમ, તું કમાઇને લાવે છે એટલે તારી જ દાદાગીરી ચાલે, એમ? અમને ગમતી સિરિયલ જોવાની પણ અમને છૂટ નહીં. આટલા બધાં બંધનમાં મારે શા માટે રહેવાનું, હું  કમાતી નથી એટલે?' દીપેન તરફ રિમોટ ફેંકતાં સોનલ ઊભી થઇ. સોનલનું આવું રૌદ્ર સ્વરૂપ દીપેને કદી નહોતું જોયું. એ ઢીલો પડી ગયો. 'સોરી બાબા, તારે જે જોવું હોય તે જો બસ? હું કાલે પેપર વાંચીને ન્યૂઝ જાણી લઇશ.' એણે સોનલને બાજુમાં બેસાડવાની કોશિશ કરી, પણ હવે સોનલ બરાબરની વીફરી હતી. દીપેનના હાથને ઝાટકો મારતાં એણે કહ્યું,

'ના,ના, હવે આ રોજેરોજની તૂતૂ,મૈંમૈં. ટીવી લઇ આવું છું. હવે  બહુ થયું. મારી સહનશક્તિની હદ આવી ગઇ છે.' સોનલે ચોધાર આંસુએ રડતાં રડતાં બેડરૂમ ભણી પ્રયાણ કર્યું .

યુદ્ધ પછીના બીજા દિવસનું પ્રભાત ઊગ્યું પણ એ રોજના જેવું સોનેરી નહોતું. આજે એનો રંગ બ્લડ રેડ હતો. દીપેન અને સોનલે એકબીજા સામે જોયા વિના મૂંગામૂંગા ચા-નાસ્તો પતાવ્યો. સોનલે  તૈયાર કરેલું લંચબોકસ લીધા વિના જ દીપેન ઑફિસે જતો રહ્યો. સોનલનો જીવ બળવા લાગ્યો. એને થયું, મિસિસ પારડીવાલાને ફોન કરીને પૂછે કે, આવી નાજુક પરિસ્થિતિમાં શું કરવાનું? ત્યાં તો ફોનની રિંગ વાગી,

'હલ્લો...'

'હલ્લો, ટીવી લેવાઇ ગયું છે. માણસ ટીવી લઇને આવે એની પાસે ડાબી બાજુના બેડરૂમમાં ફિટિંગ કરાવી લેજે.'

'પણ દીપેન...' સોનલ બોલવા ગઇ.

'અને હા, ડ્રોઇંગરૂમમાં અત્યારે જે ટીવી છે એ જમણી બાજુના બેડરૂમમાં મૂકાવી દેજે. હું ત્યાં સૂઇશ.'

સોનલને થયું, આ તો વાતનું વતેસર થઇ ગયું. જુદાં જુદાં બેસીને ટીવી જોવાની વાત હતી, બેડરૂમ જુદા કરવાની કોઇ વાત નહોતી, પણ હવે તીર છૂટી ગયું હતું, પાછું શી રીતે વળે?

દીપેન આવ્યો, સોનલને પૂછવું હતું કે, સવારે જમવાનું શું કર્યું? પણ ખબર હતી કે દીપેન જવાબ નહીં આપે, એટલે એ વાત ગળી ગઇ. ડાઇનિંગ ટેબલના સામસામા બે છેડે બેસીને બેઉએ મૂંગામૂંગા જમી લીધું. જમીને એ ગઇ ડાબી તરફ અને દીપેન જમણી બાજુના બેડરૂમમાં નવુંનક્કોર, લેટેસ્ટ મોડેલનું ટીવી હતું, એનું રિમોટ પોતાના જ હાથમાં હતું તો યે સોનલને સિરિયલ જોવાનું મન નહોતું થયું. એકાદ વખત તો એ બહાનું કાઢીને દીપેનના રૂમમાં ડોકિયું ય કરી આવી. 'એપલ ખાવું છે?' 'કોફી પીવી છે?' પણ રોજ બોલીબોલીને ઘર ગજાવતા દીપેને માત્ર હાથના ઈશારાથી 'ના' કહીને જ પતાવ્યું. સોનલનું મન ભારે થઇ ગયું. આટલો બધો ગુસ્સો! મેં એવો તે ક્યો મોટો અપરાધ કરી નાખ્યો? વાંધો નહીં, એને ન બોલવું હોય તો હું કંઇ બોલ્યા વગર મરી નથી જવાની! બસ, તે દિવસથી બંને વચ્ચે તણાઇ ગઇ એલ.ઓ.સી.- લાઇન ઓફ કન્ટ્રોલ. આ લાઇનને પાર કરીને ન કોઇ પેલી તરફથી આ તરફ આવી શકે કે ન આ બાજુથી પેલી બાજુ જઇ શકે.

ઘરમાં બધું સૂમસામ થઇ ગયું હતું. ન હસવાનો આવાજ, ન તો બોલવાનો. માત્ર ફોનની રિંગ વાગે ત્યારે કંઇક સળવળાટ થતો લાગે ને વળી પાછું જેસે થે. પહેલાં તો એ બંને જ્યારે ટીવી જોતાં બેઠાં હોય ત્યારે ફ્રુટ કે આઇસ્ક્રીમ ખાવાનો કાર્યક્રમ ચાલતો જ. હવે બંને પોતપોતાના રૂમમાં ઘૂસી જતાં એટલે એવા કાર્યક્રમો પણ બંધ થઇ ગયા. જ્યારથી પોતાનું આગવું ટીવી મળી ગયું ત્યારથી સોનલનો ટીવી જોવાનો ઉત્સાહ મરી ગયો હતો. ટીવી ચાલુ હોય અને એ અન્યમનસ્કપણે જોયા કરતી હોય. સિરિયલમાં શું ચાલી રહ્યું છે, એનું કશું ધ્યાન ન હોય. ટીવી પણ પોતાનું ને રિમોટેય પોતાનું, પણ હવે કશો રોમાંચ રહ્યો નહોતો. કયાં તો એ કોઇ મેગેઝીન લઇને પાનાં ફેરવ્યા કરતી, ક્યાં તો કંટાળીને વહેલી સૂઇ જતી. મનમાં ને મનમાં એ મિસિસ પારડીવાલાને યાદ કરતી કે, ક્યાં એમની સલાહ માનીને આ ઉપાધિ વ્હોરી લીધી!

'તને આજે ગરમ નાસ્તામાં શું બનાવી આપું?' વાતચીતનો કપાયેલો દોર કદાચ ફરી પાછો સંધાય એવી આશાથી સોનલ પૂછતી.

'કંઇ પણ, જે હશે તે ચાલશે.' ટૂંકો ને ટચ જવાબ.

'ચાલો, જમવાનું તૈયાર છે....'

'તું જમી લે. થોડું કામ છે એ પતાવીને હું જમીશ.' બસ, અહીંતહીં વિખરાયેલાં આવાં છૂટાંછવાયાં થોડાં વાક્યો, એથી વિશેષ કશું નહીં. સોનલ અકળાતી, મૂંઝાતી, પણ દીપેનને મનાવવાનો કે ઘરનું વાતાવરણ પહેલાં જેવું મહેકતું, ચહેકતું બનાવવાનો કોઇ ઉપાય સૂઝતો નહોતો. આમ ને આમ તો મહિનો થવા આવ્યો.

રાત્રે પોતાના રૂમમાં જઇને સોનલે ટીવી ખોલ્યું નહોતું એટલે આખા ઘરમાં શાંતિ જ શાંતિ હતી. હા, દીપેનના રૂમમાં ટીવી ચાલુ હશે અને એ ન્યૂઝ સાંભળતો હશે એનો ધીમો અવાજ આવતો હતો ખરો! સોનલે બે-ત્રણ વખત બરાબર કાન માંડીને સાંભળ્યું. ટીવીના અવાજ સિવાય બીજો શાનો અવાજ સંભળાતો હતો? અરે! દીપેનને ઊલટી થતી લાગે છે! એ શ્વાસભેર દોડી. એ પહોંચી ત્યાં સુધીમાં દીપેનને બે-ત્રણ ઊલટીઓ થઇ ગઇ હતી. હાથ-પગ ઠંડા પડી ગયા હતા. એ દીપેનને પકડીને પલંગ સુધી લઇ ગઇ. માથે, પગને તળિયે બધે કોલન-વોટર ઘસ્યું, એસિડિટીની દવા આપી, ઠંડું દૂધ પીવડાવ્યું. દીપેનની બાજુમાં બેસીને હળવે હળવે એને માથે હાથ ફેરવતી રહી. અડધા-પોણા કલાકે એને લાગ્યું કે, હવે દીપેનને ઊંઘ આવી ગઇ છે. ધીમેથી એના માથેથી હાથ ખસેડીને ઊભી થવા ગઇ ત્યાં તો દીપેને એનો હાથ ખેંચ્યો,

'મને માંદાને એકલો મૂકીને ક્યાં જાય છે? મારે રાત્રે જરૂર પડશે તો?' સોનલ નવોઢાની જેમ શરમાઇ ગઇ,

'કેમ, આટલા દિવસ મારી જરૂર નહોતી લાગી?'

'જરૂર તો લાગી હતી, પણ વચ્ચે પેલું ટીવીનું રિમોટ આવી જતું હતું.'

'નામ નહીં લેતો હવે રિમોટનું, આ બધી હોળી એણે જ સળગાવી છે.' લાડથી દીપેનની નજીક સરકતાં એણે કહ્યું.

બીજે દિવસે સવારે તો દીપેનની તબિયત ઘણી સારી લાગતી હતી.

તો યે સોનલે કહ્યું,

'આજનો દિવસ ઑફિસે નહીં જા, આરામ કરી લે.'

'ઓ.કે. મેડમ, જેવો તમારો હુકમ, પણ નાસ્તામાં તમારાં હાથનાં બનેલાં બટેટા-પૌંઆ તો જોઇએ હં!'

'એ તો હમણાં બનાવી કાઢું ને સાથે આદુ-ફુદીનાવાળી ચા પણ પીવડાવું, પણ મારા રૂમમાંથી ડ્રોઇંગરૂમમાં ટીવી લાવવામાં મદદ કરવી પડશે.'

ઘણા દિવસો પછી બંનેએ પહેલાંની જેમ ચા-નાસ્તો કર્યો. એકાએક સોનલને કંઇ યાદ આવ્યું હોય એમ એણે ફોન જોડ્યો,

'હલ્લો મિસિસ પારડીવાલા, હું સોનલ બોલું છું. તમને એક રિકવેસ્ટ કરવાની કે, પેલું બીજું ટીવી લેવાની જે સલાહ તમે મને આપેલીને, એવી સલાહ બીજા કોઇને ન આપશો. બાય આન્ટી!' અને એ દીપેન સામે જોઇને હસી પડી. **મ**



છેલ્લા દાયકાનાં મહિલા સર્જકોમાં કલ્પના જિતેન્દ્રનું નામ પ્રથમ પંક્તિમાં છે. દત્તક બાળકોના સિંડ્રોમ પરની સંવેદનકથાઓના તેમના એક સંગ્રહ "અપને-પરાયે" ઉપરાંત તેમનો બીજો વાર્તાસંગ્રહ "તારા જ કારણે" પણ વાચકો-વિવેચકોની પ્રશંસા પામ્યો છે. લેખિકા ગાંધીનગર અને ભાવનગરની અનેક સાહિત્યિક સંસ્થાઓ સાથે સંકળાયેલાં છે.

**૧૦૧ અખંડાનંદ ફ્લેટ્સ,**
**શીશીપ્રભુ ચોક, રૂપાણી**
**ભાવનગર-૩૬૪ ૦૦૧**
**ફો. ૦૨૭૮ ૨૫૬૫૮૫૧**
**મો. ૦૯૪૨૭૭ ૧૪૧૨૦**

## કલ્પના જિતેન્દ્ર

# ધરતી અને આકાશ

'ની... ની! અહીં આવ જો તો!' જહોને બૂમ પાડી. રોનીને એ લાડમાં 'ની' કહેતો. મોમનો કબાટ ખોલી, વિલ, બેન્કના કાગળો તપાસતો હતો. દોડતી એ ભાઈની પાસે પહોંચી.

'જો ની! મોમે તને પત્ર લખ્યો છે. મને પણ લખ્યો છે. સોરી, મેં તારા ઉપરનો પત્ર પણ વાંચ્યો. આમ તો ન વાંચત. પણ એ વિલ સાથે જોડાયેલો છે. ને વળી એ વાંચવાનું મોમે લખ્યું છે, એટલે જ હોં... 'ઓકે! આપો તો!' ભાઈને બોલતો રાખી પત્ર એના હાથમાંથી લગભગ આંચકી એણે વાંચવા માંડ્યો.

''પ્યારી દીકરી, અઢળક અઢળક વહાલ.

મારી વિદાય પછી આ પત્ર તું વાંચી રહી છો. સ્વસ્થ છોને બેટા? સ્વસ્થ રહેજે. જન્મ અને મૃત્યુ એ કાયમી ઘટમાળ છે. એનાથી પર હું કઈ રીતે હોઉં? અમુક સૂક્ષ્મભાવ, જે હું અનુભવું છું એ શબ્દમાં ઉતારવા શક્ય નથી. કેટલીક લાગણીઓ વાણી-વર્તનથી પર હોય છે. એ માત્ર અનુભવી જ શકાય.

તું જાણે છે કે હું તારી જન્મદાત્રી નથી. પાલક મા છું. આવું લખતાંય મારા હાથ કંપે છે! પણ જે હકીકત છે એ તો છે જ. પાંચેક વર્ષ પહેલાંનો એ દિવસ મને બરાબર યાદ છે! સાંભળીને તેં આક્રંદ કરી મૂકેલું, 'નહીં મોમ, પ્લીઝ મોમ! આવું ન બોલ. હું તારી જ કૂખે અવતરી છું, તું જ મારી મોમ!' એ રાત્રિ તો તું મને વળગીને સૂઈ રહેલી. રખેને કોઈ તને મારાથી ખૂંચવી જાય!

સાચું કહું? મારી લાડલી! તને ઇન્ડિયાથી લાવી ત્યારે સંપૂર્ણપણે અહીંના માહોલમાં સમરસ કરી દેવાનું વિચારેલું, પણ એ કશું ન થઈ શક્યું. વહાલી, મેં તને જોઈ અને પહેલી જ નજરમાં રૂપાળી ઢીંગલી જેવી તું મને ગમી ગઈ. તારી નિર્દોષ ને ભૂરી ભૂરી આંખોએ મને મોહિત કરી દીધી. મારા સ્વાર્થ ખાતર હું તને અહીં લઈ આવી, પણ મારી કલ્પના, અપેક્ષા પ્રમાણે હું તને ઘડી ન શકી.

ખેર! મને માફ કરી દે બેટા! હું તારી અપરાધી છું. તારી જમીન, તારા મૂળિયામાંથી હું તને ઉખાડી લાવી. નવી ફળદ્રુપ જમીનમાં અંકુરિત કરી, પણ તને પૂર્ણ વિકસિત ન કરી શકી.

બેટા! તારા એકવીસમા જન્મદિવસે હું કદાચ નહીં હોઉં, પણ કિંમતી ભેટ તને આપી જાઉં છું; તારા પાસપોર્ટ અને વીઝા બધું જ મેં તૈયાર કરાવી રાખ્યું છે. ઇન્ડિયા જવાનું તારું સ્વપ્ન છે ને? હું તને ન લઈ જઈ શકી, પણ હવે જહોન લઈ જશે. તમે બંને જજો! તું ઇચ્છે તો ત્યાં જ રહી જજે! મારી શુભકામનાઓ તારી સાથે છે. તું જ્યાં પણ હોઈશ, સૂક્ષ્મ દેહે હું હંમેશાં તારી સાથે જ હોઈશ.

વિલ વાંચજો. બંને ભાઈબહેનને મિલકત સોંપું છું. યોગ્ય લાગે તે રીતે ઉપયોગ કરજો.

તારા ઉજ્જ્વળ ભાવિની મંગળકામના અને ખૂબ ખૂબ પ્યાર સાથે,

તારી મોમ.''

રોની ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી.

''કમઓન માય સ્વીટ ડોલ, રડવાનું નથી. તારે તો ખુશ થવાનું છે. આપણે ઇન્ડિયા જઈએ છીએ. ચાલ જોઉં. બક અપ, બક અપ!''

લંડનથી બોમ્બે, આઠ કલાકની સફર. છેલ્લા દિવસોની દોડાદોડીથી થાકીને જહોન તો નસકોરાં બોલાવવા માંડ્યો. રોનીની ય પાંપણો ભારે થવા માંડી, પણ મન તો ક્યાંય સ્વૈરવિહાર કરવા માંડ્યું! પ્લેન તો હજુ ઊંચાઈએ પહોંચ્યું, એ પહેલાં એ તો ક્યારનીય ભારત પહોંચી ગઈ!

બોમ્બેનું લાલ પથ્થરનું ને લાલ નળિયાવાળું બેઠા ઘાટનું મકાન,



ભાતભાતનાં ફૂલછોડ, વેલીઓ, ઊંચા અને ઘેઘૂર વૃક્ષોથી ભર્યો ભર્યો વિશાળ બગીચો ને જ્યાં બાલમિત્રો સાથે રમતી, ઝઘડતી ને વળી કિલ્લોલતી પોતે. લંડનમાં લાકડાંની ફરસ પર, લાલ રંગના ગાલીચા પર ડગ માંડતી અને એને લાલ પથ્થરની એ ફરસ યાદ આવી જતી. જ્યાં એ ક્યારેક રાતભર પડી રહેતી. ક્યારેક માની નજર જતી તો ઉઠાડીને ગાદીમાં સુવડાવી દેતી. મા, મારી વહાલી મા, રોજ રોજ તેલ નાંખીને લાંબાં લાંબા બે ચોટલાં ગૂંથી આપતી! ક્યારેક તોફાન કરી દૂર દોડી જતી તો એ જ ચોટલા પકડીને પાછી ખેંચી લાવતી મા!

અનાયાસ જ રોનીનો હાથ પોતાના બૉયકટ વાળ પર ફરી ગયો.

બોમ્બેની માને લાંબા ચોટલા ગમતા, ક્યારેક ફૂલ પણ નાંખી આપતી. લંડનની મોમે બૉયકટ કરાવી નાખ્યા, જો કે ફાવી ગયા છે. ઝડપથી તૈયાર થઈ શકાય છે.

બોમ્બેનાં ભાનુમાનાં ખોળામાં સૂઈ રહેવું ગમતું. બીજું જો કોઈ એમના ખોળામાં બેસે તો પોતે ખીજવાઈ જતી! તીવ્રપણે ઇચ્છતી કે મા પર માત્ર પોતાનો જ અધિકાર હોય, મા એની એકલીની જ હોય! પણ ભાનુમા એની એકલીની નહોતી! એના જેવાં કેટલાંય બાળકોની એ મા હતી!

એની સરખામણીએ લંડનમાં મોમ એની એકલીની હતી. જહોન કેનેડા ભણતો, ઘરમાં બાળકોમાં માત્ર એ એકલી જ! પણ મોમની ઇચ્છા હોવા છતાંય દીકરીને લાડ લડાવવાનો સમય એની પાસે નહોતો! ઘરમાં ડેડી સાથે રોજેરોજનો કંકાસ! અને નોકરીનું ટેન્શન!

'લંડનની મોમ ને બોમ્બેની મા' એક જ સગપણનાં બે નામ! રોનીને પોતાના જ શબ્દો પર હસવું આવ્યું. હશે કોઈને બે મા? હશે કદાચ એક જન્મ આપનારી ને બીજી પાલક. પણ અહીં તો આ બંનેમાંથી એકેયે પોતાને જન્મ નથી આપ્યો! બંનેએ પોતાને ઉછેરી છે માત્ર! જન્મદાત્રી તો કોઈ ત્રીજી જ છે. જેને જોઈ નથી કે એ કદી સાંભરણમાં ય નથી આવતી. એ કોણ હશે? કેવી હશે? કેમ આમ મને છોડીને જતી રહી? શા માટે?'

એની જાણ બહાર જ આંખમાંથી આંસુ સરી પડ્યાં. જન્મદાત્રીએ તરછોડી દીધી એટલે? કે લંડનની મોમની ચિર વિદાયને કારણે?

ઓહ, બધું કેટલી ઝડપથી બની ગયું? આઠ મહિના પહેલાં તબિયત લથડી, ઇન્વેસ્ટિગેશન્સ થયાં અને છેવટે નિદાન થયું કેન્સર! થોડી સઘન ટ્રીટમેન્ટ લીધી હોત તો જીવનની દોરને થોડો સમય

ખેંચી શકાત, પણ એ તો પોતાની કે ભાઈની કાકલુદીને અવગણી સતત કામ કરતી રહી.

બધું જ પૂર્ણ થઈ ગયું. ડેડને કોઈ ચિંતા નહોતી, એ તો જાણે રાહ જોતા હતા. એમની ગર્લફ્રેન્ડ સાથે અમેરિકા જતા રહ્યા.

એરક્રાફ્ટે બોમ્બે એરપોર્ટ પર લેન્ડિંગ કર્યું ને રોનીએ વર્તમાનમાં પગ દીધો. ઇન્ડિયાની ધરતીનો સ્પર્શ થતાં જ એ રોમાંચિત થઈ ગઈ. સાંજના ઝાંખા અજવાસમાં, માણસોથી ઊભરાતા રસ્તા. ટેક્સીની સાથે એની ઉત્સુકતા પણ દોડતી હતી.

ભાનુમા આટલાં વર્ષે મને ઓળખશે કે કેમ? હું મારું નામ 'રેણું' કહીશ એટલે તરત જ મને ગળે લગાવી દેશે.

ટેક્સી ઊભી રહી, પણ રોની અસમંજસમાં પડી ગઈ. અરે! લાલ પથ્થરનું બેઠા ઘાટનું મકાન તો ક્યાંય દેખાતું નથી? ને વિશાળ બગીચો? વૃક્ષો? એવું તો કશું જ નથી. સ્થળ તો આ જ છે કે બીજે પહોંચી ગયાં? ઊંચે નજર કરતાં બાલાશ્રમનું બોર્ડ નજરે પડ્યું. છે તો આ જ સ્થળ! કાયાપલટ થઈ ગઈ કાયાની, પણ અંદર આત્મા-ભાનુમા-તો એના એ જ હશેને!

દાખલ થતાં વેંત જ માણસ મળ્યો, કોઈ ગંભીર ચહેરાવાળો હતો, સફેદ યુનિફોર્મમાં હતો. યંત્રવત્ એ સામાન ઊંચકીને કાર્યાલયમાં લઈ ગયો.

પણ ના, ત્યાં જાણીતા વિનુમામા નહોતા, વ્યવસ્થાપકની ખુરશી પર કોઈ શ્રીધરભાઈ બેઠા હતા. એમણે જૂના રજિસ્ટરમાં જોઈને ખરાઈ કરી. પછી ઔપચારિક સ્મિત કર્યું... ''વેલકમ હોમ'' એણે ટાઢા અવાજે કહ્યું. અચાનક રોનીના મનમાં ભાનુમાના એક ટહુકાની તીવ્ર ઝંખના જાગી અને વરાળની જેમ વિલાઈ ગઈ. એ મૌન રહી. સંચાલકે સંસ્થાની આ બાળકીને આવકારી, ગેસ્ટરૂમમાં જગ્યા આપી. રૂમ નાનકડો પણ વેલફર્નિશ્ડ હતો...

જહોન પણ આવી પહોંચ્યો. રૂમ જોઈને 'વાહ! ફાઇન!' કહેતાં એણે બેડ પર લંબાવ્યું. રોનીની કલ્પનામાં કંઈક બીજું જ હતું. બાળકોના કલશોરથી ભર્યો એ વિશાળ ઓરડો, જેની એક એક બારીમાંથી વૃક્ષો-વેલીઓ જોઈ શકાતાં! ખૂણાની મોટી બારીમાંથી તો આસોપાલવની ડાળીઓને સ્પર્શી શકાતું હતું. આવી ત્યારથી આસોપાલવના પાંદડાંને ચૂમવા અને

**'લંડનની મોમ ને બોમ્બેની મા' રોનીને પોતાના શબ્દો પર હસવું આવ્યું. કદાચ એક જન્મ આપનારી, ને બીજી પાલક. પણ અહીં તો આ બંનેમાંથી એકેયે પોતાને જન્મ નથી આપ્યો! બંનેએ પોતાને ઉછેરી છે માત્ર! જન્મદાત્રી તો કોઈ ત્રીજી જ છે.**

મધુમાલતીની મંદ સુગંધને ઊંડે ઊંડે નાભિ સુધી ભરવા માગતી હતી. એ રાતરાણી ક્યાં ચાલી ગઈ?

એ નિરાશ થઈ ગઈ.

રાત્રિ ભોજન પછી શ્રીધરભાઈ બીજાઓ સાથે પરિચય કરાવવા લઈ ગયા. રોનીની નજર પરિચિત ચહેરાઓને શોધવા આમતેમ ઘૂમતી રહી, પણ માત્ર એક ચહેરો જ ઓળખાયો. આકાશ, જે હવે અહીં ઑફિસમાં જ કામ કરે છે. બાકી તો સૌ કોઈ પાંખો પામીને ઊડી ગયાં છે. કોઈને પરિવાર મળી ગયો છે કે કોઈ દૂર વ્યવસાય કે નોકરી કરે છે. પણ ભાનુમા? એ કેમ ક્યાંય દેખાતાં નથી? ક્યાં છે એ? ક્યાં છે મારાં મા ભાનુમા? ક્યાં છે?

આકાશ પાસેથી ભાળ મળી. થોડા વર્ષ પહેલાં બાજુના ગામમાં રહેતો એમનો દીકરો તેડી ગયો છે. નિરાશ રોનીને જહોને સાંત્વના આપી. ''બાજુનું ગામ એટલે બાજુનું જ. એ તે કાંઈ દૂર કહેવાતું હશે? કાલે જ મળવા જઈશું.''

## ૨

સવારે મોડી ઊઠી.

આળસ મરડીને, બારીનો પડદો ખસેડ્યો! આજે ભાનુમાને મળાશે? શરીર ઉપર ઉંમરના થર ચડી ગયા હશે? ચહેરાની કુમાશ તો એની એ જ રહી હોયને? ને અજવાળું ઓરડામાં પ્રવેશી ગયું! સામે જ સૂર્યનાં દર્શન થયાં 'વોટ અ પ્લેઝન્ટ ડે! મોર પ્લેઝન્ટ બીકોઝ આઈ વિલ સી માય ભાનુમા ટુડે! વાવ!' કહેતી બાલ્કનીમાં ગઈ.

લંડનમાં આટલો પ્રકાશિત સૂર્ય કોઈક સવારે જો દેખાય તો એ દિવસ ઉત્સવનો બની જાય. સન્ડે હોય તો તો મોજ પડી જાય ને નહિતર એ દિવસને સન્ડે જ ગણવાનો!

ગયા વર્ષે મોમ કેવી ખુશખુશાલ હતી? કિચન બંધ રાખીને હોટેલમાંથી જમવાનું મંગાવી લીધું. વેમ્બલીની સંકડાશમાં રહેતાં અંકલ-આન્ટીને કેન્ટના પોશ વિસ્તારમાં આમંત્રી, ખાણી-પીણી સાથે સૂર્યને વધાવ્યો હતો. સોનેરી સૂર્યકિરણોને અંગ-અંગ પર ઝીલ્યાં હતાં...

લંડનની મોમની યાદે આંખ ભરાઈ આવી...

'ની, ચાલ તૈયાર થઈ જા. ટેક્સી આવી ગઈ છે.''

મળેલા એડ્રેસ પર પહોંચ્યાં.

ધડકતા હૃદયે રોનીએ બારણું ખટખટાવ્યું. થોડી વારે ખૂલ્યું... ભાનુમા! છાતી ધક ધક થઈ ઊઠી... પણ ના, આ તો કોઈ બીજું જ!

બારણું ખોલનારી એ જૈફ વ્યક્તિએ બિલકુલ નિર્લેપ સ્વરે કહ્યું, ''ગયા વર્ષે જ એ લોકો આ મકાન વેચી, એમના વતન કેરાલા જતાં રહ્યાં છે.'' ક્ષણભર ઝાટકો લાગ્યો, તરત દિમાગમાં ઝબકારો થયો. કેરાલા એટલે તો ઇન્ડિયા જ ને! થોડા વધારે કલાકની મુસાફરી. ''કેરાલાનું સરનામું મળી શકે?''

જવાબ આપનારને બારણું બંધ કરવાની ઉતાવળ હતી કદાચ. જવાબમાં એણે માત્ર ખભા ઉલાળ્યા.

એ ત્યાં જ ઓટલા પર બેસી પડી. હાથ પગ પાણી પાણી...! શરીરનું કૌવત જાણે જતું રહ્યું. ને હથેળીમાં મોં ઢાંકી, હીબકે ચડી ગઈ. જહોને બાથમાં લઈ, પંપાળી. કેટલુંય સમજાવી, પણ એના હીબકાં કેમે ય શમ્યાં નહીં.

અંતે જહોને વઢવું પડ્યું, ''સમજ ની, સમજ જરા, આટલા સમયમાં કશું બદલાય નહીં? બધું આપણે ધારેલું જ નીકળે? ભાનુમા ન મળ્યાં તો ભાંગી પડી! શા માટે? જરા તારી દૃષ્ટિ બદલીશ? ભાનુમા વૃદ્ધાવસ્થામાં એમના વતન અને પરિવારની વચ્ચે રહેવા ગયાં છે. ભલે, તું એમને ન મળી શકી, પણ એમના માટે તો આનંદ આનંદ હશે ને?''

રોનીના હૃદયે એનો સ્વીકાર ના કર્યો. વિતેલી પળોએ એ કામ કર્યું. એનાં ડૂસકાં શમ્યાં.

''સરસ, હવે શાંત થઈ જા ની! જો, મા ન મળી પણ માતૃભૂમિ તો મળીને? અહીં આવ્યાં છીએ તો લોનાવાલા, માથેરાન, મહાબળેશ્વર જેવાં હિલસ્ટેશન તો નજીક જ છે. અથવા આગ્રાનો તાજમહેલ ને દિલ્હી જઈ આવીએ, અરે, કેરાલા પણ જઈએ, ત્યાંની વનરાજી અને નૌકાવિહાર વખણાય છે, તને તો એ બહુ ગમે છે, ખરું?''

''ના!'' અચાનક રોનીથી બોલી જવાયું : ''ના. બધું બરાબર, પણ કેરાલા તો નહીં જ.''

''કેમ?''

''એની ધરતી ઉપર ભાનુમા ક્યાંક હશે, પણ છતાં એમને મળી નહીં શકાય એ વિચારે મન કોચવાયા કરશે, જહોન!'' એ નીચું જોઈ ગઈ. આંખ ભીની થઈ આવી : ''એટલે કેરાલા નહીં, નહીં.''

જહોન કશું બોલ્યો નહીં. એ નકશાઓ જોવા માંડ્યો. કહ્યું. ''તારે ક્યાંય જવું ના હોય અને અહીં જ રહેવું હોય તો ય મને વાંધો નથી. હા, હું એકલો ફરીશ. ચોઇસ ઇઝ યોર્સ.''

રોની બોલી : ''તો મને અહીં જ રહેવા દે, ભાઈ! અહીં મને ભાનુમાનું સાનિધ્ય અનુભવાય છે.''

**3**

જહોન બોમ્બેમાં ફરતો રહ્યો અને રોની સતત ઉખડી ઉખડી જ રહી. રાત્રે રૂમમાં આંટા મારતી રહી અને અંતે થાકીને પલંગમાં જંપી ગઈ... બંધ આંખે પણ લંડનની મોમનો છેલ્લો પત્ર વંચાતો રહ્યો. એમની સાથે સંવાદ સધાતો રહ્યો.

'મોમ! તું ગિલ્ટિ ફીલ કર્યા કરે છે કે તેં મને મૂળિયામાંથી ઉખાડીને તારા આંગણામાં રોપી દીધી છે. પણ તેં મને ઉખાડી નહોતી નાખી, માત્ર મારી જગ્યા બદલી હતી. મોમ, તેં લખ્યું છે, મને ત્યાંના પ્રવાહમાં ભેળવવા તું ખૂબ ઉત્સુક હતી, છતાં ભેળવી શકી નથી, તારી ઇચ્છા હોય તો ઇન્ડિયા રહી જજે એમ પણ તેં લખ્યું છે... મારી વહાલી મોમ, તારી જગ્યાએ બીજી કોઈ મા હોય તો એવી ઇચ્છા રાખે કે મારું અધુરું સ્વપ્ન તું પૂરું કરજે. એને બદલે તું તો ઉલટાનું મારી ઝંખના સાકાર કરવાનું કહે છે! વાહ મોમ! તું કેટલી ઉદાર છે!

મોમ, તેં મને કેટલું બધું આપ્યું છે! સુખ-સમૃદ્ધિ-અભ્યાસ... જહોન જેવો મોટો ભાઈ અને નિર્વ્યાજ પ્રેમ. તારો પ્રેમ તો આટલો કે જાણે કે જામેલા ચોમાસાની અનરાધાર હેલી!'

પણ મોમ, હું પણ ઉદાર થઈ શકું છું! હું પણ કહી શકું છું કે લંડનનું વાતાવરણ હું ચોક્કસ આત્મસાત્ કરીશ, તારું સ્વપ્ન પૂરું કરીશ મોમ!'

રોની પથારીમાં પડખાં બદલતી રહી.

શું કરે પોતે?

લંડનની મોમનું સ્વપ્ન પૂરું કરે કે પોતાનું?

એક રસ્તો સૂઝે છે. દર શિયાળામાં ત્રણ-ચાર મહિના અહીં આવશે, વતનની હૂંફાળી ઉષ્માને શ્વાસમાં ભરી જશે ને પછી ત્યાં જઈને ત્યાં રહ્યે રહ્યે જ ઊર્જા મેળવશે.

આમ કરી શકાય, તેમ કરી શકાય? શું કરી શકાય? આખી રાત વિચારોમાં અટવાતી રહી. વહેલી સવારે માંડ માંડ આંખ મળી ત્યાં મંદિરના ઘંટારવે ખૂલી ગઈ. પણ ના, ભલે આખી રાત્રિ ઊંઘ નથી આવી છતાંય સ્વસ્થતા છે. મગજમાં હવે કશો લોમ-વિલોમ નથી. બધું સાફ છે. ઉજમાળું છે. ને રોનીએ જહોનને લંડનની ફ્લાઇટની ટિકિટ બુક કરવાનું કહી દીધું.

''અરે ફરી લંડન?''

''હા'' રોનીએ કહ્યું, ''અહીં મારી ધરતી છે તો ત્યાં મારું આકાશ છે.'' **મ**




વેરાવળ સોમનાથ મારું વતન. ઉંમર બાવીસ વર્ષ, અભ્યાસ એમ.કોમ., હાલની પ્રવૃત્તિ જોબ - આસિસ્ટન્ટ. લખવું, વાંચવું અને વિચારવું એ મારા ગમતા વિષય. અત્યાર સુધી લખેલી કવિતાઓની સંખ્યા બસો, કંઇક એવી લાગણીઓ લખવાની કે જે બીજાની લાગણીઓને સ્પર્શી જાય. એકાંત એ મારુ પ્રિય સ્થાન, જેમા હું રાણી અને મારું જ રાજ્ય હોય, એક જ સ્વપ્ન મારું. વોલપેપન પર નામ નથી જોઇતું. દરેકના હૈયા પર નામ રહે એ જ.

**"શ્રી યમુના કૃપા"**
**આશીર્વાદ હોસ્પિટલ પાછળ**
**નવી પોસ્ટ ઓફિસ રોડ**
**વેરાવળ ૩૬૨ ૨૬૫**
**ફો. ૦૨૮૭૬ ૨૪૨૫૯૦**
**મો. ૯૮૨૪૧ ૯૨૬૩૦**
**aditee1311@gmail.com**




# અદિતિ સોની

# સંબંધની સીમા

"મોમ, ધ બસ વોઝ લેટ અગેન!" આભાના આ શબ્દોમાં વેકેશન ખુલ્યા પછી સ્કૂલે જવાનો અનેરો આનંદ અને લેટ થઈ જવાશે તો મેડમનાં ફાઇવ ટાઇમ્સનાં હોમવર્કની બીક નીતરતી હતી. "ડોન્ટ વરી માય એન્જલ હું તને ન્યૂ એક્ટિવા પર મૂકી જઇશ." શિખાએ આભાના ગળામાં વોટરબેગ પોરવતાં ગાલે હાથ ફેરવતાં કહ્યું. "નિજય, હું આભાને સ્કૂલે મૂકવા જાઉં છું. દૂધવાળો આવશે તો દૂધ લઇ લેજે. મમ્મી-પાપા મંદિરે ગયાં છે. અને હા, ડોર બંધ કરવાનું ના ભૂલતા પાછા. બાય, જય શ્રીક્રિશના." નિજયે વાત સાંભળ્યા વગર હા પાડી અને ઊંઘી ગયો. શિખાને આભાને સ્કૂલે મૂકવા જવું બહુ ગમતું કેમ કે એમાં બાળકને તેની મા જોડે થોડો વધુ સમજવાનો સમય મળી રહે.

"તું તેડી લે."

"તમે કંઇ આભા જેવડા છો?"

"લો, આભાને જ પ્રેમ કરવાનો, મને નહિ?"

"છ વર્ષ થયાં મેરેજને, હવે થોડો રોમાંસ કમ કરો. થાઓને ઊભા."

"સારું સારું ડાર્લિંગ. હવે જલ્દી જાઓ અને જલ્દી સાંજે આવો. આજે પેરેન્ટ્સ મીટિંગ છે સ્કૂલમાં."

"ઓ.કે. મેડમ."

અમે મીટિંગમાં સ્કૂલે ગયાં. અને ત્યાં જ મેં અભિને મોહિની જોડે જોયો. અને મને ખૂબ ખુશી થઇ.

તેઓના ચહેરા પર પણ એક સંતોષ હતો. મને નિજય અને એને મોહિનીના રૂપમાં જાણે સ્વર્ગ મળી ગયું.

મનમાં તો ઘડીક થયું કે હું નિજયને અભિ જોડે મેળવું, પરંતુ ત્યાં જ મારા પગ અટકી ગયા.

અને બસ. અમારી ચારેય પ્રેમી પંખીડાની જિંદગીની ઊડાનમાં ઊડવા લાગ્યાં. દરેક સંબંધમાં સાચો પ્રેમ હોય છે, લાગણી હોય છે, હૂંફ હોય છે. તેમ સંબંધને સીમા હોય છે.

"અંકલ-આંટી શું કરે છે?"

અનેક પ્રશ્નોની જાળથી શિખાએ અભિ એટલે કે અભિમન્યુને ઘેરી લીધો. "તારી ગાડીની કીક મારીને તો મેં બારમું પાસ કર્યું." બેઉના ચહેરા પર એક અલગ સ્મિત આળોટી ગયું.

અભિ બોલ્યો, "છેલ્લાં બે વરસથી અહીં જ છું. મારી જોબ હવે પર્મેનેંટલી અહીં જ થઇ ગઇ છે."

"સરસ, સરસ. તો હવે પાર્ટી પાકી ને?"

"હા હા, કેમ નહીં. તારી જેમ નહીં કે મેરેજમાં પણ ના બોલાવું."

અભિના આ શબ્દો બોલતાં જ છ વરસે મળ્યા પછીનો આનંદ ક્યાં ઊડી ગયો ખબર જ ના પડી.

"ઓ, એમ જી. નિજય પાકું દૂધ લેતાં ભૂલી જ ગયો હશે ને દૂધવાળો

બેલ વગાડીને વગાડી થાકી ગયો હશે.'' એકદમ ઝડપથી એકીશ્વાસે શિખાએ વાત ફેરવી અને ગાડી પર સવાર થઇ ગઇ. ''ચલ બાય, પછી મળીશું. 'વિકંટ'માં જ રહું છું, આવજે મોહિનીને લઇને ઘરે.''

આંખ ખોલતાં જ સપનું ઊડી જાય તેમ અભિ સામેથી ભૂતકાળનું પોટલું સોંપીને જતી રહી.

સ્કૂલના પ્લે ગ્રાઉંડમાં બાળકોને રમતાં જોઇ અભિને એના બાળપણના દિવસો યાદ આવી ગયા. એની નજર સમક્ષ ગોળમટોળ શિખાનો ગુલાબી ચહેરો, સફેદ રિબન સાથે બાંધેલા બે ચોટલા, એને વણ કહે બધું જ નાનપણથી સમજવાની આદત. અભિ સાથે રમતી શિખા યાદ આવી ગઇ.

શિખા મનોમન પોતાની સાથે વાત કરવા લાગી. ''અરે! અભિના મેરેજ મોહિની જોડે જ થયાં હશે કે શું? હું પણ પાગલ જ છું.. હા રે, કેમ નહિ થયાં હોય? એ પણ બેઉ મારી અને નિજયની જેમ તો એકબીજાને ચાહતાં હતાં. પણ જો નહીં થયાં હોય તો?''

શું એ સ્કૂલના દિવસો હતા! પટાવાળાથી લઇને પ્રિન્સિપાલ, એમાં અમારા કલાસટીચર્સ, કલાસમેટ બધા જ મારી અને અભિની અનબ્રેકેબલ ફ્રેન્ડશિપથી દંગ થઇ જતા.

એ દિવસ તો કેમ ભૂલાય? બારમા ધોરણનો એ પહેલો દિવસ.

અમારી ફ્રેન્ડશીપ પહેલા ધોરણથી શરૂ થયેલી અને અમે જોડે જ સ્કૂલે જતા, તે મને સ્કૂલે લઈ જવા માટે સાતમા ધોરણથી લેવા આવતો. મારી પાસે પણ સાઇકલ હતી પણ એની પાછળ બેસી મંદિરે જઈ સ્કૂલે જવાની મજા જ કંઈ અલગ હતી, સાંજે લેસન કરી છૂટા પડ્યા પછી શું વાંચ્યું? શું રમ્યું બધુ જ એકબીજાને કહેતા.

શું એકબીજાને ભાવતું એ તો ગમતાં ગીતની જેમ જ કડકડાટ હતું.

બારમા ધોરણમાં  અમને બંનેને નવી સ્કૂટી લઇ અપાવી. નવી સ્કૂટી લઇ અમે બેઉ તો થઇ ગયાં તૈયાર. પહેલા જ દિવસે મારી ગાડી તો બંધ પડી ગઇ. બેઉને લેટ થઇ ગયું.

બારમા ધોરણમાં અવારનવાર મારી ગાડીની અભિ પાસે જ કીક મરાવતી. પહેલા દિવસે સ્કૂલે મોડા પહોંચવાનું થયું અને હવે તો શોભના મેડમ. સૌથી સ્ટ્રિક્ટ. અમારાં કલાસટીચર..

પરંતુ અમારા મનમાં એમના ગુસ્સાનો જરા પણ ડર ન હતો કેમ કે અભિને નવા નવા બહાના અને નાટક કરવાનું તો જાણે ગળથૂથીમાં પાયુ હતું. પીપ... પીપ... પાછળથી  એક મોટા હોર્નનો અવાજ આવતા હું થોડી વર્તમાનના માર્ગ અને ભૂતકાળની યાદોમાં ઝડપથી ભાગી... મારી અને અભિની દોસ્તી એકદમ નાના બાળકના હાસ્ય જેવી તદ્દન નિખાલસ હતી.

***એકબીજા વગર ક્યાં રૂકી જવાની જિંદગી, પરંતુ સાથ વગર.***
***આમ તો સાજા, પણ માનસિક હતી માંદગી.***

એના મનની વાત કહ્યા વગર જ જાણી જવાની મારામાં અલગ સૂઝ કહો કે લાગણી એ મને પણ સમજાતું નહીં. સાથે મહેનત કરી અને અમારો એ ખાસ દિવસ જ્યારે બારમાનું રિઝલ્ટ આવવાનું હતું.

અમને પોતપોતાના રિઝલ્ટની ચિંતા ન હતી કેમ કે એકબીજાનાં રિઝલ્ટની ચિંતા કરવાવાળાં બેઠાં હતાં ને અમે.

બંનેને સારા ટકા આવ્યા, બેઉને જોઇતી હતી એ જ કૉલેજમાં એડમિશન મળી ગયું, પછી પણ અમારી નિખાલસ દોસ્તી એટલી જ ગાઢ હતી, જેટલી પહેલાં હતી. ભણવાના વિષય અલગ હતા, પણ ભણતાં જોડે ને બધી જ કૉલેજની વાતો પણ કરતાં.

બે વર્ષ પી.ટી.સી.નાં પૂરા થયા બાદ મને તો સરકારી નોકરી મળી ગઇ, અને અભિને હજુ ત્રણ વર્ષ બાકી હતાં. એની કૉલેજની રંગીન વાતો અને એની જિંદગીમાં પ્રથમ પ્રવેશેલી પ્રેમિકા મોહિની! હજુ એણે પ્રપોઝ નહોતું કર્યું, પરંતુ એને પ્રપોઝ કરવા માટે મેં જ હિંમત આપેલી અને એને લખી આપેલી કવિતા હજુ પણ મને યાદ છે.

''મારા તરફથી પણ વિશ કરજે અને બરાબર બારના ટકોરે વિશ કરવાનું ભૂલતા નહિ સાહેબ.''

''અરે હા પાકું શિખુ. સારું છે હજુ તારી લાઇફમાં કોઇ રાજકુમાર આવ્યો નથી, બાકી મારું અને મારી પ્રેમકહાનીનું શું થાત? તમે તો તમારા રાજકુમારના વિચારોમાં જ ડૂબ્યા રે'ત, અને હા, મારાં લગ્નની તૈયારી કરીને પછી જ તારો રાજકુમાર શોધજે.''

''સારું સારું સાહેબ, હવે મને ઘરે જવા દો. મારા જીવનમાં તમારા સિવાય પણ ઘણાં કામ છે.'' એવું કહેતાં જ હું અંદર આવી.

અભિ રાજકુમારની વાત કરતો હતો ત્યારે જ મારી નજર સમક્ષ નિજયનો ચહેરો ઉપસી આવેલો. મારા કાકાની છોકરી પંછીના મેરેજમાં અમે પહેલી વાર મળેલાં. ખાસ મળ્યાં ન હતાં પણ હા, ત્યારથી બસ એકબીજાને જોયા પછી બીજું કશું જ દેખાતું ન હતું.

એમ માનો ને કે લવ એટ ફર્સ્ટ સાઇટ.

એક નિજયની વાત જ મેં અભિને કીધી ન હતી, કેમ કે જ્યારથી મોહિની એની લાઇફમાં આવેલી ત્યારથી તે મોહિનીની જ વાતો કરતો, એમાંથી જ અમને સમય ના મળતો.

અને મને તેના માટે કોઇ શિકાયત પણ ન હતી. કેમ કે દોસ્ત એ દોસ્ત અને પ્રેમ એ પ્રેમ..

દોસ્તીમાં પ્રેમ હોય છે, પણ એ નિખાલસ હોય છે અને જે હજુ અમારે અતૂટ હતો.

સેન્ડલ કાઢીને હું બોલી ''મોમ, આજે જમવાનું ના બનાવતાં મારા માટે, હું પાણીપૂરી...''

જો અભિ તું અને હું મિત્ર ખરાં, પણ આપણા સંબંધને કોઇ

નહિ સમજી શકે. મારે કોઈને સમજાવવો નથી.''

"અરે સાહેબ! સમાજ જ નહિ, પરંતુ આપણા જીવનસાથી જ નહિ સમજી શકે."

"જે આપણને ના સમજે એને જીવનસાથી ના કહેવાય."

"હમ્મ્મ પણ, ચાલ હવે બહુ ના વિચાર."

"મોહિની એની જગ્યાએ સાચી જ છે. રિયલી અભિ, યુ આર વેરી લકી. એ તને ખૂબ જ લવ કરે છે."

"આઈ નો શિખા બટ."

"હવે બટ પટ ના કર."

"અરે!"

"ના અભિ, હવે આપણે આપણા જીવનસાથીમાં જ દોસ્ત ગોતવાનો સમય આવી ગયો છે."

"શું તું પણ.?"

"જા મોહિની જોડે. એને મસ્ત કોઈ ગિફ્ટ અપાવ અને ખબરદાર જો હવે પૂછતો નહિ કે ક્યાં લઈ જાઉં. એને ગમે ત્યાં લઈ જા અને શું મારી જોડે બોરિંગ વાતો કરે છે? જાઓ, કેન્ડલ લાઈટ ડિનર કરો." દરવાજા તરફ ધકેલતાં કહ્યું.

જલ્દી દરવાજો બંધ કરી જે મહામુસીબતે આંસુના સાગર આડે દરવાજો રાખ્યો હતો તે એકદમ તૂટી ગયો અને રડવા લાગી.

અને વિચારવા લાગી, શું મોહિની સાચી છે? પણ આવું વર્તન કેટલા અંશે વાજબી?

કદાચ આ જ વાત નિજય ને મારા વચ્ચે પણ આવી શકે છે.

બે દિવસ સુધી અભિનો ફોન પણ ના આવ્યો. કદાચ મોહિનીએ ના પાડી હશે. **મ**



**સરનામું:**
''તથાતા'', ૩૩/બી, નંદિગ્રામ સોસાયટી-૨,
સિંધવાઈ માતા રોડ, પ્રતાપનગર,
વડોદરા-૩૯૦૦૦૪ (ગુજરાત-ભારત)
ટેલિફોન : ૯૧:૨૬૫:૨૫૮૦૩૩૬/૨૬૩૮૨૬૯
website: www.upnishad.org e-mail: info@upnishad.org

**ઉપનિષદ પ્રકાશન**
UPNISHAD

**જીંદગીના વિકાસમાં સહયોગી થાય તેવા ઉત્તમ પુસ્તકોનું પ્રકાશન**




**મમતા**
વાર્તામાસિક




**USA readers may subscribe to Mamata by sending this form with your cheque for $30 (12 issues) payable to**
**Chicago Art Circle**
**1468 Sandburg Drive**
**Schaumburg, IL 60173**

Name.........................................................
Profession...................................................
Address......................................................
.............................................................
.............................................................
Phone........................................................
E-mail.......................................................

# દેવાંગી ભટ્ટ

# પર્સેપ્શન

કૉલેજમાં ૧૫ ફેબ્રુઆરી પછી શિક્ષણકાર્ય હોતું નથી. વિદ્યાર્થીઓ આવનારી પરીક્ષા માટે તૈયારી કરવા કોશેટામાં ભરાઈ જાય છે. ક્લાસરૂમ ભેંકાર, કેન્ટીન ખાલી, પાર્કિંગમાં ગણ્યાં-ગાંઠ્યાં વાહનો. આ સમયે અમે પ્રોફેસર્સ પરીક્ષાલક્ષી કામોમાં વ્યસ્ત થઈ જઈએ છીએ. પેપર કાઢવાં, પ્રૂફ રીડિંગ, ઇન્ટરનલની ગણતરી. દર વર્ષની માફક આ વર્ષે પણ મને ઓબ્ઝર્વરની કામગીરીનો ઓર્ડર મળ્યો હતો. વાર્ષિક પરીક્ષામાં યુનિવર્સિટી તરફથી કૉલેજોમાં કામગીરી તપાસવા જે પ્રતિનિધિઓ મોકલાય તે ઓબ્ઝર્વર ગણાય છે.

મેં આ કામ લગભગ ૧૨ વર્ષ કર્યું છે. સ્વભાવ પ્રમાણે પૂરી પ્રામાણિકતાથી. હું નહીં કહું કે હું આદર્શવાદી છું, પણ મારો 'સ્વ', 'હું' બહુ મોટો છે. બહુ સ્વાભિમાની લોકો માટે ખોટું કામ કરવું અઘરું છે. મારે માટે પણ છે, હંમેશાં હતું, અધ્યાપનની વર્ષોની કામગીરીમાં ક્યારેય ટ્યૂશન ન કરવાં, પરીક્ષાખંડમાં ચોરી ન થવા દેવી આ બધું બહુ સાહજિકતાથી જ બન્યું છે. આ વર્ષે મને શહેરમાં પશ્ચિમ વિસ્તારમાં આવેલી સી.પી. કોમર્સ કૉલેજમાં ડ્યૂટી સોંપાઈ છે. અમારી પૂર્વ વિસ્તારની કૉલેજમાં ઉચ્ચ મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ આવે છે. રંગબેરંગી સ્કર્ટ્સ અને ડેનિમ, પતંગિયા જેવી યુવતીઓ, આધુનિક વાહનો, છૂટાછવાયા ઇંગ્લિશ શબ્દો, કેન્ટીનમાં ફ્રેન્કી અને પિત્ઝા, સ્માર્ટ બોર્ડ વગેરે વગેરે. અહીં પ્રોફેસર્સ પણ મોટા ભાગના યુવાન છે. સેલ્ફ ફાઈનાન્સ કલ્ચર અહીં લગભગ બધે છે. ક્લાસરૂમ્સ એરકન્ડિશન્ડ છે. પશ્ચિમ વિસ્તારનું વાતાવરણ જુદું છે. અહીં જૂનાં સરકારી વિશાળ ભવનોમાં કૉલેજો ચાલે છે. સ્ટાફમાં મોટાભાગે પ્રૌઢ લોકો છે, વિદ્યાર્થીઓ સામાન્ય ઘરોમાંથી, લગભગ નિમ્ન મધ્યમ વર્ગમાંથી આવે છે. હજી આજેય છોકરા-છોકરીઓ વચ્ચે અહીં એક અદશ્ય પડદો રહે છે. આ સંસ્થાઓમાં કેન્ટીન નથી, પણ મુખ્ય દરવાજાની બહાર વડાપાઉં, દાબેલી, પાણીપૂરીની લારીઓ ઊભી રહે છે.

મેં ઓર્ડરનો કાગળ ગડી કરીને પર્સમાં મૂક્યો. મારો બ્લેકબેરી ફોન ઉપાડ્યો અને સ્ટાફરૂમના કોલાહલમાંથી બહાર નીકળી. સેન્ટ્રોનું એ.સી. ચાલુ કરતાં વિચાર આવ્યો કે પશ્ચિમ વિસ્તારમાં કાર લઈને નહીં જઈ શકાય. પાર્કિંગનો પ્રશ્ન થશે. ખેર, જોયું જશે. મેં કાર મેઈન રોડ પર ફુલ સ્પીડમાં મારી મૂકી.

•••

પરીક્ષા! રોલનંબરનાં સ્ટિકર્સ, સપ્લિમેન્ટ્રીઝ, છેલ્લી ઘડીની તૈયારી કરતા વિદ્યાર્થીઓ! સુપરવાઈઝર્સ. મેં જ્યારે સી.પી. કોમર્સ કૉલેજમાં પગ મૂક્યો ત્યાં એ જ વર્ષોથી જોયેલું વાતાવરણ મને ઘેરી વળ્યું. સ્ટાફરૂમ તરફ જતાં મને લાગ્યું કે જાણે આ આખા વાતાવરણમાં હું મિસફિટ હતી. મારાં કપડાં, મારી ભાષા, હું અને મારા હાવભાવ આ આખા ચિત્રમાં ખોટી ખેંચાયેલી રેખા જેવા હતા.



*હું અર્થશાસ્ત્રની અધ્યાપિકા છું. ક્યારેક લખું છું. કમ્પ્યૂટર જાણતી નથી એટલે આ લખતાં જ કલાક થયો. ગુજરાતી સાહિત્યની નિયમિત વાચક છું. વાર્તા લખતાં અને ખાસ તો એ ઇ-મેઇલથી મોકલતાં શીખી રહી છું. શોખ છે નાટકો કરવાનો, લખવાનો, જોવાનો.*

**બી ૨૦૩ શ્રીનંદનગર ૫**
**વેજલપુર અમદાવાદ**
**ફો. ૯૮૨૭૧ ૬૬૪૦૭**
**pinkubhatt48@yahoo.com**

સ્ટાફરૂમમાં ત્યાંના સીનિયર સુપરવાઈઝરે મને આવકારી અને એ જ રૂટિન ફોર્માલિટીઝ શરૂ થઈ.

• • •

એ ત્યારે બન્યું, જ્યારે હું કૉલેજમાં એક રાઉન્ડ મારીને પાછી સ્ટાફરૂમ તરફ જતી હતી. એક્ઝામ શરૂ થયાને લગભગ પચ્ચીસ મિનિટ થઈ હતી. કૉરિડૉરના સામેના ભાગમાં એક છોકરો પટાવાળા સાથે કંઈક ઉગ્ર ચર્ચા કરી રહ્યો હતો. અવાજ ધીમો હતો, પણ તેની બોડી લેંગ્વેજ તેની ઉગ્રતા દેખાડતી હતી.

હું એ બાજુ ગઈ અને મને એ છોકરાનો અવાજ સ્પષ્ટ સંભળાયો, 'અડધો કલાક બસમાં ઊભો-ઊભો આવ્યો છું, રામભાઈ. કેટલી ગરમી ને ભીડમાં. બસ મોડી પડે તો શું કરું?' હું ત્યાં જઈને ઊભી રહી. પટાવાળો મને જોઈને એકદમ નમ્ર બની ગયો. મેં પૂછ્યું, 'શું છે રામભાઈ?' છોકરો બોલી પડ્યો, 'પચ્ચીસ મિનિટ થઈ છે... એક્ઝામમાં બેસવા દો ને બેન. બહુ દૂરથી આવું છું.' પટાવાળો બોલ્યો, 'આ એનું રોજનું છે મેડમ!' મેં છોકરાને એક્ઝામ હૉલમાં જવાનું કહ્યું. એ દોડીને જતો રહ્યો. પટાવાળાની તરફ કડક ચહેરો કરીને મેં સમજાવ્યું કે ૩૦ મિનિટ સુધી જો વિદ્યાર્થી મોડો પડે તો એને પરીક્ષાખંડમાં બેસાડવો એવો નિયમ છે. એ 'જી મેડમ' કહીને ચાલ્યો ગયો.



• • •

એપ્રિલની ગરમી, અવાજ કરતો પંખો અને ધૂળીયો ખંડ બધું ભેગું થઈને મને ઈરિટેટ કરતું હતું. એક્ઝામ હજી પૂરી થવાને એક કલાકની વાર હતી. મેં છેલ્લો રાઉન્ડ લેવાનું નક્કી કર્યું. થોડું ફ્રેશ થવાય.

મેં વિશાળ કૉરિડૉરમાં પથરાયેલા ક્લાસરૂમ્સમાં ચક્કર મારવાં શરૂ કર્યાં. ઘણાબધા વિદ્યાર્થીઓ પેપર પૂરું કરીને ચાલ્યા ગયા હતા. જે થોડાઘણા હતા એ મારા જવાથી સહેજ ટટ્ટાર થઈને લખવા લાગ્યા. સુપરવાઈઝર્સ પણ એટેન્શનની મુદ્રામાં આવી ગયા. લગભગ બધામાં મારી એવી છાપ છે કે હું કડક છું. ઘણા લોકોના કોપી કેસ કર્યા છે મેં અને બની શકે તેટલી સ્વચ્છતાથી કામ કર્યું છે.

ચાલતાં-ચાલતાં હું રૂમ નં. ૧૫માં પ્રવેશી ને મારી એના પર નજર પડી. એ જ છોકરો જે મોડો પરીક્ષામાં દાખલ થયો હતો, એ કાંઈક વિચિત્ર રીતે બેઠેલો હતો. એનો ડાબો હાથ કઢંગી રીતે ટેકવેલો હતો. વર્ષોની ટેવથી હું તરત જ સમજી ગઈ કે કંઈક ગરબડ છે. સોના ટોળામાં ચોરી કરતા માણસને તારવી શકાય. હું ધીમા પગલે એની પાસે જઈને ઊભી રહી. એના ડાબા હાથની હથેળીમાં એક મુદ્દો લખેલો હતો, જે એ ઝડપથી કોપી કરી રહ્યો હતો. એક ક્ષણ... એક ક્ષણમાં હું એને ઊભો કરીને બહાર લઈ જાત, પણ ખબર નહીં કેમ, શા માટે મેં એવું ના કર્યું? હું બસ એને જોતી જ રહી. એ બેધ્યાનપણે લખતો હતો. એના કથ્થાઈ જૂના શર્ટના બે બટન તૂટેલા હતા. વાળ લૂખ્ખા, આંખો લાલ, ગળામાં તાવીજ, ૧૮-૧૯ વર્ષનો છોકરો, પણ એના ચહેરા પર તકલીફોના ચાસ પડેલા હતા. અનિચ્છા છતાં મારા મનમાં ચક્કર ચાલવા લાગ્યું. આ ગરીબી, દિવસે કામ કરતો હશે, કપડાં ખરીદવાના પૈસા નહીં હોય...કાળઝાળ ગરમીમાં બસના ધક્કા ખાઈને પરીક્ષા દે છે. કદાચ પુસ્તકોય નહીં હોય. એ જમીને આવ્યો હશે કે ખાલી ચા પીને? અચાનક એનું મારા તરફ ધ્યાન ગયું. છળી મર્યો હોય એમ એણે હથેળી બંધ કરીને નીચે ખેંચી લીધી ને

ભયથી મારી સામે જોઈ રહ્યો.

હું મારી બુદ્ધિ, મારા આદર્શો, માન્યતાઓથી વિરુદ્ધ કેમ વર્તી? મને ખબર નથી, પણ હું ચૂપચાપ બહાર નીકળી ગઈ. આટલા બધા સંઘર્ષોમાં એ છોકરો રહેતો હશે? એક મુદ્દા માટે એના ત્રણ વર્ષ બગાડી શકાય? અને પછી એ આગળ ભણશે? કે ક્યાં મજૂરીએ લાગી જશે? ના, હું કાંઈ જ નહીં બોલું. આ ક્ષણે એ જ કરવું યોગ્ય છે, પણ પેપર પત્યા પછી હું એને કહીશ કે આ યોગ્ય નથી. હું એને સમજાવીશ કે ગમે તે કારણ હોય, પણ ચોરી કરવી બરાબર નથી. હું પંદર નંબરના રૂમની બહાર પેસેજમાં પાળી પકડીને ઊભી રહી ગઈ. છેલ્લી ૧૫ મિનિટ બાકી હતી.

● ● ●

ફાઈનલ બેલ પડ્યો. આખું વાતાવરણ એકદમ અવાજોથી ભરાઈ ગયું. સુપરવાઈઝર્સ પેપર્સ લઈને બહાર નીકળી ગયા. હું પેલા છોકરાની રાહ જોઈને પેસેજમાં ઊભી હતી. ૫ મિનિટ થઈ પણ એ બહાર ન આવ્યો, એટલે હું ક્લાસમાં જવા વળી. હજી માંડ દરવાજા પાસે પહોંચી ત્યાં મેં એને બે મિત્રો સાથે વાત કરતો જોયો. એની પીઠ મારી તરફ હતી અને એ હસતો હતો. એનો મિત્ર બોલ્યો : 'આજે હાજીનું પેપર મસ્ત ગયું છે હેં ને?' ઓહ, તો એનું નામ હાજી હતું. એ જોરથી હસ્યો અને એના દોસ્તના ખભે ધબ્બો માર્યો. પછી એણે કહ્યું, જોરથી, બરાબર આ જ શબ્દો 'અરે યાર અપણેવાલી હૈ... મુજે પતા થા નહીં બોલેગી. સુબે ઉસકા નામ મૈંને સુના થા... ઔર ઉસણે મેરા તાવીજ દેખ લીયા થા.'

● ● ●

હું ફાતીમા શેખ આ લોકશાહી દેશની એક ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થામાં અસહાય ઊભી છું. આ મેલાં-ઘેલાં, અર્ધશિક્ષિત યુવાન અને મારી વચ્ચે સામાજિક, આર્થિક, માનસિક અંતર છે. એનું પર્સેપ્શન હું કઈ રીતે બદલી શકું? **મ**

---

**પાના નં. ૩નું અનુસંધાન**

● કોઈ યુવક અને યુવતી વચ્ચેની મૈત્રી, નાનપણમાં હતી તેવી જ ગાઢ અને નિખાલસ કયાં સુધી રહી શકે? અદિતિ કડેચાની વાર્તા ''સંબંધની સીમા''માં જોવા મળે છે કે બીજાં સાથે પ્રેમ તેમજ લગ્ન થઈ ગયા પછી પણ એ જૂની મૈત્રીમાં છુપાઈને રહેલો પ્રેમ ફરીથી મુલાકાત થતાં કેવો સ્પષ્ટ થઈ આવે છે. જોકે લેખન સંદિગ્ધ રહેલું છે, ને તેથી વાર્તાને આગળ-પાછળ કરતાં વાંચવી પડે છે.

● આવી જ નગર-જીવનની વાર્તા છાયા ત્રિવેદીની ''ગુડ ન્યૂઝ!'' છે. આજના જમાનામાં, સ્ત્રી અને પુરુષને સમાન હક અને સરખી મહત્ત્વાકાંક્ષા હોય તે, સ્વીકાર્ય બનેલી બાબત એના કેન્દ્રમાં છે. છતાં, જે કુટુંબના સુખ માટે તત્પર છે એવા પતિને અને દીકરીને છોડીને ચાલી ગયેલી સ્ત્રી સમજાતી નથી. શું એ બીજા સંસારથી નહીં કંટાળે?

● ગીતા ભોજકની ''રેવી'' વાર્તા સીધી લીટીની જેમ જતી લાગે છે. કુટુંબનાં બધાં સદસ્યોનાં વરાફરતી થયેલાં વર્ણનો જ વાર્તાનું ધ્યાન દોરતું અંગ બન્યાં છે. ઘરની સૌથી નાની દીકરી રેવામાં લગ્ન પછી ફેરફાર થઈ ગયો, એમ કહેવાયું છે, પણ એના માનસિક તનાવ વિષે એક પણ શાબ્દિક અણસાર અપાયો નથી. એનું કારણ વાચકે પોતપોતાની રીતે સમજી લેવાનું રહે છે.

● અહીં મને સૌથી સરસ લાગે છે દેવાંગી ભટ્ટની ''પર્સેપ્શન'' નામની વાર્તા. જે અનિવાર્ય રીતે શીર્ષક માટે અંગ્રેજી શબ્દ વાપરવો પડ્યો છે તેટલી જ સૂક્ષ્મ રીતે વાર્તાને આટોપી લેવાઈ છે. જો શરૂઆતની કેટલીક જ પંક્તિઓથી પરિચિત કહી શકાય એવી ભૂમિકા બંધાઈ છે તો સ્તબ્ધ કરી દેતા અંતમાં તો એથી પણ થોડી પ્રયોજાઈ છે. જુદા વિસ્તારોની કૉલેજોમાં ભણવા આવતાં વિદ્યાર્થીઓ પહેરવેશ, ટેવો, વર્તણક વગેરે દ્વારા કેવાં જુદાં પડતાં હોય છે, તે લેખિકા પહેલાં વર્ણવે છે. નાયિકાને યુનિવર્સિટીની પરીક્ષા દરમિયાન ઑબ્ઝર્વર તરીકેના કામ માટે જયાં જવું પડે છે ત્યાં પોતે બધી રીતે જુદી પડે છે, તે તો નાયિકા જાણે જ છે, પરંતુ તેના કારણની રજૂઆત આ વાર્તાને અસાધારણ બનાવી રહે છે.

આ વિશેષાંકને લીધે, કેટલીક નવોદિત લેખિકાઓને પણ પ્રોત્સાહન મળ્યું છે. કોઈ સંકોચ કે સંશય વિના કલ્પના-વિહાર થયેલો જોઈને આનંદ થાય છે, પણ ભાષાના સ્વરૂપને શુદ્ધ અને સુંદર રીતે જાળવવા માટે દરેક લખનાર વધારે પ્રયત્ન કરે, અને સભાન હોય તે ઇચ્છનીય છે. **મ**

***તમને કઈ વાર્તાઓ ગમી? વાચકોના પત્રો બને તો ઈમેઈલથી (sub: pankhino melo) મોકલવા. અથવા ટપાલનું સરનામું 'મમતા' વાર્તામાસિક, કેર ઓફ રીડર્સ પેરેડાઈઝ, ૬ ઉત્સવ રો હાઉસ, સાલ હોસ્પિટાલની સામે, થલતેજ, અમદાવાદ ૩૮૦૦૫૨.***



# છાયા ત્રિવેદી

# ગુડ ન્યૂઝ!


*કવયિત્રી અને વાર્તાકાર છું. સંયુક્ત ગઝલ સંગ્રહ 'શ્રી ગઝલ' ૨૦૦૫માં પ્રકાશિત થયો છે. પત્રકારત્વ અને વિવિધ જાહેર માધ્યમો ક્ષેત્રે કાર્ય કર્યું છે. સિતારવાદનમાં વિશારદ કર્યું છે. વાંચે ગુજરાત અભિયાનમાં રાજ્ય સ્તરે સંયોજકની ભૂમિકા ભજવી. હાલ અનુવાદ પ્રતિષ્ઠાનમાં રાષ્ટ્રીય સંયોજક છું. લેખન, વાંચન, સાહિત્ય, સંગીત, અભિનયકળા, કાર્યક્રમોનું સંચાલન કરવું જેવા શોખ છે.*

***એ-૧૨ અક્ષરધામ એપાર્ટમેન્ટ પ્રેમચંદનગર પાસે જજીસ બંગલો રોડ બોડકદેવ સેટેલાઇટ અમદાવાદ***
***chhaya_trivedi@rediffmail.com***



વિધિ પ્રેગ્નન્ટ છે, એ સમાચારે મનન આંસુ ખાળી ના શકયો. ધ્રૂસકે ને ધ્રૂસકે રડવા માંડ્યો, રૂમ બંધ કરીને. માંડ એકાંત હાથ લાગ્યું છે તો રડી જ લઉં. વિચારોના ધમાસાણ વચ્ચે વહેતી આંખે વર્તમાન ધૂંધળો થઈ ગયો અને અતીત જાણે આંખ સામે ભજવાયું.

કેટલો ઉત્સાહ હતો જયારે એણે પહેલીવાર 'ગુડ ન્યૂઝ' આપેલા. લગ્નજીવનનાં બે વર્ષે તેઓ ઈચ્છતા હતા કે ઘરમાં બાળકની કિલકારીઓ ગુંજે અને ઘરને હર્યુંભર્યું બનાવે. એક દિવસ ઑફિસેથી મનન ઘરે આવ્યો એ સાથે જ વિધિએ હાસ્યના રણકાર સાથે કહેલું, 'મન, ગુડ ન્યૂઝ છે. બોલ શું હશે? કોઈ આવવાનું છે આપણાં ઘરમાં જેના પર આપણે બેય વરસીશું.'

મનન વિધિનાં શબ્દો સાંભળી તેને વળગી પડ્યો. ચશ્મા સરખા કરતો તે બોલ્યો, 'વાહ વિધુ, હવે આપણું ઘર, ઘર લાગશે. ડૉકટરે શું કહ્યું? તારે હવે પૂરેપૂરો આરામ કરવાનો છે. જરા પણ શ્રમ લેવાનો નથી, મેડમ!'

વિધિએ મનનને વધુ ભીંસતા કહ્યું, 'હા, હવે મેડમનાં બધાં નખરાં નવ મહિના સુધી ઉઠાવવાં પડશે, મિ. શર્મા. ચાલો, મને ભાવતી રેસિપી શીખવા માંડો!'

મનન હળવેથી વિધિને દૂર કરી ખુશખુશાલ ચહેરે બેડરૂમમાં ફ્રેશ થવા ગયેલો.



આજે એ જ રૂમમાં, એ જ બેડ પર બેઠાં બેઠાં તે રડી રહ્યો છે. એક જ બાબત કયારેક ગુડ ન્યૂઝ બને છે તો કયારેક સેડ ન્યૂઝ! પડદા પરની ફૂલોની ભાત જોઈ રહ્યો. પડદાની પસંદગીમાં પણ વિધિએ પોતાની જ વાત પકડી રાખેલી તે યાદ આવ્યું... 'જો મન, ફૂલ-ફૂલવાળા પડદા બારીએ હોય તો હાઉ બ્યૂટિફૂલ જો. આ જ ડિઝાઈન ફાઈનલ, ઓકે?'

મનને કહેલું, 'મને તો વિધુ, ચેક્સ ડિઝાઈન વધુ ગમે છે, એ લે ને.'

'અરે બારીનાં સળિયા અને પડદાની ચેક્સ બધું ભેગું થઈને જેલમાં હોઈએ એવો સીન બને.' અને વિધિ હસી પડેલી.

આજે મનન ફૂલવાળા પડદામાંય કેદી હોવાનું અનુભવતો હતો, પહેલીવાર વિધિને વિધિવત્ જોયેલી ત્યારથી એને ગમી ગયેલી. નમણો ચહેરો, સપ્રમાણ બાંધો અને ખૂલીને હસતી વિધિ. પ્રથમ મુલાકાતથી જ મનન તેનામય બની ગયેલો. ઊઠતાં, બેસતાં, હરતાં, ફરતાં, ઘરે કે ઑફિસે સતત જાણે વિધિ તેના મનોપાશમાં જ રહેતી.

મનને કૉલેજકાળથી જ શહેરમાં રહેવાનું પસંદ કર્યું હતું એટલે વિધિએ લગ્ન પછી તેના પરિવારજનો સાથે કોઈ એડજસ્ટમેન્ટ કરવાનું નહોતું. લગ્ન પછીના બે-ત્રણ દિવસમાં જ સ્વજનો વતનમાં જતાં રહ્યાં અને બંને એકલા પડ્યાં.

મનને મજાક કરતા કહેલું.

'વિધુ, જો તારે તો સાસુ-સસરા, નણંદ-દિયર, કોઈ સાથે નથી. હું સાંજે ઘરે આવું ત્યારે તું મારી પાસે કોની ફરિયાદ કરીશ?'

એક વર્ષ તો જાણે ક્યાં જતું રહ્યું, ખ્યાલ પણ ના રહ્યો. મનન પોતાના બિઝનેસમાં ખૂંપતો ગયો અને વિધિ ઘર સંભાળવામાં વ્યસ્ત રહેતી. બીજું એક વર્ષ પણ પસાર થયું અને અચાનક એક દિવસ છલકાતી ખુશી સાથે વિધિએ ગુડ ન્યૂઝ આપેલા. મનને બીજા જ દિવસે એક આધેડ બહેનની વ્યવસ્થા કરી દીધી.

'વિધુ, આ શાંતામાસી છે. હવેથી તારી સાથે જ રહેશે. તું એમને રસોઈ અને બીજું બધું કામ સમજાવી દેજે, ઓકે?'

'ભઈ, તમ તમારે ફિકર નો'કરતા. હું બે'નની હારે જ રે'વાની. પાણી પાવાથી લઈને દવાનું હંધુય ધ્યાન દઈશ.'

આમ છતાં સારા સમાચાર સાંભળવાની પહેલી ક્ષણથી માંડીને લેબર રૂમમાંથી બાળકીનાં રૂદનનો પહેલો અવાજ સાંભળવા સુધી મનન, વિધિની આસપાસ જ રહેલો. કેટલાં કાળજી અને પ્રેમથી ઘર-સંસારને તેણે સીંચ્યો હતો.

બાળકીને જોતાં જ તેની ખુશીનો પાર નહોતો.

'વિધુ, આ તો જો, ઢીંગલી જ જાણે! ઈશ્વરનું વરદાન છે. તારા જેવી જ નાજુક-નમણી છે, ને!'

'તારા જેવીય થોડી તો લાગશે જ. શું નામ પાડીશું?'

'ડોલી! માય ડોલ, ડેડી'ઝ ડોલ'. કહેતા બંને હસી પડેલાં.

૨

ડોલી મોટી થતી ગઈ, અભ્યાસ, મિત્રો અને ઈત્તર પ્રવૃત્તિઓમાં મસ્ત રહેવા લાગી. મનનની ઑફિસનો વ્યાપ વધતો ચાલ્યો તે સતત વ્યસ્ત રહેવા લાગ્યો. એક દિવસ રાત્રે દસ વાગ્યે થાકીને ઘરે પહોંચેલા મનનને વિધિનું નવું રૂપ જોવા મળ્યું.

'તું દિવસે ને દિવસે ઘરમાં ઓછો ને ઑફિસમાં જ વધુ રહે છે. ફોન કરું તો પણ તું કાપી નાખે છે. મન, હું થાકી છું રોજના તારા આવા વલણથી.'

મનને કહેલું, 'શું કરું, આપણાં ભવિષ્ય માટે જ કરું છું ને. આપણી જિંદગી સમૃદ્ધ બને. આપણી ડોલીનું ભાવિ ઉજ્જવળ બને ને.'

'ઓકે તું કરોડો કમાયા કર. ડોલીનોય પગ ઘરમાં ટકતો નથી. હું આખો દિવસ ઘરે રહીને કંટાળું છું. મારે પણ કંઈક કરવું છે. આજે તો નક્કી કરીને જ રહીશ. નહીં તો હું જાઉં છું તને છોડીને.'

મનન સોફા પર બેસી પડ્યો. 'અરે? તને શું દુઃખ છે, આ ઘરમાં? તું વાંચ, ટી.વી. જો, બહાર જા, શોપિંગ કર - તને એકેય બાબતે હું રોકું છું? તારી ઈચ્છા હોય તો આપણી ઑફિસે પણ તું આવ ને, વિધુ!'

'હું ફક્ત મિસિસ શર્મા બનીને રહેવા માગતી નથી. મેં ફેશન ડિઝાઈનિંગની ડિગ્રી મેળવી છે. આઈ વોન્ટ ટુ ક્રિએટ માય ઓન આઈડેન્ટિટી.' વિધિએ કહ્યું.

'મને ખ્યાલ છે વિધુ, પણ એ સહેલું નથી બધું. સ્વતંત્ર બિઝનેસ વુમન બની જવાનું તને ફાવશે? તું ઘરમાં આપણી ડોલીની પ્રગતિમાં ધ્યાન પરોવ ને!'

'તું દરેક બાબતમાં દીકરીને વચ્ચે લાવે છે, ડોલીયે મારી પાસે કયાં રહે છે? મારે ઉંબરની બહાર જવું છે, મારી ટેલેન્ટ સાબિત કરવી છે. મારે મારી રીતે કંઈક કરવું છે!'

'જેવી તારી મરજી. તારે જેટલાં રૂપિયા જોઈએ તેટલાં મને કહેજે.' એમ કહેતાં નજીક સરકવા જતા મનનથી વિધિ દૂર ખસી ગઈ.

૩

બીજા દિવસથી જ વિધિએ યાદી તૈયાર કરવા માંડી. ફેશન ડિઝાઈનિંગ માટેની જરૂરી બાબતોમાં જ તેણે આખો દિવસ કાઢ્યો. રાત-દિવસ એ તેમાં જ રચીપચી રહેવા લાગેલી. ડોલીનો અભ્યાસ, તેની ઈત્તર પ્રવૃત્તિઓ કે પતિની પરેશાનીમાં હવે તેને રસ રહ્યો નહોતો. પોતાની કારકિર્દી અને નવા-નવા સંબંધોમાં જ તે ખુશ રહેતી. વિધિનું રણકતું હાસ્ય હવે મનન માટે અલભ્ય બની ગયું.

'ડેડી, આ મોમને શેનો ક્રેઝ લાગ્યો છે? મારાં ફ્રેન્ડ્સ પણ કહેતા'તા કે' તારી મોમને તારા માટે ટાઈમ જ નથી!'

'હવે તો તું મેચ્યોર છે ને! સમજે છે બધું. આફ્ટર ઓલ યુ આર ડેડી'ઝ ડોલ!'

એક દિવસ અચાનક ભૂકંપ સર્જાયો. મનનને વિશ્વાસ ના બેઠો કે તેના કાને સાચું સાંભળ્યું છે? આ વિધિ જ બોલે છે? લગ્નજીવનનાં ૨૦ વર્ષ પછી વિધિને છૂટાં થવું છે! વિધિ તો નોનસ્ટોપ બોલ્યે જતી હતી.

'જો મનન, મેં બિઝનેસ શરૂ કર્યો પછી મને ખ્યાલ આવ્યો કે દુનિયામાં કેવા લોકો હોય છે. અમારા ફોટોગ્રાફર રવિને મળે તો ખબર પડે કે જીવન કેવી રીતે જિવાય. તને કોઈ દિવસ મને સરપ્રાઈઝ આપીને કે ગિફ્ટ લાવીને ખુશ કરી દેતાં આવડ્યું જ નહીં. કેવી નાની-નાની વાતોમાં પ્રેમ હોઈ શકે તે તો રવિને જોઈએ ત્યારે જ ખબર પડે. તને તો આપણી વેડિંગ એનિવર્સરીય ક્યારેય યાદ રહે છે, મન? અમે સાથે

જીવવા માગીએ છીએ. તું આપી દે મને ડિવોર્સ એટલે હું ય મારી જિંદગી જીવું, મારી રીતે.

મનનને શબ્દો, જીભ, દિમાગ સાથ આપતાં નહોતાં. તે મહાપ્રયત્ને બોલ્યો,

'અરે વિધુ, તું મેચ્યોર છે, આપણે આટલાં વર્ષોથી સાથે છીએ. આવો છેવટનો નિર્ણય લેવાનો શો મતલબ? તું મારાથી આટલી નારાજ છે તેની તો મને કલ્પના પણ નથી આવી ક્યારેય.'

વિધિએ મક્કમ અવાજે કહ્યું.

'મારો નિર્ણય અડગ અને આખરી છે. ડોલી પણ થોડાં જ વર્ષોમાં પોતાને ગમતું પાત્ર શોધી લેશે અને તેની રીતે જીવશે. મેં મારા માટે વિચાર્યું હોય એવું તે આટલા વર્ષોમાં બનવા જ ના દીધું. રવિની ઝિંદાદિલી મને સ્પર્શી ગઈ છે. મને ડિવોર્સ જોઈએ છે, બસ.'

મનને સમજદારી અને સ્થિરતા છોડ્યા નહીં. તેણે વિધિને તેની જિંદગી જીવી લેવા માટે પૂરતો અવકાશ આપ્યો. છાતી પર પથ્થર મૂકીને જાણે ડિવોર્સ પેપર્સ કર્યા.

'વિધુ, ડિવોર્સ પેપર્સ રેડી છે. આપણે કાલે સહી કરવા કોર્ટમાં જવાનું છે. તારે જે લઈ જવું હોય તે લઈ જજે, મને કંઈ જ પૂછવાની જરૂર નથી.'

'હું મારી જોડે જ લઈ જઈશ બધું. એકમાત્ર ડોલી તારી પાસે રહેશે. તારી ''ડેડી'ઝ ડોલ'' - ગુડબાય.'

૪

બારીમાંથી પવન આવતાં પડદો હલ્યો અને વૃક્ષ પરથી એકાએક ઊડેલા પંખીને મનન જોઈ રહ્યો. બારીની ગ્રીલના સળિયા મનોમન ગણવા માંડ્યો... એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ...

આજે બરાબર છ મહિને સવારમાં જ ઓચિંતાનો ફોન આવ્યો'તો વિધિનો. એ જ રણકતાં હાસ્ય સાથે એટલું જ બોલી, 'ગુડ ન્યૂઝ છે.'

ગળે અટવાયેલો ડૂમો આંખ વાટે છલકાવા લાગ્યો. બારી, તેના સળિયા, બધું ધૂંધળું થવા લાગ્યું. ત્યાં જ કાને ડોલીનો સાદ પડ્યો...

'ડે...ડી... વ્હેર આર યુ? નીચે આવો ને, જુઓ તો ખરા હું શું લાવી છું!'

મનન બેડ પરથી ઊભો થઈ બાથરૂમમાં ગયો. વોશબેસિનનો નળ ચાલુ કર્યો અને અરીસામાં જોઈને બોલી ઊઠ્યો...

'યસ, ડેડી'ઝ ડોલ!' **મ**

---


મમતા વાર્તામાસિક




આવતીકાલના વાર્તાલેખકોનું આજનું માસિક

**મમતાનું વાર્ષિક લવાજમ**

**ભારતમાં રૂ. ૨૦૦ (૧૨ અંક)**

**હવે પછી મનીઑર્ડરથી લવાજમ સ્વીકારાશે નહીં**

**લવાજમ સીધું બેન્કમાં ભરી શકાય છે.** "Mamata Monthly" a/c no. 20202011000306 Bank of India, Gandhinagar 382 016 IFSC BKID 0002020 **આ ફોર્મ ભરી મોકલવાનું સરનામું: રીડર્સ પેરેડાઇઝ ૬ ઉત્સવ રો હાઉસ સાલ હોસ્પિટલ સામે થલતેજ, અમદાવાદ ૩૮૦ ૦૫૨**

'મમતા'નું વાર્ષિક (૧૨ અંક)નું લવાજમ રૂ. ૨૦૦/- ચેક/ડી.ડી નં. ____________ દ્વારા આ સાથે મોકલું છું / અથવા તા.____________ ના રોજ 'મમતા વાર્તામાસિક'ના ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે 'મમતા' મોકલશો.

ગ્રાહકનું નામ ____________

વ્યવસાય (સ્વૈચ્છિક) ____________

ફોન ____________ મોબાઇલ ____________

સરનામું ____________

____________

____________ પિન કોડ ____________



પી.ટી.સી. પ્રભાસપાટણ, સોમનાથ બી.એ., એમ.એ., એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઈ પ્રાયમરી શિક્ષક, અધેવાડા પ્રાથમિક શાળા, જિ. ભાવનગર
શોખ: સંગીત, લેખન, ચિત્રકામ, વાંચન

**પ્લોટ નં. ૧૦૯૫/એફ માધવાનંદ ટેલિફોન એક્સચેન્જની ગલીમાં શ્રીજી એપાર્ટમેન્ટ પાસે મુનીડેરી સામે આંબાવાડી ભાવનગર**

## ગીતા ભોજક

# રેવી

નાનકડા ખોબા જેવડા ગામમાં પ્રભાશંકર ગોરદાદા તરીકે પંકાયેલા. અગડમ-બગડમ મંત્રોચ્ચારની ઓથે ગાડું ગબડ્યે જતું. આમ તો પ્રભાશંકર સાવ ભોળા-ભટ્ટાક. દૂબળો દેહ, ભીનો વાન, કપાળે ત્રિપુંડ, ટોપી પાછળ લટકતી શિખા, ગળામાં રુદ્રાક્ષની મોટી માળા, કંકુ-હળદરના ધાબાવાળું ફડફડાતું ધોતીયું, ઉપર અંગરખું, અંગરખામાં અર્ધા હાથ સમાય એવડું ગજવું, શરીર ફરતે વીંટળાયેલ જનોઈનો જોટો, ખભે ગમછો, હાથમાં થેલી, થેલીમાં કંકુ-અબીલ-ગુલાલની નાની-મોટી ડબ્બીઓ, સૂતર, નાડાછડી, રૂની વાટો, બાકસ અને ધૂપસળી. દાદા હર-હર ભોલે બોલતા જાય, રસ્તે મળે એને બોલાવતા જાય. નાનાં-મોટાં સૌ ગોરદાદાના નામથી ઓળખે એવા આ પ્રભાશંકરને ગોરદાદા તરીકે સ્થાપિત કરવામાં ધર્મ-પત્ની હેમકુંવરનો ફાળો મોટો.

હેમકુંવર સારા ઘરમાં ઉછરેલી સાત ભાઈઓની એકની એક બહેન, પણ એ તો સમય જ એવો હતો કે વડીલો-વડીલો વચ્ચેના સંબંધો સંધાતા હેમકુંવરે એક અક્ષર ઉચ્ચાર્યા વગર પ્રભાશંકરનું ગરીબ ખોરડું શોભાવ્યું. હેમકુંવરનો દેહ ઘાટીલો, માથે અંબોડો, ગોરે વાન, થોડું ભરાવદાર શરીર, કોઈનેય ઘસરકો ન પહોંચાડે એવી વાણી, એમાંયે એ સમયે થોડું ભણેલાં એટલે ગામનાં બૈરાંએ ગોરાણીમા તરીકે આવતાંની સાથે જ વધાવી લીધાં.

પ્રભાશંકરને નાનાં-મોટાં કામ મળી રહેતાં. ચાંલ્લો, આણાં-થાંભલી, વિવાહ તો ક્યારેક લીલ કે નારણ બલિ, કથા-વાર્તા, હોમ-હવન, આવું બધું તો ચાલ્યા જ કરે. એમાં શ્રાવણ મહિનો શિરમોર, ગોરદાદા નવરા જ ન રહે. મોળાકત, જયાપાર્વતી, ફૂલકાજળી, શીતળા સાતમ, ભોળાનાથની પૂજા, આરતી આમ શ્રાવણ મહિનામાં હેમકુંવર ચોખા, ઘઉં, નાળિયેર ઠેકાણે પાડવામાંથી નવરાં જ ન પડે.



હેમકુંવરનો ખોળો ફળદ્રુપ એટલે ઉપરાઉપરી એક પછી એક સાત સંતાનો. એકનું બાળમરણ અને બે કસુવાવડોની ઝીંક ઝીલીને હેમકુંવર પવનની પેઠે સપાટાબંધ બધે પહોંચી વળતાં. સાત સંતાનોમાં ચાર દીકરી ને ત્રણ દીકરા. મોટી શાન્તા પછી કરુણાશંકર, ત્રીજી હીરા, ચોથી રંજન, પાંચમો નરેશ, છઠ્ઠો રાજુ ને સાતમી અને છેલ્લી રેવા.

હેમકુંવરનો મોટા ભાગનો સમય છોકરાં મોટાં કરવામાં જ જતો. ઘરમાં સંખ્યા વધી તેની સાથે ગરીબી પણ, એમાંયે હેમકુંવર સ્વમાની જીવ એટલે કળાવા ન દે. મનોમન બબડી લે ખરાં 'મરી જાઉં તો પણ કોઈ છોકરાંને ભામણિયું નહીં કરવા દઉં.' હેમકુંવર પોતે રસોઈકળામાં હોશિયાર એટલે લગ્ન-મરણ કે ધાર્મિક પ્રસંગોએ જે કોઈ બોલાવે ત્યાં પચ્ચાસ, સાંઇઠની રસોઈ ઝપાટાબંધ કરી લે. રાત્રે આડોશ-પાડોશની બહેનોને બોલાવી વાર્તા, પ્રસંગોને લડાવી-લડાવીને રસાળ રીતે રજૂ કરે. આ વાર્તામાં સંતોષીમા, વૈભવલક્ષ્મી, શીતળામાથી માંડીને પુરાણના પ્રસંગો એવી રીતે કહે કે રોજ ડાયરો ચિક્કાર રહે, સાથે વાતવાતમાં ગોરાણીમા દાન-દક્ષિણાનો મહિમા એવી રીતે વર્ણવે કે સાંભળનાર લગભગ ખાલી હાથે ન જાય. ક્યારેક હેમકુંવર હસતાં હસતાં પટલાણીઓને કહી દે પણ ખરાં કે બાપા, તમારે તો બાપ-દાદાની મિલકતમાં પાંચ-પચ્ચીસ વીઘાં જમીન અમારે તો તાંબાનો લોટો ને રાંદલનાં ચાર પરોણાં એટલે જીભ ને જાત બેય હલાવવા પડે.

હેમકુંવરને પ્રભાશંકર મોટી દીકરીના નામે શાન્તિ કહીને બોલાવતા. દીકરી શાન્તિને પંદર પૂરાં થયાં એટલે બાજુના ગામમાં રહેતા શાંતિલાલનું માંગું આવ્યું. શાંતિલાલ રસોઈયાનું કામ કરતો, આમ શાંતિલાલ મહારાજ તરીકે પંદર ગામમાં પ્રતિષ્ઠિત. આ બાજુ શાન્તાને નાની વયે ઘરની મોટી જવાબદારી માથે આવેલી હોવાના કારણે એનું શરીર નૂર વગરનું લાગતું. શાંતિલાલને આગળ-પાછળ કોઈ હતું નહીં અને કામનો બોજો સાસરિયામાં ઓછો રહે એવા વિચાર સાથે શાન્તાનું શાંતિલાલ સાથે ગોઠવાઈ ગયું. શાંતિલાલ થોડા ગુસ્સાવાળા એટલે શાન્તાને ક્યારેક ધોલ-ધપાટ ખમવી પડે, બાકી એનાં રસોડાં ધમધોકાર ચાલે. શાન્તાના ડબ્બા લગભગ બારે મહિના મીઠાઈ-ફરસાણથી ભરેલા રહે.

બીજી હીરાને નોકરિયાત માસ્તર મળી ગયો. હેમકુંવરે આંખો મીંચીને હા ભણી દીધી. હીરા થોડી કસાયેલ એટલે કુટુંબ મોટું તોયે હેમકુંવરે હીરાને પટાવી-ફોસલાવીને સમજાવી દીધી. વર જોવાય, ઘર ન જોવાય. આમ હીરા રાવ-ફરિયાદ વગર માસ્તરના ઘરમાં ગોઠવાઈ ગઈ. એ પછી કરુણાશંકરનું બાજુના ગામની જ મા-બાપ વગરની કાકા-કાકી પાસે મોટી થયેલી શારદા જોડે ગોઠવ્યું. ઘરમાં વહુના આવવાથી હેમકુંવર થોડાં હળવા થઈ ગયાં.

રંજન, હેમકુંવર ઉપર પડેલી. ગોરો વાન, થોડી ઘાટીલી હોવાથી એ પૈસાદાર ઘરમાં ગઈ. એમાં યે રંજનનાં પગલાંથી એના વરને પ્રમોશન મળ્યું. ટેબલ ઉપર અને નીચે બંને આવક આવતી થઈ. આમ, આ બધું સુખ રંજનનાં પગલાંને આભારી એમ માનીને રંજનનો વર રંજનનું ખૂબ જતન કરતો. નરેશ મુંબઈમાં કારકૂની કામમાં અને રાજુ સુરતની કાપડ મિલમાં હિસાબ-કિતાબ લખવાના કામમાં લાગ્યો. એ બંનેનાં પણ લગ્ન થઈ ગયાં. તો પણ હેમકુંવરનો બોજ હજુ હટ્યો નહોતો, કારણ કે નાની રેવા કેમ કરીને ઠેકાણે પડતી નહોતી.

આ રેવા હોંશિયાર પણ નહીં કે નહીં મંદબુદ્ધિની, એ ઘનચક્કર જેવી લાગતી. રેવાની બનાવટમાં ભગવાનેય ત્યારે કંટાળેલો હશે અને ઉછેરવામાં હેમકુંવરે તો થાકીને હાથ ઊંચા કરી દીધેલા. મોટા ભાગે તો શાન્તા અને હીરાના હાથમાં મોટી થયેલી રેવાની આળ-પંપાળ તો નહોતી થઈ, પણ સૌથી છેલ્લી એટલે હેમકુંવરનો બધો થાક એમાં ઊતર્યો. સીધ્ધો ખપાટિયા જેવો વળાંક વગરનો દેહ, મોટા દાંત, છૂંછા જેવા વાળ, લાવણ્ય એકેય અંગમાં ન મળે. એને સરખી રીતે બોલવા-ચાલવાની ગતાગમ નહીં કે ન પહેરવા-ઓઢવાની. બોલ્યા પછી ક્યાંય સુધી મોં ખુલ્લું રહી જાય. કોઈ અજાણ્યા સામે બાઘી બનીને જોયા કરે તો જોયા જ કરે. એને કોઈ ટોકે તો મોં ચડાવી ઓટલે કલાકોના કલાકો સુધી બેઠી રહે. મોટી ભાભી એકલી ઘરનું કામ બધું ખેંચે, પણ રેવાને એમ ન થાય કે હું યે કાંઈક મદદ કરું! મોટા ભાઈ કરુણાશંકર બાજુના ગામના તલાટીમંત્રી, સવારના જાય એટલે સાંજે ઘેર આવે. શારદા જ મોટા ભાગનું ઘર સંભાળે. શારદાનું મૂલ નહીં. શારદા એટલે શારદા. નમણી, હસમુખી, દરેક કામ જવાબદારીથી નિભાવે એવી શારદાને રેવાની ખૂબ ચિંતા રહેતી. ક્યારેક એને સમજાવે, નાનાં-મોટાં કામ શીખવવાનો પ્રયત્ન કરે ત્યારે રેવાને એવું લાગે કે ભાભી છે એટલે દબાવે છે. હેમકુંવર બધું સમજે તોયે જીવનના થાકે એ બોલવાનું ટાળે.

આ રેવા એની બીજી બે ભાભીઓ પાસે સીધીદોર. એ બંને જ્યારે ગામડે વાર-તહેવારે રોકાવા આવે ત્યારે રેવા ટીકી-ટીકીને એને જોયા જ કરે. શહેરી રંગઢંગ, લટકાં-મટકાંથી રેવા અભિભૂત થઈ જાય. એ બંને હોય ત્યારે રેવાને મોટી ભાભી શારદા સાવ સાદી અને ગામડિયણ લાગે. પેલી બંને મીઠું મીઠું બોલતી જાય અને વાસણનો ઢગલો સાફ કરાવતી જાય. રેવા હરખભેર બધું કરે પણ ખરી.

મોટી વહુ શારદા ઉપર હેમકુંવરને પૂરેપૂરો વિશ્વાસ. ક્યારેક શાન્તા કે રંજન પિયર આવે અને બાનાં કાન ભંભેરે - બા, આમ ભોળા ન થવાય. ભાભી પર થોડો કડપ રાખો, નહીંતર મોટા ભાઈ તો ભોળીયો છે, અને તમારું કોઈ નહીં

થાય. - ક્યારેક હેમકુંવર દીકરીઓની વાતમાં આવી જતાં. પછી બીજાની વહુઓ સાથે સરખામણી કરે અને મનમાં વિચારે - વહુ તો મારી જ સારી છે, અને એથી જ એણે મોટીને પાસે બેસાડીને કહી દીધું કે 'જો મોટી, આ ઘરનાં તમામ સુખ-દુઃખ, વ્યવહારો, જવાબદારી તારાં માથે અને રેવીને ય તારે જ ઠેકાણે પાડવાની છે. રેવીને તારા સસરાએ નાની, નાની કરીને બગાડી છે. મારોય વાંક તો ખરો, પણ હવે તું બધું સંભાળી લે. તારા સસરાની જેમ હું યે કોઈનીય સેવા લીધા વગર ભગવાનના ધામમાં પહોંચું એટલે બસ! બાકી આ જનમમાં મારાથી થાય એટલું કર્યું, હવે તું કર.' મોટીએ નમ્ર ભાવે 'ભલે બા!' કહીને જવાબદારી ઉપાડી લીધી પછી પાછું વળીને ક્યારેય ન જોયું.

હેમકુંવર જ્યારે રેવીને જુએ ત્યારે મનમાં થતું કે આ તો પેટે પાકેલો પાણો છે. રેવીને સત્યાવીસ ઊતરીને અઠયાવીસમું બેઠું એ સાથે જ ત્રણે ભાઈઓના શ્વાસ અધ્ધર થઈ ગયા. એને ઠેકાણે પાડવાના રાત-દિ એક જ વિચાર. કરુણાશંકર સ્વભાવે ઢીલો એટલે ક્યાંક વાત નાંખે તો એને સામેવાળાનો પહેલો વિચાર આવે ને વાત અર્ધેથી ફીંડલું વળી જાય, પણ નરેશે જોર કરી સુરતના એક પરામાંથી છોકરો ગોત્યો. છોકરો પગે થોડો ખોડંગાય, શરીરે કૃશ, વાન કાળો અને મહિને કારખાનામાં છસ્સો-સાતસોનું કામ કરી લે. નરેશને વાત મળી કે મહેશનું ક્યાંય થતું નથી. આમ, તક ઝડપીને રેવીનું તરત એણે મહેશ સાથે ગોઠવી દીધું. લગ્નની વિધિ તો ખાલી ઔપચારિક, બાકી કામ આટોપાઈ જાય એટલે ગંગા નાહ્યા. લગ્નનાં ગીતોય ગવાયાં. બંને ભાભીઓએ તો એકબીજાને ટપલી મારી-મારીને આંખ મિચકારી-મિચકારીને ગીતો ગાવાનો લ્હાવો લીધો... લાલ મોટર આવી ગુલાબી ગજરો લાવી, મારા બેની સાસરિયે લીલા લહેર છે... રેવી આ બધાંથી હેબતાઈ ગયેલી. સ્વભાવ પ્રમાણે બાઘી બની મૂંગી થઈ ગઈ. રેવીને બંને ભાભીઓએ સોળે-શણગારથી સજાવી. પાનેતર, ઓઢણી, મેકઅપ અને ખોટાં ઘરેણાંનાં થપેડામાં રેવી ભવાઈ મંડળીમાં રમવા જવાની હોય એવી લાગતી હતી. કુદરતની કેવી વિસંગતતા કે શારદાના શરીર ઉપર ખોટાં મોતીની માળા પણ નૃત્ય કરે અને રેવીના દેહ પર આભૂષણો મશ્કરી કરે.

અંતે રેવી સાસરે ગઈ એ રાતે કરુણાશંકર અને હેમકુંવર ઘસઘસાટ ઊંઘી ગયાં. એક ઊંઘી નહોતી માત્ર શારદા. થોડા દિવસ પછી રેવી મજામાં છે એવા સમાચાર મળ્યા ત્યારે શારદાના પગમાં કાંઈક જોર આવ્યું. રેવી લગ્ન પછી એક વાર બે-ત્રણ દિવસ માટે મળવા આવેલી. સુરત ખાસ્સું દૂર, વારે-વારે આવવું-જવું પરવડે એવું હતું નહીં, પણ જ્યારે રેવીને સારા દિવસો રહ્યાના સમાચાર મળ્યા પછી શારદા સુવાવડ માટે આગ્રહ કરીને ત્રણ-ચાર મહિના માટે તેડી લાવેલી. આ દિવસોમાં શારદાએ જોયું તો રેવી કાંઈક ઠાવકી, ગંભીર અને વધારે મૂંગી થઈ ગઈ હોય એવું લાગ્યું. શારદાએ રેવીને પાપડ વણતાં તેમજ શાંતિલાલે શિખવાડેલા સમોસા બનાવતાં શિખવાડ્યું અને નવરાશે નવરાશે ઓશીકાનાં કવર, ચણિયા સીવવા જેવાં નાનાં-મોટાં કામ શિખવાડ્યાં. આ બધું રેવીએ ડાહી-ડમરી થઈ શીખી પણ લીધું. ત્રણ-ચાર મહિના તો લસરપટ્ટી ઉપર સરકતા બાળકની જેમ સરકી ગયા. રેવીના ખોળે દીકરી અવતરી. થોડા દિવસો પછી મહેશ, રેવી અને એની દીકરીને તેડી ગયો. રેવી ગઈ ત્યારે એની આંખમાં નહોતા આંસુ કે નહોતો હરખ!

રેવી દીકરી સાથે સુરત પહોંચી એ અઠવાડિયામાં જ મહેશની મિલ બંધ થઈ અને મહેશ નવરોધૂપ થઈ ગયો. આ કપરા દિવસોએ રેવીને એકાએક સ્ત્રી બનાવી દીધી. રેવીનો ખપાટિયા જેવો દેહ વધુ ટટ્ટાર થઈ ગયો. રેવીને શારદાએ શિખવેલાં પાપડ, સમોસા, ઓશીકાનાં કવર, ચણિયા રેવીની આજીવિકાનાં સાધન બની ગયાં. રેવી રાત-દિ' જોયા વગર મચી પડી. મહેશને થયું જાણે ખોડંગાતો પગ એકાએક સીધો થઈ ગયો. મહેશ દીકરીને સાચવે, ઘરનાં નાનાં-મોટાં કામ કરે અને રેવી દિવસોની સાથે ગરીબી સાંધે.

હેમકુંવરના પથારીવશ હોવાના સમાચાર સાંભળી બધાં દીકરા-દીકરી, વહુ-જમાઈ ભેગાં થઈ ગયાં. હેમકુંવર આજ નહીં તો કાલ જેવી સ્થિતિમાં હતાં. બધાંની વચ્ચે હેમકુંવરે પોટલી શારદાના હાથમાં મૂકી. શારદાના માથે હાથ મૂક્યો. શારદા હાથીદાંતની સોને મઢેલી ચૂડલી જોઈને બોલી, 'બા! આનું મારે શું કામ?' હાથીદાંતની આ ચૂડલી હેમકુંવરને એની બા લાડુમાએ આપેલી અને લાડુમાને એની બા મોતીમાએ આપેલી, એટલે શારદાએ કહ્યું, 'બા! આ ચૂડી રેવીબેનને આપો', પણ હેમકુંવર માન્યાં નહીં. છેલ્લે એટલું બોલ્યાં 'તું છેને પછી રેવી તો આપોઆપ સચવાઈ જશે.' અને હેમકુંવરે હર્યાભર્યા પરિવાર વચ્ચે છેલ્લા શ્વાસ લઈને કાયમી વિદાય લીધી.

હેમકુંવરના મૃત્યુ સમયે બધી દીકરીઓ પોકેપોક રડી, પણ રેવીની આંખમાં એક આંસુયે નહોતું. રેવી બધાંને હિંમત આપતી હતી, કહેતી જતી કે - 'આ તો જીવન છે.' એમાં રડવાનું શું? બાની તો ઉંમર હતી અને ગયાં અને 'મા' સમાન ભાભી છે પછી ચિંતા શેની?' મ




દક્ષા બી. સંઘવી


# સુખની વારતા


*પ્લોટ નં-૯, સેક્ટર-૧ એ*
*કચ્છ કલારોડ*
*ગાંધીધામ-કચ્છ*
*મો. ૯૪૦૮૫ ૩૦૫૦૨*




સવારના છ વાગ્યાના એલાર્મ સાથે જ પથારી છોડી દેવી પડે. નાહી-ધોઈ લુસલુસ પૂજા કરી ન કરી ને થઈ જાય ડ્યૂટી શરૂ. સવારનો સમય તો કોણ જાણે ક્યાં પસાર થઈ જાય. સવારનો નાસ્તો બનાવવાનો, છોકરાઓની સ્કૂલ, એમની ઑફિસના સમય પહેલાં ટિફિન બનાવવાનું, એ ઑફિસ જાય એટલે કામવાળી, ધોબી, શાકવાળો - આ બધી ધમાલ પૂરી થાય ત્યાં જમવાનો સમય થવા આવ્યો હોય. બપોરે જમીને પ્લેટફૉર્મ પર બધો ઢાકોઢૂંબો કરી, જરા આડેપડખે થાઉં. આ સમય મારો પોતાનો સમય, મને સૌથી વધારે ગમતો-નિરાંતનો સમય. દીકરીઓ સ્કૂલે ગઈ હોય. એ ઑફિસે ગયા હોય. બારી-બારણાં બંધ કરી, ફોનનું રિસીવર પણ નીચે મૂકી, સૂતાં સૂતાં શાંતિથી વાંચ્યા કરવાનું. છાપા પર એક ઊડતી નજર ફેરવી લીધી. હવે 'મારું સુખ' પુસ્તક હાથમાં છે. અગ્રગણ્ય લેખકો અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવોએ પોતાના 'સુખ'ની વાતો લખી છે. પેટ ભરેલું હોય, ને વળી ઉપરથી આ શીરા જેવી લચપચતી-લીસી સુખની વાતો, ઘારણ ન ચડે તો બીજું શું થાય? મધમીઠી નીંદરમાંય સુખનાં રંગીન પતંગિયાં જાણે કે મારી આસપાસ ઊડી રહ્યાં હતાં. લાલ-પીળાં-લીલાં કેસરી... સુંદર ચળકતા રંગોવાળાં પતંગિયાં મીઠા અવાજે ગુન ગુન કરે છે...

પણ અચાનક પતંગિયાની મીઠી ગુનગુનની વચ્ચે આ ઘોંઘાટ કેવો? ભર ઊંઘમાં જોઉં તો એક સ્ત્રી એના કર્કશ અવાજે મને બોલાવી રહી છે. ભરબપોરે તે વળી કોણ હોય? ને વળી મને બોલાવે શા માટે? સપનું જ લાગે છે! મારું ઘેન ઊડતું નથી. સાવ ફાટેલાં કપડાં પહેરેલી એ સ્ત્રી મને ઢંઢોળીને જગાડતાં કહે છે - 'હું આમ મારું સુખ-મારું સુખ કરીયા કરો છો? બીજાનાં સુખનો વિચાર કર્યો, કોઈ દા'ડો? સુખ કંઈ એકલો તમારા જેવા રૂપિયાદારોનો ગિરાસ નથી. અમ ગરીબોના ભાયગમાંય કાંક સુખ જેવું હોય. આજ જરા ઈની વાત સાંભળશો?'

કોણ હશે આ ચીંથરેહાલ સ્ત્રી? અને આ હાલતમાં એ મારી સાથે વળી કેવા સુખની વાત કરવા આવી હશે! એના દરણ જોઈને તો એને અને સુખને કાંઈ દૂરનુંય સગપણ હોય એવું લાગતું નહોતું. વળી, હું તો એને ઓળખતી સુધ્ધાં નથી. તોય મેં ધીરજ ધરી. એકાદ ઝોકું ખાઈ લેતાં. ધીરે રહીને એને પૂછ્યું - 'બેન તું કોણ છો?'

'લ્યો, આટલી જ ઓળખાણ રાખીને? તમારું મોટા માણાનું આ જ દખ. નાના માણાને ઓળખે તો ય ના ઓળખે! રોજ તો તમે મને દેખો છો. તમારી શેરીના છેવાડે સડકની પડખેના લેમડા નીચે જ તો બેહું છું. કો'ક દિ' તમે વધ્યું-ઘટ્યું આલી જાઓ છો ને તોય વળી કો' છો કે ઓળખતાં નથી. હવે તો ઓળખાણ પડીને?'

મને એનો ચહેરો જોઈને કંઈ યાદ તો નહોતું આવતું, પણ ગલીના નાકે એક ઠૂંઠી ભિખારણ બેસે છે એવું ઝાંખું-પાંખું કંઈક સ્મૃતિમાં ડોકાયું, એટલે જરાક જેટલું મોં મલકાવી, અવાજમાં બને તેટલી મૃદુતા લાવી મેં ખોટેખોટું કહી દીધું - 'હા, હા. ઓળખુંને. બરાબર ઓળખું તને.'

પણ ખરેખર તો આજે પહેલી જ વાર ધારીને મેં એનો ચહેરો જોયો હતો. આ પહેલાં

કેમ કોઈ દિવસ એના ચહેરા પર મારી નજર નહીં ગઈ હોય? હું તો નાનામાં નાના માણસો સાથે નિસ્બત રાખવાનો ફાંકો રાખું. ગરીબો-પીડિતો માટે સમસંવેદના હોવાનું છાનું અભિયાન પણ ખરું! ને મારે તો રોજ આની સાવ પાસેથી જ પસાર થવાનું બને છે, કોઈ કોઈ વાર દીકરીઓનાં ઊતરેલાં કપડાં, સાડી હાથોહાથ આપ્યાં છે. તો આનો ચહેરો મને કેમ યાદ નહીં હોય? જમણો હાથ આપે ને ડાબા હાથે પણ ખબર ન પડે તેનું જ નામ તો દાન કહેવાય! એમાં લેનારનો ચહેરો જોવા-યાદ રાખવાનું શું કામ! પણ આજે આને હું કેમ યાદ આવી? અને તેય આમ ભરનીંદરમાં સપનામાં આવીને ઢંઢોળે! ગુસ્સો તો એવો આવતો હતો કે... પણ સંવેદનશીલ હોવાનો ફાંકો તેમ કરતાં રોકે. મનમાં એમ પણ થયું ચાલને જીવ, આજ આની વાત પણ સાંભળી લઈએ- કોશાબહેનની કામવાળી માટેની કચકચ કે નખરાળી મોનાની કિટી પાર્ટીની ડંફાસો કરતાં તો કાંઈક ઇન્ટરેસ્ટિંગ જ હશે!

હું હજી આ બધું મનમાં વિચારતી હતી. ત્યાં જ એ ભિખારણે મારું ધ્યાનભંગ કરતાં કહ્યું - 'હેં બુન. તમીંય લખતા હશોને? તે ઈમ કરોને, આજે હું નિરાંતે તમને મારી કરમકહાણી હંભળાવું. આજે હુંય મારા સુખની વાતું કરીશ ને તમારે ઈ બધુંય લખવાનું. આ રૂપાળી-મઝાની આટલા બધા જણની સુખની વાતો લખાઈ સે તો અમારા સુખની વારતાય લખોને!'

મને મનમાં આશ્ચર્ય થયું. ભીખ માગીને માંડ પેટનો ખાડો પૂરે છે. તનને ઢાંકવા માટે ચાર સારાં ચીંથરાંય નથી. રહેવા માટે તૂટલું છાપરુંયે હશે કે નહીં, પણ ચાલી છે સુખની વાત કરવા! આને વળી સુખની શી વાત કરવી હશે! સુખ-સુખનો લવારો માંડીને બેઠી છે તે જરૂર ક્યાંક કોઈની સાથે લફરું હશે, લફરાંના ક્યાં પૈસા બેસે છે? આવાઓને તો સાવ મફતનું-હાથવગું સુખ! પણ ઠીક છે, આજે એનીય વાત સાંભળી લઉં. કોને ખબર આમ સૂતાં સૂતાં જ કોઈ વારતા મળી જાય-બગાસું ખાતાં પતાસું મોંમાં આવી જાય એમ! સિદ્ધહસ્ત સર્જકો કહેતા જ હોય છે કે આવા જીવંત સંપર્કો જ સર્જનમાં તાજગી લાવનારા બને છે, અને જો લફરાંબાજીની કે બીજી કોઈ એલફેલ વાત કરે તો ચાલતી પકડાવી દેતાં શી વાર?

આજ આમેય હું 'સુખની વાતો'ના મૂડમાં જ હતી, એટલે આંખોમાં છલોછલ સહાનુભૂતિ લીધી. કરુણાભર્યા સ્વરે મેં તેને કહ્યું - 'બેસ બહેન, ને કહે તારા સુખની વાત, પણ ખાલી સુખની જ વાત કરવાની. બીજી આડીઅવળી લપ્પનછપ્પન નહીં.'

પોતાનાં ચીંથરેહાલ વસ્ત્રોને સંકોરતી કંઈક સંકોચપૂર્વક તે મારી સામે બેઠી. ઊંડા-અંધારા કૂવામાં પડી ગયેલી કોઈ વસ્તુને ખોળતી હોય તેમ ઘડીકવાર શૂન્યમાં તાકી રહી. થોડોક સમય સ્મૃતિઓને ઢંઢોળ્યા પછી એણે ધીમે રહીને પોતાની વાત શરૂ કરી.

''આમ તો મારી કાયમની બેઠક સડકની કોરે ઈ ઝાડ નીચે જ, અને અમારી ભિખારીઓની જમાતનો એક નિયમ કે કોઈ કોઈના ધંધાની જગાએ નો બેહે, પણ રવિવારે આપણી આ બજાર બંધ હોય. મારો ધંધો ઈ દિવસે સાવ ઠપ્પ થઈ જાય, પેટ તો કાંઈ બંધ રે નંઈ, એટલે જ્યાં ત્યાં ઝાવાં નાંખવાં પડે. એવા જ એક રવિવારે હું પોંચી ગઈ માતાજીના મંદિરે. અમારી જમાત આખી ત્યાં લેનસર પોતપોતાની બેઠક પર બેઠી હોય એટલે કાંઈ વળે તો નહીં, પણ તોય ચારેકોર ડાફોળિયાં મારતી'તી. ત્યાં જ મારું ધિયાન ટૂંટિયું વાળીને સૂતેલી મંગુ ડોશી પર ગ્યું. મને થ્યું, લાવને ડોશી સૂતી છે ત્યાં ઘડીક એની બેઠકે જઈને બેહી જાઉં. ડોશી જાગશે તયે જોયું જાહે. હું તો છાનીમાની જઈને બેઠી. બેઠા પછી જ મારું ધિયાન ગ્યું કે ડોશી તો ઠરીને રામ થઈ ગઈ છે. જે હોય તે. હું તો ચૂપચાપ બેઠી રઈ. ડોશી તો મરી ગઈ ને છૂટી ગઈ, પણ મારે તો મારા પેટનું જોવું કે નઈ? રાતથી લઈને અન્નનો દાણોય પેટમાં નો'તો ગ્યો. બાર કડકડતી ટાઢ ને અંદર ભડભડતી આગ! કાં'ક પ્રસાદીના પડિયા જેવુંય મળી જાય તો ઠીક થાય ઈમ હમજીને હું તો બેઠી રઈ. બરાબર ઈ ટાણે જ મોટી ગાડીમાં એક શેઠાણી આવ્યાં ને જેટલા ગલઢા ભિખારી હતા ઈ બધાંને નવી શાલ ઓઢાડતાં ગ્યાં. એક સાલ ટૂંટિયું વાળીને પડેલી મંગુ ડોશીને માથેય નાખી. 'હેં બુન, મને ઈમ થાય કે આ શેઠિયા લોકો ગલઢા-બુઢ્ઢાઓને ગરમ લૂગડું-ચાદરો આલે, તે શું અમને નાનડિયાઓને ટાઢ નંઈ વાતી હોય? પણ તોય જે આલે ઈમના દયા-ધરમ. કે'નાર તો એમેય કેતા હોય- 'કામ કરીને. મફતિયું ખાવું છે.' પણ હાચું કંઉ, કામ કર્યે પેટની આગનો વેત થાય, પણ રે'વા માટે છાપરું ન હોય તંઈ ટાઢનો વેંત કરવો બઉ કપરો છે. જે હોય તે, મારે તો આ વરહની આકરી ટાઢનો વેંત થઈ ગ્યો. મંગુ ડોશી તો હવે ટાઢ-ગરમી બધાથી બા'ર થઈ ગ્યા'તા. એમને હવે ક્યાં શાલની જરૂર હતી? ભીડ ઓછી થાતા હળવેથી મંગુ ડોશી માથેથી શાલ સેરવી હું ચૂપચાપ ત્યાંથી નીકળી ગઈ. હેમાળો માથે લઈન આવેલા ઈ વરહમાં નવી-નક્કોર ધાબળા જેવી શાલ મળી ગઈ ઈનું મારે મન મોટું સુખ!''

હું તો મોં વકાસીને એ ભિખારણની સામે જોતી રહી. એક શાલ મળી, ને એય વળી મડદા પરથી ઉપાડેલી! એમાં વળી સુખની વાત ક્યાંથી આવી? કદાચ ક્યાંક કોઈએ મોટા સમારંભમાં સન્માન કરી હારતોરા સાથે શાલ ઓઢાડી હોય તો ચાલો, એ શાલ મળવાનુંય એક અલગ સુખ હોઈ શકે. પણ મડદા પરથી ઉપાડેલી શાલ મળે એમાં સુખ? મને તો આ ભિખારણના સુખની વાત કાંઈ સમજાતી નહોતી. ક્યાં ઓલી બધી લચપચતા શીરા જેવી - તરત ગળે ઊતરી જાય, જીભ પર સ્વાદ રહી જાય એવી મઝાની વાતો ને ક્યાં આ લુખો-સૂકો કોળિયો. મારા તો ગળે ડચૂરા વળવા લાગ્યા. તોયે પરાણે મોં પર કોમળ સ્મિત લાવી મેં એને સમજાવતાં કહ્યું - 'જો બેન. તને શાલ મળી એનું સુખ હોય એ વાત સાચી, પણ એ તો ઘડીભરનું સુખ. કોઈ એવા

સુખની વાત કરવાની કે જિંદગી આખી યાદ કરતા રહીએ એવું સુખ હોય. કાયમનું સુખ કહીએ એવું કંઈક.'

તેની આંખો ફરી શૂન્યને તાકવા લાગી. પછી તે મારા સામે જોઈ રહી. કદાચ ક્યાંથી વાત શરૂ કરવી તેની વિમાસણમાં હતી. અથવા તો એવી કોઈ સુખની ઘટના યાદ ન આવતી હોય! હુંયે ચૂપચાપ એને જોતી રહી. થોડી વારે ઊંડો શ્વાસ ભરીને એણે પોતાની વાત કહેવી શરૂ કરી.

'મારે એક દીકરી છે. ગુલબી એનું નામ. ઇનો રૂપાળો વાન ને ગુલાબના ફૂલ જેવો વાન દેખીને ઇના બાપે જ ઇનું નામ ગુલબી રાખ્યું. છોડી રૂપાળી તો એવી કે અમારા ખોળામાં બેઠી હોય તો ઇમ લાગે કે કો'કની ઉપાડીને લાયા હશે! ઇ વખતે કાંઈ અમે ભિખારી નંઈ. અમે બેઉ માણા દેરાણ પાંહે બેસીને ફૂલો વેંચીએ. હાંજ સુધીમાં તો રોટલા જોગું મલી રે. કો'ક દાડો તે'વાર હોય તંયે ઝાઝાય મળે. પૈસા વધે તે દી ગુલબીનો બાપ ઇને ગુલ્ફી ખવરાવે ને કો'ક દી મેળે હોત લઈ જાય.'

હા. હવે મને એની વાત કોઈ સુખદ-મીઠી ઘટના તરફ જતી હોય તેમ લાગતું હતું. આવા ખુશીઓના કટકાઓ જોડીને જ તો સુંદર મઝાનું સુખનું આખેઆખું ચિત્ર ઉપસે! હવે મનેય રસ પડતો જતો હતો. મેં ઉત્કંઠાથી એને કહ્યું - 'હા, હવે કાંઈક મેળ બેસે તેમ લાગે છે, આગળ વાત કર, પછી શું થયું?'

પછી એક કાળમુખા દી'એ અમે ટેશણની બા'રે સડકની કોરે બેસી ફૂલ વેચતા'તા ત્યારે એક ખટારાવાળાએ ખટારો અમારી ઉપર ચડાવી દીધો. મારો એક હાથ ગ્યો. એક પગેય લોર વાગ્યું ને ગુલબીના બાપા તો ત્યાં ના ત્યાં જ...

ભિખારણની આંખો ચૂવા લાગી. એને ગળે ખખરી બાઝી ગઈ હતી. મેં એને પાણી આપ્યું, એણે પાણી પીધું અને પછી ગળું ખોંખારીને આગળની વાત માંડી.

'મારેય તેણ મઈના હોસ્પિટલમાં રે'વું પડ્યું. પાંહે ખાસ કંઈ હતું નંઈ ને હતું ઇ બધુંય મારી દવામાં ગ્યું. એક હાથ તો ઠામુકો ગ્યો ને પગેય લંઘાતો. વાડીએથી ફૂલ વીણી લાવવાનું તો હવે થાય ઈમ નો'તું, એટલે ધંધોય ગ્યો ને હવે આવ્યો ભીખ માગવાનો વારો. રોવાનું હતું એટલું રોઈ લીધું. ખાલી પેટે કેટલુંક રોવાય? ને કોને રોવું? ધણીને રોવું કે ધાનને રોવું? બચાડી આ ફૂલ જેવી દીકરીના મૂંઢા હામુંય જોવું પડે. હું રોઈને બેહી જાઉં તો ઇનું કોણ? જે ઉપરવાળાએ ધાર્યું હોય ઇ થઈને રે. ને આમાંય પેટજોગુ તો મળી જ રે છે. ગુલબી તો ઇ વખતે છો-હાત વરહની, એટલે ઇ ય મારી હારોહાર ભીખ માગવા બેહે. કદીક આ સોસાયટીના બંગલાઓ કોર એકાદો આંટો મારી આવે. ઇનુ કૂણું મોઢું જોઈ લોકોના હૈયે દયા વસે. ઇમાં ઇના લૂગડાં-લતાનું થઈ રે. થોડી ટેમ તો બધું ઠીક હાલ્યું, પણ પછી આ ગુલબીયે મોટી થાવા માંડી. એક તો સોડીની જાત ને ઉપરથી આવડું રૂપ. વળી, એના બાપની પડ નહિ. મારે તો ભારે વિપદા થઈ.'

'વિપદા? લે એમાં તારે શાની વિપત? છોકરી રૂપાળી હોય તો સારું ને. ઝટ વરી જાય. સારા ઘર-બાર મળી જાય તો તારે એટલી ચિંતા ઓછી.'

'બુન, ઇ બધી મોટી વાતું તો તમારે તેજુરીવાળાવને, અમારે તો ચીંથરામાં આવું રતન હાચવવું જ ભારે પડી જાય. ક્યાંય કામે મેલીયે તોય દખ. રૂપ ભાળીને ક્યારે કોની નજર બગડે. ને વળી રે'વાનુંય ઉઘાડા નાળામાં. એમાં આ જુવાન થતી જતી રૂપાળી છોડીને કેમ હાચવવી? ભગવાને ઇને રૂપ તો જબ્બર આલ્યું, પણ ઇ પરમાણે જનમેય એવા જ ઘરમાં દેવો જોવેને? મારે તો ભારે દખ થઈ ગ્યું. છાતીમાં થડકો ગરી ગ્યો. કેમનું કરવું? પેટની જણીને ટુંપોય ના દેવાય. આમ ને આમ ચંત્યામાં દિ' ટૂંકા થાતાં તા એવામાં એક દિ' ઉપરવાળાને દયા આવી હશે તો હામું જોયું ને મારી ગુલબીને શીળા ધાયા, ને શીળાય તે એવા ભારે આકરમણના કે આખા ડિલ પર ક્યાંય તલ મૂકવાનોય મારગ ન મળે.'

મને લાગ્યું કે આ તો ગાડી આડે પાટે ચડતી જાય છે. આ બાઈ તો સુખની વાત કરવાના બહાને એના દુઃખની કરમકહાણી માંડીને બેઠી છે. ચોક્કસ એ બહાને રોઈ-ધોઈને પૈસા પડાવવાનો જ ઇરાદો. આ લોકોનું આ જ દખ. જરાક સહાનુભૂતિ બતાવીએ તો આવી જાય અસલી રંગમાં, પણ એમ આંગળી આપીએ ત્યાં પહોંચો પકડવા તો ન જ દેવાય. એટલે મેં જરા કડક અવાજે કહ્યું - 'વાત સુખની કરવા બેઠી છો, તો સુખની જ વાત કરવાની. બીજી આડી-અવળી વાત વચ્ચે નહીં નાખવાની. તારાં આ બધા રોદણાં અત્યારે મારે નથી સાંભળવાં.'

ભિખારણ કહે - 'બુન. હું મારા દખને રોવા તમારી પાહે નથી આવી. મારેય આજે મારા સુખની જ વાત કરવી છે. તમે ક્યો એવા જિંદગીભરના સુખની જ તો વાત કરું છું. ભગવાનની મે'રબાની થઈ તે મારી છોડીને માતા નીકળ્યા. મોઢે હેતકના ચાઠાં ને વાનેય થઈ ગ્યો કાળોમશ. એટલે હવે ઇ કોઈના ઘરે કામ કરવા જાય, ટેશણે જઈ ગાડીમાં પાણીના પાઉસ વેચે, કો'કવાર ગાડી હાલતી થઈ જાય તો ભચાઉ ઉતરી જઈને વળતી ગાડીમાં રાતના બાર વાગે પાસી આવે તોયે મારે ઇની જરા સરખીય ચંત્યા રઇ નઈ. હવે ઇના ચાઠાળા મોઢા હામું કોઈ નજરેય નો માંડે. આ ગુલબીને મોઢે ચાઠાં થઈ ગ્યા ઇ મારે મન મોટું સુખ, તમે ક્યો એવું-જિંદગીભરનું સુખ!'

હજી તો હું એને કંઈ કહેવા જાઉં-એના આ જિંદગીભરના સુખ માટે આશ્વાસન આપું એ પહેલાં જ ભિખારણ તો એના સુખની વાત કરીને એના રસ્તે ચાલી. હવે એ તો મને એના સુખની વાત લખવાનું કહે, પણ આવા સુખની તો વાર્તા કેવીક લખાય? મારે તો જાણે લચલચતા શીરામાં કોઈએ ઘીના બદલે કારેલાનો રસ રેડી દીધા જેવું થયું! મ

# ‘મમતા’ જાહેર ખબરના દર




# MAMATA

## Monthly Magazine of Gujarati Short Stories

# Advertising Tariff

| Size | Dimensions (in cms.) | 4-Colour (in Rs.) | B/W (in Rs.) |
|---|---|---|---|
| | Width x height | | |
| Full Page | 19.5 x 25.8 | 10,000 | 6,000 |
| Half Page (Horizontal) | 16.5 x 11 | 6,000 | 3,500 |
| Half Page (Vertical) | 8 x 21.8 | 6,000 | 3,500 |
| Column Ad. | 5.5 x 21.8 | - | 3,000 |
| Quarter Page | 8 x 10.5 | - | 2,000 |
| Strip Ad. | 16.5 x 5 | - | 2,000 |
| 2 Column x 5 Ad. | 11 x 5 | - | 1,500 |
| Single Column Ad. | 5.5 x 5 | - | 1,000 |
| Premium Positions | | | |
| Second Cover | 19.5 x 25.8 | 12,000 | - |
| Third Cover | 19.5 x 25.8 | 12,000 | - |
| Last Cover | 19.5 x 25.8 | 15,000 | - |

**Special Package Discount :** For 12 Issues - 30%
For 6 Issues - 25%
For 3 Issues - 20%

**For Advertising Enquiries**
**Contact: K. A. Vaidya, 084888 73909**

Retail Price Rs. 20/-
Annual Subscription Rs. 200/- (12 issues)
Vol. 1 No. 8, June 2012

GUJGUJ13769/06/1/2011-TC




**આ ચિત્ર ઉપરથી ૫૦૦ શબ્દોની છાયાછબીલી વાર્તા લખો ને એક વર્ષનું લવાજમ જીતો**

Edited, Published & Printed by the Owner A. V. Thakar from 977/2 Sec 7-C, Gandhinagar 382007, India
Printing Press Allied Offset Printer (Gujarat) Pvt Ltd, 14/2 Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad 380021, India

Please Return Undelivered Mail to 'Mamata' Administrative Office
c/o Readers Paradise, 6 Utsav Row House, Opp SAL Hospital, Thaltej, Ahmedabad 380052, India
Phone 079 4007 4342